દેવદાસ



પ્રકાશક જયશંકર મોડીદાસ દ્વિવેદી

દેવદાસ

(અપૂર્વ સામાજિક નવલકથા)

અનુવાદક

વ્રજલાલ જાદવજી ઠક્કર

પ્રકાશક

જયશંકર ભોળીદાસ દ્વિવેદી

બહાર બીલ્ડીંગ ચર્ચ સામે

મુંબઈ ૪

સંવત ૧૯૮૧] મૂલ્ય રૂ. ૧-૮-૦ [સન ૧૯૨૫

પ્રકાશક

જયશંકર ભોગીલાલ દ્વિવેદી

તંત્રી મોજ-મજાહ

ખટાઉ બીલ્ડીંગ-ચર્ચ સામે

મુંબાઈ ૪

મુદ્રક

જટાશંકર દેવશંકર

મોજ-મજાહ પ્રીન્ટીંગ પ્રેસ

ખટાવ બીલ્ડીંગ મુંબાઈ ૪

પ્રસ્તાવના.

બગ નવલકથાકાર સમ્રાટ્ **શ્રી શરચ્ચદ્ર ચટ્ટોપાધ્યાયનુ** નામ હવે ગુર્જર સાહિત્ય વિલાસીઓથી અપરિચિત રહ્યુ છે એમ તો ન જ કહી શકાય માનવજીવનનુ વાસ્તવ રૂપ અકિત કરવામાં, માનવના મનસ્તત્વનુ યથાર્થ વિશ્લેષણ કરવામા તથા પાત્રાલેખનના કાર્યમા **શ્રીમાન્ શરચ્ચદ્ર** આજકાલ અદ્વિતીય લેખાય છે **કવિવર રવિન્દ્રનાથની નવલકથાઓ** કરતા પણ એમની નવલકથાઓને ઉચ્ચ કોટિની લેખવામા આવે છે, એટલુ જ નહિ પરતુ તેમની વાર્તાઓ તથા નવલકથાઓના દેશી તેમજ વિદેશી ભાષાઓમા જે ભાષાતરો થયા છે, તેથી એ કથાકારની કીર્તિ દેશ વિદેશમાં પરિવ્યાપ્ત થઈ ચુકી છે

આ '**દેવદાસ**' નવલકથા ગુરુદાસ ચટ્ટોપાધ્યાય તરફથી કલકત્તામાથી પ્રસિદ્ધ થતા સુવિખ્યાત '**ભારતવર્ષ**' નામક માસિકપત્રમા લગભગ આઠ દશ વર્ષ પૂર્વે ક્રમશ છપાઈ હતી તથા એ વખતથીજ એ વાર્તાનુ ગુજરાતી ભાષાતર કરવા તરફ હુ આકર્ષાયો હતો પરતુ મ્હારી એ ઈચ્છા બીજા આવશ્યકીય કાર્યો સમક્ષ હુ અમલમા મૂકી શક્યો ન હતો છતા આજે એ ઇચ્છાને કાર્યના રૂપમા પરિણત થયેલી જોઈ મ્હને આનદ થાય એ સ્વાભાવિક છે મૂળ બગાળીમા એ નવલકથાની પુસ્તકાકારમા પણ ઘણી આવૃત્તિઓ થઈ ચુકી છે

આ ભાષાતરના કાર્યમાં મૂળ બગાળી ગ્રથકારને કેટલો ઈન્સાફ આપવામા આવ્યો છે એ વિચારવાનુ કાર્ય તો બગભાષાભિજ્ઞ અને ગુજરભાષાભિજ્ઞ સમાલોચકો તેમજ વિવેચકોનુ છે, છતા મ્હારે એટલુ કહેવુ જોઈએ કે, મૂળ લખાણના આશયને આપણી ભાષમા સમજાવવાનો બનતો પ્રયત્ન કરવામાં આવ્યો છે તથા મૂળ લખાણના કોઈ પણ ભાગને નિરૂપયોગી ધારી છોડી દેવામા આવ્યો નથી

	લિ
તા૰ ૧૪ એપ્રિલ ૧૯૨૫	સાહિત્ય સેવક
અમદાવાદ	નજલાલ જાદવજી ઠક્કર



પાર્વતીએ દેવદાસને એક નાનો હુક્કો હાથમાં લઈ ગંભીર ભાવથી ધૂમ્રપાન કરતો જોયો

(પૃષ્ઠ ૬)

દેવદાસ.

પ્રકરણ ૧ લુ

તોફાની નિશાળીઓ.

એક દિવસે વૈશાખ માસના દ્વિપ્રહરે પુષ્કળ ગરમી પડતી હતી એ વખતે ગામના જમીનદારનો પુત્ર દેવદાસ નિશાળમા જમીન ઉપર બેસી હાથમાં સ્લેટ લઇ, દૃષ્ટિ સ્થિર કરી પગ લાંબા કરી, નિશ્વાસ મૂકી ઘણો ચિંતાતુર બની ગયો આવા રમણીય સમયે મયદાનમા ફરી પતગ ઉડાવવાને બદલે નિશાળમા ગોંધાઇ રહેવુ તેને ગમતુ નહોતુ તેના ફળદ્રુપ ભેજામાં એક ઉપાય પણ સુઝી આવ્યો તે હાથમા સ્લેટ લઇ ઉભો થયો

નિશાળમા બપોરની રજા પડી હતી બાળકો વિવિધ મડળમા વહેચાઇ બુમરાણ કરતાં હતાં થોડે દૂર આવેલા એક વડના ઝાડ નીચે રમતાં હતાં દેવદાસે એક વખત એ તરફ જોયુ બપોરના ટીફીનની રજા તેને મળતી નહોતી કારણ ગોવિંદ માસ્તરને ઘણી વખત એવો અનુભવ થયો હતો કે, દેવદાસ એક વખત નિશાળની બ્હાર જતો એટલે તે દિવસે એ ફરી દેખાતો નહિ દેવદાસને ટીફીનની રજા આપવી નહિ એમ તેના પિતાએ પણ માસ્તરને કહ્યુ હતુ એ રજાના વખતમાં મુખ્ય વિદ્યાર્થી ભુલાની દેખરેખ નીચે દેવદાસને રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી

હમણા નિશાળરૂપી એ ઓરડાની અદર માસ્તર મહાશય દ્વિપ્રહરના આળસથી આંખો મીચી સુઇ ગયા હતા એક ખુણામા તેમનો માનીતો મુખ્ય શિષ્ય ભુલો ભાંગી ગયેલા હાથપગવાળી એક ન્હાની બેંચ ઉપર માસ્તર બનીને બેઠો હતો વચ્ચે વચ્ચે તિરસ્કાર યુક્ત દૃષ્ટિથી તે વડ નીચે રમતા બાળકો તરફ જોતો હતો તથા ક્વચિત્ દેવદાસ અને પાર્વતી તરફ આલસ્ય કટાક્ષ ફેંકતો હતો પાર્વતી લગભગ એક મહિનાથી માસ્તર મહાશયના આશ્રય તથા

દેખરેખ નીચે આવી હતી માસ્તરે સભાન્ત આ એક મહિનામાં તેનુ મન રંજન કર્યું હતુ તેથીજ તે ઘણા ધ્યાનથી પુષ્કળ ચીરજસહિત પ્રતિકૃતિ ચોપડીના છેલ્લા પૃષ્ઠ ઉપર પેન્સિલ ચીતરતી હતી ઘણા યત્નથી તયાર થતુ ચિત્ર આદર્શની સાથે કેટલા અંગે મળતુ આવે છે એ તે ચતુર ચિત્રકારની માફક વિવિધ રીતે જોતી હતી જો કે એમા વિશેષ મળતાપણુ નહોતુ છતા એટલાથી પાર્વતી પૂરતો આનન્દ અને આત્મપ્રસાદ અનુભવતી હતી

આ વખતે દેવદાસ હાથમા સ્લેટ લઈ ઉભો ઉભો થયો તથા ભુના તરફ જોઈ તેણે કહ્યુ —“ હિસાબ આવડતો નથી ”

ભુલાએ શાન્ત તેમજ ગભીર મુખે કહ્યુ — “ કયો હિસાબ ?”

“ મણનો ”

“ સ્લેટ જોઉ જોઈએ— ’

દેવદાસ નજીક જઈ તેના હાથમા સ્લેટ આપી ઉભા રહ્યા ભુના મ્હોટેથી બોલી લખવા લાગ્યો કે, “ એક મણ તેલની કિમ્મત જો ચોદ રુપિયા નવ આના હોય તો—’

બરાબર આ વખતે એક બનાવ બન્યો પેલી ભાંગેલી હાથપગ-વગી ન્હાની બેચ ઉપર ભુલા તેના પન્ને છાત્ર એનુ આસન પસન્દ કરી આજકાલ કરતા ત્રણ વર્ષથી હમ્મેશા તેના ઉપર બેસતા હતો એ બેચની પાછળ ચુનાનો એક ઢગલો હતો માસ્તર મહાશયે અમુક એક યુગમા સસ્તી કિમ્મતે એ ચુનો ખરીદ કરી નાખ્યો હતો અનુકૂળ સમય આવતા નિશાળના જીર્ણ મકાનનો એ ચુનાથી સસ્કાર કરાવવાનો તેમનો વિચાર હતો એ અનુકૂળ દિના શુભ પ્રસગ ક્યારે આવશે એ કોઈ જાણતુ નહતુ, છતા એ અદદ ચુના ન રહે તેમનુ પુષ્કળ ધ્યાન રહેતુ હતુ કોઈ પણ વિદ્યાર્થી એ ચુનાના કણમાત્રનો નાશ ન કરે એ માટે ખાસ સભાળ રાખવાને કાજ તેમણે પોતાના પ્રિયપાત્ર તથા બીજાઓ કરતા સહજ મ્હોટી ઉમરના નિષ્ઠ ભુલાને નાખ્યુ હતુ અને તેથીજ મન ઉપર વહુગીર તરીકે બની તે એ અમદય સંપત્તિનુ રક્ષણ કરતો હતો

• ભુલો લખતો હતો કે, "એક મણ તેલની કિમ્મત જો ચોદ રૂપિયા નવ આના હોય તો,—બાપરે-મરી ગયો રે-" ત્યાર પછી બૂમાબૂમ ચાલુ થઇ પાર્વતી ભયંકર ઉચ્ચ કંઠે હસીને હાથ તાળી વગાડવા લાગી હમણાંજ નેત્રમાંથી ઉઠેલા ગોવિંદ માસ્તર લાલચોળ આંખો કરી ઉભા થયા વડ નીચે રમતા છોકરાઓને બૂમો પાડી દોડી જતા તેમણે જોયા ભાગેલી બેંચ ઉપર નાચતા બે પગ તરફ તેમની નજર ખેંચાઇ એ વખતે ચુનાની અંદર આગ્નેયગિરિનો અગ્ન્યુત્પાત થતો હતો ઉચ્ચ કંઠે તેઓ બોલી ઉઠ્યા, શું થયું ?!'

ત્યાં એકલી પાર્વતી હાજર હતી હજી પણ તે જમીન ઉપર આળોટી હાથતાળી વગાડતી હતી માસ્તરે જોરે ભગાડી પૂછ્યું-"શું થયું છે ?!'

પછી શ્વેત મૂર્તિ ભુનો મહા મુસિબતે ચુનામાંથી બહાર નીકળી ખેડો થયો માસ્તર મ્હોટેથી બોલી ઉઠ્યા -"ભુલા! તું ચુનામાં ક્યાંથી ?"

"એ—ઍ—એ—'

"હજી રડે છે!—

"દવો સાથે—એ—ઍ—એ—'

ક્ષણ કાળમાંજ બધું સમજી જઇ માસ્તરે પૂછ્યું —"દેવો ધક્કો મારી નાસી ગયો કે કેમ ?"

ભુલો પોકે રડવા લાગ્યો, 'એ—ઍ—એ—"

ત્યાર પછી થોડા સમય સુધી ભુલાના શરીર ઉપરનો ચુનો ખંખેરવાનું કામ ચાલ્યું, પરંતુ સફેદ અને કાળા રંગના મિશ્રણથી ભુલો કાંઇક અંશે ભૂત જેવો દેખાવા લાગ્યો તથા તેનું રૂદન શાન્ત થયું નહિ

માસ્તરે કહ્યું !—"દેવો ધક્કો મારી નાસી ગયો કેમ ?"

ભુલાએ કહ્યું —"હા—એ—ઍ—એ "

માસ્તર બોલ્યો —"હું એને બરાબર શિક્ષા કરીશ છોકરાઓ ક્યાં ગયા ?"

પછી વિદ્યાર્થીઓએ લાલચોળ મુખે હાંફતા હાંફતા આવીને

કહ્યુ કે, "દેવદાસને અમે પકડી શકયા નહિ એ ઘણી ઝડપથી દોડી ગયો !"

નિષ્ફળ ક્રોધને વશ થઇ માસ્તરે પ્રથમ તો પાર્વતીને ઘણી ધમકાવી પછી તેમણે ભુલાનો હાથ પકડી કહ્યુ —"મ્હારી સાથે ચાલ આપણે જમીનદાર પાસે જઇએ"

એ વખતે ત્રણ વાગવા આવ્યા હતા જમીનદાર નારાયણ મુખોપાધ્યાય બ્હાર બેસી હુકકો પીતા હતા એક નોકર હાથમાં પખો લઈ વાયુ ઢોળતો હતો શિષ્ય સહિત માસ્તરને આવા કવખતે આવેલા જોઇ વિસ્મિત થઇ તેમણે પૂછ્યુ —"કેમ આવવુ પડ્યુ ?!"

ગોવિંદ માસ્તર જાતે કાયસ્થ હતા તેમણે પ્રણામ કરી, ભુલાને બતાવી બનેલી વાત કહી સભળાવી જમીનદાર વિરકત થયા તેમણે કહ્યુ —"દેવદાસ ઘણો સ્વચ્છંદી થઇ ગયો હોય એમ લાગે છે"

"મ્હારે શુ કરવુ તે આપ કહો"

જમીનદારે હુકકાનો ત્યાગ કરી કહ્યુ —"એ ગયો કયાં ?"

"એ હુ શુ જાણુ ? જેઓ એને પકડવા ગયા હતા તેમને તેણે પથરા મારી પાછા હાંકી કાઢ્યા છે"

"ઠીક છે, એ ઘેર આવશે એટલે હું જે કરવુ હશે તે કરીશ"

ગોવિંદ માસ્તર શિષ્યનો હાથ પકડી પાછા નિશાળે ચાલ્યા ગયા ત્યાં જઈ તેમણે એવી પ્રતિજ્ઞા કરી કે, દેવદાસના પિતા એ પ્રદેશના જમીનદાર હોવા છતા દેવદાસને હવે નિશાળમાં દાખલ કરવામાં આવશે નહિ તે દિવસે વિદ્યાર્થીઓને સહજ વહેલી રજા મળી જતી વખતે રસ્તામાં વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારની વાતચિત કરવા લાગ્યા

એક જણે કહ્યુ —"ઉ ! દેવદાસ દિવસે દિવસે બદમાસ થતો જાય છે"

બીજાએ કહ્યુ —"તેણે ભુલાને બરાબર સીધો કર્યો છે"

ત્રીજો એક વિદ્યાર્થી બોલી ઉઠયો —"પરતુ યાદ રાખજો કે, ભુયો બદલો લીધા સિવાય રહેશે નહિ"

"હવે દેવદાસ નિશાળે આવવાનો નથી એટલે ભુલો કેવી બદલો લેગે"

એ વિદ્યાર્થી મંડળની એક બાજુએ પાર્વતી ચોપડી તથા સ્લેટ લઈ ઘર તરફ આગળ વધતી હતી પાસેથી જતા એક વિદ્યાર્થીનો હાથ પકડી તેણે કહ્યુ —"ભાઈ રસિક! દેવદાસ ભાઇને હવે નિશાળમાં દાખલ નહિ થવા દે કે?"

રસિકે કહ્યુ —"ના કોઈ પણ રીતે નહિ"

પાર્વતી દૂર ખસી ગઈ—એ ઉત્તર તેને ગમ્યો ન હોતો પાર્વતીના પિતાનુ નામ નીલકંઠ ચક્રવર્ત્તી હતુ નીલકંઠ જમીનદારનો પાડોશી હતો અર્થાત્ જમીનદારના આલિશાન મકાન પાસ તેનુ એક ન્હાનુ તેમજ જુનુ મકાન હતુ તેના કબજામાં આઠ દશ વીઘાં જમીન હતી થોડા યજમાનના ઘર પણ હતાં, જમીનદાર તરફથી પણ પ્રસંગાનુસાર થોડી ઘણી મદદ મળતી હતી ટૂંકામાં એટલુજ કે તેના દિવસો સુખમાં પસાર થતા હતા તેના કુટુંબમાં કોઇ પણ પ્રકારનુ કષ્ટ ન હોતુ

પ્રથમ ધર્મદાસ સાથે પાર્વતીની મુલાકાત થઇ ધર્મદાસ દેવદાસના ઘરનો નોકર હતો દેવદાસની એક વર્ષની ઉમ્મરથી આજકાલ કરતાં બાર વર્ષની ઉમ્મર સુધી તેણે તેની સંભાળ રાખી હતી હમ્મેશા તે યથા સમયે દેવદાસને નિશાળે મૂકી આવતો હતો તથા સ્હાંજે નિશાળ બંધ થતા તે તેને ઘેર લઈ આવતો હતો આ કાર્ય તેણે યથા નિયમ હમ્મેશા કર્યુ હતુ, તથા આજે એટલા માટેજ તે નિશાળ તરફ જતો હતો પાર્વતીને જોઈ તેણે પૂછ્યુ —"વારૂ, ત્હારા દેવભાઈ ક્યાં છે?"

"નાસી ગયા છે—"

ધર્મદાસે ભયંકર આશ્ચર્ય પામી કહ્યુ —"તુ શુ કહે છે?"

આ વખતે ભુલાની દુર્દશા યાદ કરીને પાર્વતીએ પુન હસવા માંડ્યુ હસતા હસતા તેણે કહ્યુ —"દેવભાઈ-હી હી હી—ભુલાને ચુનાના ઢગલામા—હી હી હી"

ધર્મદાસે સઘળુ સમજવામાં નહિ આવવા છતાં પાર્વતીને

હસતી જોઇ થોડું હસી લીધું પછી હાસ્યનું સંવરણ કરી તેણે કહ્યું —'વારૂ, કહે જોઈએ કે શું થયું છે?'

પાર્વતીએ પણ હવે હાસ્ય રોકી કહ્યું —"ભુવાને ચુનાના ઢગલામાં પછાડી તેઓ નાસી ગયા છે"

ચિંતાતુર બની ધર્મદાસે પૂછ્યું —"કયાં નાસી ગયા છે તે તું જાણે છે?'

"હું શું જાણું!"

"તું જાણે છે—મ્હને મ્હેં તેમને કકડીને ભૂખ લાગી હશે

"એ ખરૂં છે, પણ હું કહેવાની નથી"

"કારણ?"

"જો હું કેકાણું બતાવી દઉં તો તેઓ મ્હને મારે હું એમને ખાવાનું આપી આવીશ'

ધર્મદાસ સહજ સંતુષ્ટ થયો તેણે કહ્યું —" ભલે આપી આવજે, અને સંધ્યાકાળ પહેલાં મનાવી પટાવીને ઘેર તેડી લાવજે"

'તેડી લાવીશ."

ઘેર આવતાં પાર્વતી જાણી શકી કે, તેની માતા તથા દેવદાસની માતાએ સઘળી હકીકત સાંભળી હતી પાર્વતીને એ વાત પુછવામાં આવી પ્રથમ હસી પછી ગંભીર થઈ બની શકે એટલી હકીકત તેણે કહી પછી ઓઢણીના છેડા સાથે થોડા પુવા બાંધી જમીનદારના એક આંબાવાડીઆમાં તેણે પ્રવેશ કર્યો એ આંબાવાડીઉં નજીકજ આવેલું હતું એ આંબાવાડીઆના એક ખુણામાં એક વાંસનું ઝાડ હતું છુપાઇને ધુમ્રપાન કરવા માટે દેવદાસે એ વાંસના ઝાડની અંદરની થોડી જગ્યા સાફ કરી રાખી હતી, એ પાર્વતી જાણતી હતી દેવદાસ નાસી જતો ત્યારે તે એ સ્થળેજ છુપાઈ રહેતો હતો અંદર પ્રવેશ કરતાં પાર્વતીએ દેવદાસને એક ન્હાનો હુક્કો હાથમાં લઇ ગંભીર ભાવથી ધુમ્રપાન કરતો જોયો તેના મુખ ઉપરની ગંભીરતામાં ચિંતાનો સમાવેશ થયેલો હતો પાર્વતીને જોઈ તે ઘણો ખુશી થયો, પરંતુ બ્હારથી તેણે પ્રસન્નભાવ દર્શાવ્યો નહિ ધુમ્રપાન કરતાં કરતાં ગંભીર ભાવથી તેણે કહ્યું -"આવ'

પાર્વતી તેની પાસે જઈને બેઠી નહિ પણ પૂછ્યા સિવાય તે પુવા છોડીને ખાવા લાગ્યો ખાતાં તેણે કહ્યું — " પારૂ ! માસ્તર મહાશય શું બોલ્યા ?

' તેમણે કાકા મહાશયને બધી વાત કહી દીધી છે '

દેવદાસ હુક્કો ગાલમાં ભરી આંખો કાઢી કહ્યું —' બાપાને બધી વાત કહી દીધી છે ? "

" હા '

" પછી ? "

' હવે તમોને નિશાળમાં નહિ આવવા દે

" ભણવાની મ્હારી મરજી પણ નથી '

ખોરાકની સામગ્રી પુરી થઈ દેવદાસે પાર્વતીના મ્હો તરફ જોઈ કહ્યું —"સંદેશ લાવ "

" સંદેશ તો હું લાવી નથી "

' ત્યારે પાણી લાવ "

' પાણી ક્યાંથી લાવું ? '

વિરક્ત બની દેવદાસે કહ્યું —' જ્યારે કાંઈ નથી લાવી ત્યારે પછી અહીં આવી શા માટે ? જા, પાણી લઈ આવ

દેવદાસના ક્રોધ સ્વર પાર્વતીને ગમ્યો નહિ તેણે કહ્યું —' હું પાછી જઈ આવી શકું તેમ નથી ચાલો, તમે ખાઈપીને આવજો "

હમણાં હું ન આવી શકું તેમ છું ?

"ત્યારે શું અહીંજ રહેશો !'

" અહીં રહીશ, પછીથી ચાલ્યો જઈશ—

પાર્વતીનો ભાવ બદલાઈ ગયો દેવદાસના વૈરાગ્ય જોઈ તથા તેની વાત સાંભળી તેના નેત્રમાં આંસુ ભરાઈ આવ્યા તેણે કહ્યું —" દેવભાઈ ! હું પણ આવીશ '

" ક્યાં ? મ્હારી સાથે ? તું જા એમ તે બને કે ? '

પાર્વતીએ મસ્તક હલાવી કહ્યું —' હું આવીશજ—'

" ના ત્હારે આવવાનું નથી પ્રથમ તું પાણી લઈ આવ '

' હું પાણી લેવા જાઉં તો તમે નાસી જાઓ

' નહિ નાસી જાઉં "

પણ પાર્વતીએ વાત સાચી માની શકી નહિ તે બેસીજ

રહી દેવદાસે ફરીથી આજ્ઞા કરી –' જા કહુ છુ—"

"હુ જઇ શકીશ નહિ"

ગુસ્સે ભરાઈ દેવદાસે પાર્વતીની મુકતવેણી ખેચી કહ્યુ "જા કહુ છુ–"

પાર્વતી ચુપ રહી પછી તેને પીઠ ઉપર એક મુક્કી વાગી "તુ નહિ જાય કે ?"

પાર્વતી રડી પડી –"હુ કોઇ પણ રીતે નહિ જાઉ

દેવદાસ એક બાજુએ ચાલ્યો પાર્વતી રડતી રડતી દેવદાસના પિતા પાસે પહોચી ગઇ જમીનદારનો પાવતી ઉપર ઘણો સ્નેહ હતો તેમણે પૂછ્યુ –" પારુ, રડે છે કેમ ?'

"દેવભાઇએ મ્હને મારી છે"

"એ છે કયા ?"

' આંબાવાડીઆની અદર વાસના ઝાડ નીચે બેઠા હુક્કો પીએ છે"

માસ્તર ફરિયાદ કરી ગયા ત્યારથી જમીનદાર ખીજવાયા હતા આ સામાચાર જાણવામાં આવતા તેઓ અગ્નિમૂર્તિ બની ગયા તેમણે કહ્યુ –" દેવો તમાકુ પીએ છે કે ?"

"હા, એ રોજ હુક્કો પીએ છે વાંસના ઝાડમા હુક્કો સતાડી રાખ્યો છે"

" આટલા દિવસ સુધી ત્હે એ વાત મ્હને કેમ કહી નહિ ?"

"દેવભાઇ મારે એ બ્હીકને લીધે"

આ ઉત્તર ખરો ન હોતો એ વાત ખુલ્લી કરવાથી દેવદાસને માર પડશે જાણી તણે તે છુપાવી રાખી હતી આજે ગુસ્સાના આવેશમાંજ એ વાત તેણે કહી દીધી હતી હમણા એની ઉમ્મર ફક્ત આઠ વર્ષની હતી–હમણા એના ગુસ્સાનુ પ્રમાણુ વિશેષ હતુ, આમ છતા તેનામા વિચાર શકિત પણ કાંઈ ઓછી ન હોતી ઘેર જઈ બિછાનામા સુઇ રહી ઘણા સમય સુધી રડયા પછી તે ઉંઘી ગઇ,—એ રાત્રે તેણે કાઇ ખાધુ નહિ

પ્રકરણ ૨ જું

—:•—

શૈશવ સહચરી

બીજે દિવસે દેવદાસને બરાબર શિક્ષા કરવામા આવી તેને થોડો માર પણ પડયો આખો દિવસ તેને ઘરની અંદર એક ઓરડામા પુરી રાખવામા આવ્યો પછી તેની માતાએ જ્યારે વણુ કલ્પાત કરવા માડયુ ત્યારે દેવદાસને છૂટો કરવામા આવ્યો બીજે દિવસે રહવાર થતા પહેલાજ નાસી જઈ તે પાર્વતીના ઘરની બારી આગળ જઈ ઊભો રહ્યો તેણે હાક મારી—"પારુ!" ઉત્તર નહિ મળવાથી ફરી હાક મારી, "પારુ!"

પાર્વતીએ બારી ઉઘાડી કહ્યુ—"દેવભાઈ!"

દેવદાસે સંકેત કરી કહ્યુ—"જલ્દી આવ"

બન્ને એકઠા થયા એટલે દેવદાસ બોલ્યો—"હુક્કો પીવાની વાત ત્હે શા માટે કહી દીધી?"

"તમે મ્હને મારી કેમ?"

"તુ પાણી કેમ ન લઈ આવી?"

પાર્વતી ચુપ રહી દેવદાસે કહ્યુ—"ત્હારામા બિલ્કુલ અક્કલ નથી, હવે કોઈ વાત કહી દેતી નહિ!"

"ઠીક"

"ત્યારે ચાલ છિપ (માછલા પકડવાની સોટી) કાપી લાવીએ આજે માછલા પકડવા જવુ છે"

વાસના ઝાડ પાસે એક બીજુ વૃક્ષ હતુ દેવદાસ જોત જોતામા એ ઝાડ ઉપર ચઢી ગયો મહાકષ્ટે એક વાસની ડાળને નમાવી ને તેણે પાર્વતીના હાથમા પકડી રખાવી કહ્યુ—"જોજે, છોડી દઈશ નહિ-તુ છોડી દઈશ તો હુ પડી જઈશ"

પાર્વતી પોતાનુ સઘળુ બળ એકઠુ કરી પકડી રહી દેવદાસ એક ડાળ ઉપર પગ રાખી છિપ કાપવા લાગ્યો પાર્વતીએ નીચેથી કહ્યુ—"દેવભાઈ! નિશાળે આવવુ નથી?"

"ના"

"કાકા મહાશય તમને મોકલી દેશે"

"બાપાએ પોતેજ કહ્યું છે કે, હવે મ્હારે નિશાળે જવાનું નથી માસ્તર ઘેર આવશે !"

પાર્વતી સહજ દિલગીર થઈ તેણે કહ્યું–"ગરમીને લીધે ગઈ કાલથી સ્હવારની નિશાળ થઇ છે, હુ હમણાંજ જઇશ"

દેવદાસે ઉપરથી આંખો લાલચોળ કરી કહ્યું–"ત્હારે જવાનું નથી"

આ વખતે પાર્વતીનું ચિત્ત સહજ અસ્થિર બની ગયું તથા વાસની ડાળ તેના હાથમાંથી છૂટી ઉંચી ચઢી ગઈ ન સાથે દેવદાસ ધબ્બ કરતો નીચે ગબડી પડયો બહુ ઉંચાઈ નહિ હોવાથી તેને વિશેષ વાગ્યું નહિ, પરંતુ શરીર ઉપર ઘણે સ્થળે ઉઝરડા ભરાયા નીચે પડી ક્રોધે ભરાયલા દેવદાસે એક સુકી સોટી લઇ પાર્વતીની પીઠ ઉપર, ગાલ ઉપર તથા મરજી આવે ત્યાં ફટાફટ વા લગાવ્યા અને કહ્યું–"જા, દૂર ચાલી જા"

પહેલાં તો પાર્વતી પોતેજ લજ્જિત બની ગઈ હતી પરંતુ જ્યારે ઉપરા ઉપરી સોટીઓ વાગવા લાગી ત્યારે ક્રોધ અને અભિમાનથી બન્ને આંખો ગુસ્સાથી લાલચોળ કરી રડતાં રડતાં તેણે કહ્યું–"હમણાંજ હું કાકા મહાશય પાસે જાઉં છું–"

ક્રોધના આવેશમાં બીજો એક વા લગાવી દેવદાસે કહ્યું–"જા, હમણાંજ કહી દે"

પાર્વતી ચાલી ગઈ તે જ્યારે વાંણે દૂર ગઈ ત્યારે દેવદાસે હાક મારી, "પારુ !"

પાર્વતીએ સાંભળ્યું ન સાંભળ્યું કર્યું–તે વિશેષ ઝડપથી ચાલવા લાગી દેવદાસે ફરીથી કહ્યું–"પારુ ! મ્હારી વાત સાંભળી જા"

પાર્વતીએ ઉત્તર આપ્યો નહિ દેવદાસે કેટલીક હાકો મારી પછી કંટાળી જઈ પોતાના મન સાથે કહ્યું–"જવા દે–મરવા દે !"

પાર્વતી ગઈ દેવદાસનું મન બગડી ગયું હતું રડતી રડતી પાર્વતી ઘેર ગઇ, તેના ગાલ ઉપર વાગેલા સોટીના ઘાએ આસમાની રંગ ધારણ કરેલો હોઈ એ રંગવાળી જગ્યા ફુલી ગઈ હતી પ્રથમ પાર્વતી તેની દાદીની નજરે પડી તે બેબ્હાવળી બની બોલી ઉઠી–"ઑય મા, પારુ ! તને આટલું બધું કોણે માર્યું ?"

૧૨૨૦૬ —

આંખો લુછતા લુછતા પાર્વતીએ કહ્યુ –" માસ્તર મહાશયે '

દાદીએ પાર્વતીને કેડે લઈ ભયાનક ક્રોધે ભરાઇ કહ્યુ–" ચાલ આપણે જમીનદાર પાસે જઇ ફરિયાદ કરીએ એ માસ્તર એના મનમા સમજે છે શુ ! કસાઈની માફક આવો માર મરાતો હશે !"

પાર્વતીએ દાદીના કંઠમા વળગી પડી કહ્યુ –" ચાલો "

જમીનદાર પાસે જઇ પાર્વતીની દાદીએ માસ્તર મહાશયના સઘળા પૂર્વજોનો ઉલ્લેખ કરી તેમના પારલૌકિક અશુભની ઇચ્છા દર્શાવી અને માસ્તરના ઉપર ઘણી ગાળોનો વરસાદ વરસાવી તેણે કહ્યુ – "ભાઈ ! જોઇ કે એ માસ્તરની નિષ્ઠુરતા ! શૂદ્ર થઇ તેણે બ્રાહ્મણની કન્યા ઉપર કેવી હિમ્મતથી હાથ ઉઠાવ્યો ! છોકરીને કેટલી બધી મારી છે એ જુઓ !"

જમીનદારે પૂછ્યુ –" પારુ ! તને કોણે મારી ?"

પાર્વતી ચુપ રહી આ વખતે તેની દાદી પાછી મ્હોટે અવાજે બોલી ઉઠી –" બીજુ કોણ મારે ! એ ગમાર માસ્તરે એને મારી છે ! "

" શા માટે મારી ? "

પાર્વતીએ આ વખતે પણ કાઇ ઉત્તર આપ્યો નહિ જમીનદારે વિચાર્યુ કે, પારુએ કાઈ ગુન્હો કર્યો હશે તેથી તેને મારી હશે ! પરતુ આવી રીતે સખ્ત માર મારવામા આવે એ તેમને ઉચિત લાગ્યુ નહિ સ્પષ્ટ શબ્દોમા તેમણે એ વાત કહી આ વખતે પાર્વતીએ પોતાનો બરડો બતાવી કહ્યુ –" અહી મારી છે "

બરડા ઉપરના દાગ વિશેષ સ્પષ્ટ હતા જમીનદાર અને પાર્વતીની દાદીના ક્રોધનો પાર રહ્યો નહિ માસ્તરને બોલાવી ખુલાસો પૂછવામા આવશે એમ જમીનદારે કહ્યુ તે સાથે એવો પણ નિર્ણય થયો કે આવા માસ્તર પાસે બાળકોને ભણવા મોકલવા ઉચિત નથી

એ નિર્ણય સાભળી પુષ્કળ પ્રસન્ન થઈ પાર્વતી દાદીની કેડે ચઢી ઘેર ગઇ ઘેર ગયા પછી પાર્વતીની માતા પુત્રીને પ્રશ્નો પૂછવા લાગી તેણે પુછ્યુ –' શા માટે મારી તે કહે "

પાર્વતીએ કહ્યુ –" વગર વાકે મારી છે "

માતાએ પુત્રીના કાનને બરાબર આમળી કહ્યુ –" વિનાવાક કોઇ મારે ખરુ કે ?"

આ વખતે દાદી ચૉકમાથી જતી હતી તેણે પુત્રવધૂ પાસે ઉપસ્થિત થઇ કહ્યુ –" વહુ ! મા થઇને તુ વગર વાકે પુત્રીને મારી શકે છે તો પછી એ માસ્તર કેમ ન મારી શકે ? !"

'દીકરી કેવી ડાહી છે એ હુ જાણુ છુ '

" ગમે તેમ હોય હવે હુ એને નિશાળે મોકલવાની નથી ! "

" ત્યારે શુ એને અભણ રાખવી છે ? ! '

" બહુ ભણાવીને શુ કરવુ છે ? સાધારણ કાગળ પત્ર લખી શકે એટલે બસ છે ત્હારી પાસને ક્યા વકીલાત કરવા જવુ છે ! '

તે દિવસે દેવદાસે બ્હીતા બ્હીતા ઘરમા પ્રવેશ કર્યો પાર્વતી એ અત્યાર સુધીમા સઘળી હકીકત કહી દીધી હશે એ માટે તેને બિલ્કુલ સદેહ નહોતો ! પરતુ ઘેર ગયા પછી જ્યારે એ સબધીનો સહજ પણ આભાસ દેખાયો નહિ, તથા ઉલટુ તેણે જ્યારે માતાને મુખે એમ સાભળ્યુ કે, આજે ગોવિદ માસ્તરે પાર્વતીને પુષ્કળ માર્યા છે તેથી તે નિશાળે જવાની નથી, ત્યારે તેના આનદનો પાર રહ્યો નહિ આનદની વિશેષતાથી તે બરાબર આહાર પણ કરી શક્યો નહિ મનની ઉતાવળે પાર્વતી પાસે દોડી જઈ હાફતા હાફતા તેણે કહ્યુ – " તુ હવે નિશાળે નહિ જાય કે ? "

" ના "

" એમ કેવી રીતે બન્યુ ? "

"મ્હે કહ્યુ કે, માસ્તર મહાશયે મ્હને મારી છે "

દેવદાસે હાસ્ય કરી પાર્વતીની પીઠ થાબડીને એવો મત દર્શાવ્યો કે, તેના જેવી બુદ્ધિમતિ બાળકા પૃથ્વીમા બીજી કોઈ નથી ત્યારપછી પાર્વતીના ગાલ ઉપરના આસમાની સાવ જોઈ નિશ્વાસ મૂકી તેણે કહ્યુ –" ઓહ ! તને બહુ વાગ્યુ છે કે પારુ ? "

પાર્વતીએ મસ્તક હલાવી કહ્યુ –" હા "

" ત્યારે તુ એમ શા માટે કરે છે ? તેથી ગુસ્સો ઉપજે છે એટલે હુ મારુ છુ "

પાર્વતીના નેત્રોમા જળ ભરાઈ આવ્યુ પોતે શુ કરે છે એ પુછવાની તેને ઇચ્છા થઇ આવી, પરતુ પુછી શકી નહિ.

દેવદાસે તેના માથા ઉપર હાથ રાખી કહ્યુ –" હવેથી એમ કરીશ નહિ, સમજી ?"

"સારુ"

દેવદાસે ફરીથી તેની પીઠ થાબડી કહ્યુ –" ઠીક છે, હવે હુ તને કદાપિ મારીશ નહિ "

પ્રકરણ ૩ જુ

— o —

દાનપ્રિયતા

દિવસો વીતી જતા હતા દેવદાસ અને પાર્વતીના આમોદનો પાર નહોતો આખા દિવસ ટાઢતડકામા તેઓ ફર્યા કરતા હતા સન્ધ્યાકાળે ઘેર પાછા ફરી તેઓ માર ખાઈ લેતા હતા અને પાછા સવાર થતા ગુપચુપ પલાયન કરી જતા હતા તેમજ રમતગમત કરતા હતા તેમનુ બીજુ કોઈ સગીસાથી નહોતુ–એવાની જરૂર પણ પડતી નહોતી આખા ફળીઆમા અત્યાચાર અને ઉપદ્રવ કરવા તેઓ બે ફરતા હતા એક દિવસે સૂર્યોદય થયા પછી તરતજ બન્ને જણા નદીના બાંધ પાસે ગયા હતા મધ્યાન્હકાળ વીતી ગયા પછી, પચ્ચીસ ન્હાના મ્હોટા મત્સ્ય પકડી યોગ્યતાનુસાર તેનો ભાગ વહેચી લઈને ચોળ મ્હો લઈ બન્ને જણા ઘેર ગયા પાર્વતીની માતાએ પુત્રીને યથારીતિ પ્રહાર કરી એક ઓરડામા પૂરી રાખી દેવદાસનુ શુ થયુ એ અમે જાણતા નથી, કેમ કે એવી વાત તે કોઈ પણ રીતે પ્રકાશિત કરતો નહોતો આમ છતા પાર્વતી જ્યારે ઓરડામા પૂરાઈ રહી પુષ્કળ રડતી હતી ત્યારે—લગભગ બે અઢી વાગ્યે દેવદાસે બારીની નીચે આવી અતિ મૃદુ સ્વરે હાક મારી હતી કે, " પારુ ! ઓ પારુ ! " પાર્વતીએ એ હાક સાભળી હોય એમ લાગતુ હતુ, પરતુ રીસે ભરાઇ તેણે ઉત્તર આપ્યો નહોતો ત્યાર પછી આખા દિવસ તેણે નજીક આવેલા એક ચપાના ઝાડ ઉપર બેસી પસાર કર્યો હતો તથા સન્ધ્યાકાળ પછી મહા મહેનતે ધર્મદાસ તેને નીચે ઉતારી ઘેર તેડી લાવ્યો હતો

પરતુ બીજે દિવસે તો પાર્વતી પ્રભાતકાળથી જ દેવદાસની રાહ

જોઇ બેસી રહી હતી, છતા દેવદાસ આવ્યો નહિ તે પિતાની સાથે નજીક આવેલા ગામમા જમવા ગયો હતો દેવદાસ ન જ આવ્યો એટલે ઉતરી ગયેલા મુખે પાર્વતી એકલી ઘરની બ્હાર નીકળી પડી ગઈ કાલે બાધના પાણીમા ઉતરતી વખતે દેવદાસે પોતાની પાસેના ત્રણ રૂપિયા પાર્વતીને સાચવી રાખવા આપ્યા હતા પાર્વતીએ પોતાની ઓઢણીના છેડા સાથે એ રૂપિયા બાધી રાખ્યા હતા પાર્વતીએ આમતેમ ફરવામા ઘણો વખત પસાર કરી દીધો, પરતુ તેને કોઈ બોબતી મળ્યુ નહિ, કેમકે એ દિવસોમા નિશાળ સ્હવારે ભરાતી હતી પાર્વતી મનોરમા નામની એક બાળિકા જે ફળીઆમા રહેતી હતી તે ફળીઆમા ગઈ મનોરમા ઉમ્મરે પાર્વતીથી થોડી મ્હોટી હોત તે નિશાળે ભણતી હતી પારની તે બ્હેનપણી હતી ઘણા દિવસથી બન્ને બ્હેનપણીઓની મુલાકાત થઇ નહોતી આજે વખત મળતા પાર્વતીએ મનોરમાને ઘેર જઈ પૂછ્યુ –" મનુ ઘરમા છે કે ?"

મનોરમાની ફોઈ બ્હાર આવી તેણે પુછ્યુ –" કોણ પારુ ?"

" હા ફોઇબા, મનુ ક્યા છે ?"

" એ તો નિશાળે ગઈ છે–તુ નથી ગઇ ?"

" હુ નિશાળે નથી જતી દેવભાઇ પણ નથી જતા "

મનોરમાની ફોઇએ હસીને કહ્યુ –"ત્યારે તો સારૂ તુ જતી નથી અને દેવભાઈ પણ નથી જતા ?"

" ના, અમે બન્ને નથી જતા "

" ઠીક મનુ તો નિશાળે ગઇ છે "

ફોઈએ પાર્વતીને બેસવા કહ્યુ, પરતુ પાર્વતી પાછી જતી રહી રસ્તામા રસિકલાલની દુકાન પાસેથી ત્રણ વૈષ્ણવી રસકલિ પહેરી હાથમા ખજની લઇ ભિક્ષા માગવા જતી હતી પાર્વતીએ તેમને બોલાવી પુછ્યુ –" તમને ગાના આવડે છે કે ?"

એક વૈષ્ણવીએ પાછુ જોઈ ઉત્તર આપ્યો –" હા બ્હેન, આવડે છે "

" ત્યારે તમે ગાઓ "

ત્રણે જણી પાછી ફરી ઉભી રહી તેઓમાની એકે કહ્યુ– " અમને ભિક્ષા આપવાના પૈસા છે ? ચાલો, અમે તમારે ઘેર આવી ગાઇએ "

"ના, અહીં જ ગાઓ "

"પૈસા આપવા પડશે, બ્હેન ! "

પાર્વતીએ ઓઢણીને છેડે બાંધેલા રૂપિયા દેખાડી કહ્યુ, "પૈસા નથી, પણ રૂપિયા છે "

એ રૂપિયા જોઇ વૈષ્ણવીઓ દુકાનથી થોડે છેટે જઇને બેઠી ત્યાર પછી ખંજની વગાડી ત્રણે જણીઓ ગાન ગાવા લાગી તેમણે જે ગાયુ તેનો અર્થ શો હતો, એમાનુ કાંઇ પાર્વતી સમજી શકી નહિ જો તેણે ઇચ્છા કરી હોત તો પણ તે સમજી શકત નહિ, પરંતુ એ ક્ષણે તેનુ મન દેવદાસ પાસે દોડી ગયુ હતુ

ગાન ગાઇ રહ્યા પછી વૈષ્ણવીઓએ કહ્યુ –"બ્હેન ! ભિક્ષા આપો "

પાર્વતીએ છેડાની ગાંઠ છોડી ત્રણે રૂપિયા તેમને આપી દીધા ત્રણે જણીઓ આશ્ચર્ય પામી પાર્વતીના મુખ તરફ જોઇ રહી.

એક જણીએ પૂછ્યુ –"બ્હેન ! આ કોના રૂપિયા છે ?"

"દેવભાઈના "

"તેઓ તમને મારશે નહિ ?"

પાર્વતીએ સહજ ચિંતા કરી કહ્યુ "ના "

બીજી એકે કહ્યુ "બ્હેન ! જીવતા રહો "

પાર્વતીએ હસીને કહ્યુ "-તમને ત્રણેને સરખો ભાગ મળ્યોછે, કેમ?"

ત્રણે જણીએ માથા હલાવી કહ્યુ –"હા રાધારાણી તમારૂ કલ્યાણ કરો "આમ કહી તેઓ આન્તરિક આશીર્વાદ આપી ગઈ આ દાનશીલા ન્હાની બાળિકાને શિક્ષા ન ભોગવવી પડે એવુ જાણે કે તેઓ ઇચ્છતી હતી એ દિવસે પાર્વતી સવેળા ઘેર ગઇ બીજે દિવસે સ્હવારે દેવદાસ સાથે તેનો મેળાપ થયો તેના હાથમા દોરથી ભરેલી એક ચક્કરડી હતી પતંગ ખરીદવા જવાનો હમણા તેનો વિચાર હતો પાર્વતીને પાસે જોઈ તેણે કહ્યુ – "પેલા રૂપિયા આપ '

પાર્વતીનુ મ્હો ઉતરી ગયુ તેણે કહ્યુ, "રૂપિયા નથી "

"ક્યા ગયા ?"

"વૈષ્ણવીઓને આપી દીધા છે તેમણે ગાયન ગાયુ હતુ "

"બધા આપી દીધા છે ? '

"ફક્ત ત્રણ રૂપિયા હતા"

"મરખી, બધા રૂપિયા આપી દેવાય કે?"

'વાહ! એ ત્રણ જણીઓ હતી. ત્રણ રૂપિયા ન આપુ તો તેઓ કેવી રીતે ભાગ વહેચી શકે?"

દેવદાસે ગભીર બનીને કહ્યુ –"હુ હોત તો એ રૂપિયા આપત તેથી તેમને દરેકને દશ આના આઠ પાઈનો ભાગ મળત'

પાર્વતી બોલી ઉઠી –"એમને તમારી માફક હિસાબ ગણતા કયાથી આવડે?"

પાર્વતીનુ આ વાકય સાભળી ખુશી થઈ દેવદાસે કહ્યુ – "ત્હારૂ કહેવુ ખરુ છે"

પાર્વતીએ દેવદાસનો હાથ પકડી કહ્યુ –"દેવભાઈ! મ્હે ધાર્યુ હતુ કે, તમે મ્હને મારશો!"

દેવદાસને આશ્ચર્ય લાગ્યુ તેણે પુછ્યુ –'શા માટે મારુ?"

"વૈષ્ણવીઓએ કહ્યુ હતુ કે, તમે મ્હને મારશો"

આ વાત સાભળી દેવદાસે વિશેષ ખુશી થઈ પાર્વતીના ખભા ઉપર ભાર દઈ કહ્યુ –'જા જા, વિના વાંકે હુ તને માર મારૂ કે?'

દેવદાસે કદાચ એમ ધાર્યુ હશે કે, પાર્વતીનુ આ કાર્ય દેના પીતનકોડની અદર આવતુ નથી, કારણ કે ત્રણ રૂપિયા એ વૈષ્ણવીઓએ સહેલાઈથી વહેચી લીધા છે વળી જે વૈષ્ણવીઓએ પાઠશાળામા ગણના હિસાબનુ શિક્ષણ મેળવ્યુ નહોતુ તેમને ત્રણ રૂપિયાને બદલે જો એ રૂપિયા આપવામા આવ્યા હોત તો તેમના તરફ કાઈક અશે અત્યાચાર કર્યા જેવુ થાત પછી દેવદાસ પાર્વતીનો હાથ પકડી પતગ ખરીદવા બજાર તરફ જવા લાગ્યો દોરની ચકરડી એ સ્થળેજ એક બખોલમા તેણે છુપાવી રાખી

પ્રકરણ ૪ થું.

—•—

જીવનક્રમનું પરિવર્તન

આવી રીતે એક વર્ષ પસાર થઈ ગયું હવે દેવદાસની માતા વિશેષ ચિંતાતુર બની ગઇ પતિને બોલાવી તેણે કહ્યું –"દેવો તો દિવસે દિવસે મુરખો થતો જાય છે–એની ગમે તે વ્યવસ્થા કરો"

જમીનદારે સ્વગત કાંઇ વિચાર કરી કહ્યું –" એ કલકત્તે જાય તો સારૂં નગેન્દ્રને ઘેર રહી સારી રીતે અભ્યાસ કરી શકશે"

નગેન્દ્રનાથ સબંધી તરીકે દેવદાસનો મામો થતો હતો એ વાત સહુએ સાંભળી જ્યારે એ વાત પાર્વતીના સાંભળવામાં આવી ત્યારે તે ઘણી ભયભીત બની ગઇ એકાન્તમાં દેવદાસની મુલાકાત થતાં તેનો હાથ પકડી હલાવતાં હલાવતાં કહ્યું –"દેવભાઈ! તમે કલકત્તા જશો કે ?"

"કોણે કહ્યું ?"

"કાકા મહાશય એમ કહે છે"

"ના, હું કોઇ પણ રીતે જવાનો નથી"

"અને જો કદાચ જોર કરીને તમને મોકલશે તો ?"

"જોર ?"

આ વખતે દેવદાસે પોતાના મુખ ઉપર એવો ભાવ દર્શાવ્યો કે, તે જોઇ પાર્વતી સારી રીતે સમજી શકી કે, દેવદાસ ઉપર જોર કરી તેની પાસે કોઈ કાર્ય કરાવી શકે એવું એક પણ માણસ પૃથ્વી ઉપર નથી પાર્વતી પણ એમજ ઇચ્છતી હતી અતિશય આનંદથી દેવદાસનો હાથ હલાવી હાસ્ય કરીને તેણે કહ્યું "દેવભાઈ! જો જો, જતા નહિ હો!"

"કદાપિ નહિ જાઉં!"

દેવદાસની આ પ્રતિજ્ઞા કાયમ રહી નહિ તેના પિતાએ રકઝક કરી, તિરસ્કાર તેમજ પ્રહાર કરી ધર્મદાસની સાથે તેને કલકત્તે મોકલી દીધો જે દિવસે જવાનું થયું તે દિવસે દેવદાસે પોતાના મનમાં ઘણું દુઃખ અનુભવ્યું નવીન સ્થાને જતી વખતે જે

કુતૂહલ કિંવા આનંદ દેખાવો જોઈએ તે દેખાયો નહિ પાર્વતી એ દિવસે તેને કોઇ પણ રીતે છોડતી નહોતી તેણે ઘણી રડારોળ કરી, પરંતુ તેની વાત કોણ સાંભળે? અભિમાનને લીધે પ્રથમ તો તેણે દેવદાસ સાથે કાંઇ વાત કરી નહિ, પરંતુ છેવટે જ્યારે દેવદાસે તેને પાસે બોલાવી એમ કહ્યું કે, "પારુ! હું જલ્દી પાછો આવીશ, જો પાછો નહિ આવવા દે તો નાસી આવીશ" ત્યારે પાર્વતીએ સ્વસ્થ થઈ પોતાના ક્ષુદ્ર હૃદયની ઘણી વાતો કહી સંભળાવી પછી ઘોડાગાડીમાં બેસી, માતાનો આશીર્વાદ તેમજ અન્નજળનું છેલ્લું સિંદુ કપાળમાં ચાલ્લાની માફક ધારણ કરી તે ચાલ્યો ગયો

પાર્વતીને ઘણું દુઃખ થયું તેની બન્ને આંખોમાંથી આંસુની ધારાઓ વહેવા લાગી અભિમાનથી તેનું હૃદય ફાટી જવા લાગ્યું આરંભના થોડા દિવસ આવી રીતે વીતી ગયા ત્યાર પછી એકાએક એક દિવસે પ્રાતઃકાળે ઉઠતાં આખા દિવસમાં પોતાને કાંઇ કરવાનું નથી એમજ તેને લાગ્યું નિશાળ છોડી દીધા પછી પ્રાતઃકાળથી સંધ્યાકાળ સુધીનો વખત દેવદાસ સાથે રખડવા રઝળવામાં ક્યાં જતો રહેતો હતો એ માલૂમ પડતું નહોતું એ વખતે જાણે કે પુષ્કળ કામ કરવાનાં હતાં-સમય પણ પહોંચી શકતો નહોતો હમણાં પુષ્કળ વખત હોવા છતાં એકે કામ નહોતું કોઈ દિવસ સવારે ઉઠી તે પત્ર લખવા બેસતી હતી એવામાં દશ વાગી જતા હતા એટલે માતા વિરક્ત થતી હતી દાદી કહેતી કે, "એ ભલે લખે સવારને વખતે દોડધામ નહિ કરતાં અભ્યાસ કરે એ ઉત્તમ છે"

વળી જે દિવસે દેવદાસનો પત્ર આવતો તે દિવસ ઘણો સુખનો લાગતો હતો એક ખુણામાં બેસી આખો દિવસ તે એ પત્ર વાંચ્યા કરતી હતી જોતા જોતામાં બે મહિના વીતી ગયા હવે ઉપરા ઉપરી પત્રો આવતા નહોતા તથા લખાતા પણ નહોતા પ્રથમનો અદમ્ય ઉત્સાહ જાણે કે ઘણેક અંશે ન્યૂન થયો હતો

એક દિવસે સવારે પાર્વતીએ માતાને કહ્યું—"બા! હું પાછી નિશાળે જઇશ"

"કેમ?" માતા વિસ્મિત થઇ હતી પાર્વતીએ મસ્તક હલાવતાં કહ્યું, "હું જરૂર નિશાળે જઈશ"

"જજે નિશાળે જવાની મેં ક્યારે મના કરી છે, બ્હેન?"

તે દિવસે દ્વિપ્રહરે પાર્વતી દાસીનો હાથ પકડી ઘણા દિવસથી છોડી દીધેલી સ્લેટ અને ચોપડી શોધી કાઢી પેલા પુરાતન સ્થળે જઇ શાન્તિ અને ધીરજથી બેઠી.

દાસીએ કહ્યુ —"માસ્તર મહાશય! હવે પારુને મારશો નહિ એ પોતાની ઈચ્છાથી ભણવા આવી છે તેની મરજી હશે ત્યારે ભણશે અને નહિ મરજી હોય ત્યારે ઘેર આવતી રહેશે"

માસ્તર મહાશયે મનમાને મનમા કહ્યુ —"તથાસ્તુ" મુખેથી કહ્યુ, "ભલે, એમ થશે"

પાર્વતીને પણ કલકત્તા કેમ ન મોકલવામા આવી એવો પ્રશ્ન પૂછવાની એક વખત માસ્તરને ઈચ્છા થઇ આવી હતી, પરતુ તેઓ ચુપ રહ્યા પાર્વતીએ જોયુ કે, પેલી ભાગીતુટી જીર્ણ બેચ ઉપર જ વિદ્યાલયનો પટ્ટશિષ્ય ભુલો બેસી રહ્યો હતો! તેને જોઈ પ્રથમ પાર્વતીને હસવુ આવવા લાગ્યુ, પરતુ બીજી ક્ષણે જ તેની આખોમા આસુ ભરાઇ આવ્યા પછી તેને ભુલા ઉપર ઘણો ક્રોધ ઉપજ્યો તેણે જ દેવદાસને ગૃહત્યાગી કર્યો છે એવુ પાર્વતીને લાગ્યુ આવી રીતે પણ ઘણા દિવસ પસાર થઇ ગયા

ઘણા દિવસ પછી દેવદાસ ઘેર પાછો આવ્યો તત્કાળ તે પાર્વતી પાસે દોડી આવ્યો—ઘણી વાતચિત થઇ પાર્વતીને વિશેષ કાઇ કહેવાનુ નહોતું—કદાચ હશે તો તે કહી શકી નહિ, પરતુ દેવદાસે ઘણી વાત કહી એ સઘળી કલકત્તાની જ વાતો હતી ત્યાર પછી એક દિવસે ગરમીની રજાઓ ખલાસ થઈ દેવદાસ પાછો કલકત્તા ચાલ્યો ગયો આ વખતે જો કે રડારોળ થઇ, પરતુ તેમા પ્રથમના જેવી ગભીરતા રહી નહિ આવી રીતે ચાર વર્ષ પસાર થઈ ગયા! આ ચાર વર્ષમા દેવદાસના સ્વભાવમાં થયેલો ફેરફાર જોઇ પાર્વતી એકાતમા રુદન કરવા લાગી અત્યાર પૂર્વે દેવદાસમા જે સઘળુ ગામડીઆપણુ હતુ તે નગરનિવાસથી દૂર થઇ ગયુ હતુ હવે વિલાયતી સુટ, ઉત્તમ કપડાલત્તા, સોનાની ઘડીઆળ બટન વગેરે ન હોય તો તે શર્માતો હતો હવે તે ગામની નદીને કિનારે ફરવા જવાનુ પસદ કરતો નહોતો નદી કિનારે જવાને બદલે હાથમા બદુક લઈ તે શિકાર કરવા જતો હતો સમાજની કથા, રાજનીતિની ચર્ચા, સભા—સમિતિ

ક્રિકેટ, ફૂટબોલ વગેરેની આલોચના કરતો હતો અરેરે ! ક્યાં છે પેલી પાર્વતી અને તેમનું તાલસોનાપુર ગામ ! બાલ્યાવસ્થાની સ્મૃતિ સાથે જડાઇ રહેલી એકાદ વાત હજી જોકે યાદ આવતી હતી, પરંતુ વિવિધ કાર્યોના ઉત્સાહમાં તે વિશેષ સમય માટે હૃદયમાં સ્થાન મેળવી શકતી નહોતી પુન ગરમીની રજાઓ પડી ગયે વર્ષે ગરમીની રજાઓમાં દેવદાસ વિદેશમાં ફરવા ગયો હતો આ વખતે માતાપિતાએ આગ્રહ પુર્વક પત્ર લખ્યો હતો તેથી ઈચ્છા નહિ હોવા છતાં સરસામાન બાંધી તાલસોનાપુર આવવા માટે તે હાવરા સ્ટેશને ઉપસ્થિત થયો જે દિવસે ઘેર આવ્યો તે દિવસે તેનું શરીર જોઈએ એવું સારૂ નહિ હોવાથી એ બ્હાર નીકળી શક્યો નહિ બીજે દિવસે પાર્વતીને ઘેર જઈ તેણે હાક મારી—" કાકી ! "

પાર્વતીની માતાએ પ્રેમપૂર્વક તેને બોલાવ્યો તેણે કહ્યું, " આવ ભાઈ ! બેસ '

કાકી સાથે થોડી વાતચિત કર્યા પછી દેવદાસે પૂછ્યું — ' પારો ક્યાં છે ? "

" મેડા ઉપર હશે '

દેવદાસે ઉપર જઇને જોયું તો પાર્વતી સંધ્યાકાળ થયેલો હોવાથી દેવનો દીપક સળગાવતી હતી તેણે કહ્યું — ' પારૂ ! '

પ્રથમ પાર્વતી ચમકી ઉઠી ત્યાર પછી પ્રણામ કરી તે દૂર ખસી ગઈ

" શું થાય છે પારૂ ? "

આ પ્રશ્નનો ઉત્તર આપવાની જરૂર નહિ હોવાથી પાર્વતી ચુપ રહી દેવદાસ પણ શરમાવા લાગ્યો તેણે કહ્યું —" રાત પડવા આવી , જાઉં છું શરીર સારૂ નથી "

દેવદાસ ચાલ્યો ગયો !



દેવદાસે ઉપર જઈને જોયુ તો પાર્વતી સંધ્યાકાળ થયેલો હોવાથી દેવનો દીપક સળગાવતી હતી

(પૃષ્ઠ ૨૦)



કેવી અસભ્યતા ! તું ખરાબ દેખાય છે ? (પૃષ્ઠ ૫૩)

પ્રકરણ ૫ મુ.

સ્વયંવર !

પાર્વતીએ હમણા તેર વર્ષ ઉપર પગ મૂકયો હતો આ ઉમ્મરે શારીરિક સૌન્દર્ય એકાએક જાણે કે કોઇ સ્થળેથી દોડી આવી કિશોરીના સર્વાંગ ઉપર છવાઇ જાય છે સગા સબધીઓ અકસ્માત્ એક દિવસે આંખો ઉઘાડી ચમકિત બની જોઇ શકે છે કે, તેમની ન્હાની કન્યા મ્હોટી થઇ છે પછી કન્યાનો વિવાહ કરવા માટે તેઓ વ્યાકુળ બની જાય છે પાર્વતીના ઘરમા પણ છેલ્લા કેટલાક દિવસથી એ વિષયનીજ ચર્ચા ચાલતી હતી માતા ઘણી ચિંતાતુર રહેતી હતી વાત વાતમા સ્વામી સાંભળે એવી રીતે તે કહેતી હતી કે, ‘હવે પારુને કુવારી રાખી શકાય તેમ નથી’ પારૂના પિતા ધનાઢ્ય નહોતા, છતા પારૂ અતિશય રૂપવતી હોવાથી વિશેષ ચિંતા કરવા જેવુ નહોતુ જગતમા જો રૂપની મર્યાદા હોય તો એ દૃષ્ટિથી પાર્વતી અમૂલ્ય હતી બીજી એક વાત પણ અત્રે કહી રાખવી જોઇએ પારૂના કુટુબમા અત્યાર પહેલા કન્યાના વિવાહની ચિંતા કરવી પડતી નહોતી, કેવળ પુત્રના વિવાહનીજ ચિંતા કરવી પડતી કન્યાના વિવાહમા એ કુટુબ અમુક રકમ સ્હામા પક્ષ તરફથી લેતુ હતુ તથા પુત્રના વિવાહમા અમુક રકમ સ્હામા પક્ષને આપતુ હતુ નીલકંઠના પિતાએ સુદ્ધા પોતાની કન્યાના વિવાહ વખતે સ્હામા પક્ષ પાસેથી અમુક રકમ લીધી હતી આમ હોવા છતા નીલકંઠ પોતે એ રીવાજને ઘણો ધિક્કારતો હતો પાર્વતીને વેચી પૈસા લેવાની તેની બિલકુલ ઇચ્છા નહોતી પાર્વતીની માતા એ વાત જાણતા હતા તેથીજ કન્યાનો જલ્દી વિવાહ કરી નાખવાનુ તે પતિને કહેતો હતી અત્યાર પહેલા તેણે પોતાના મનમા એક હગારો આશાને સ્થાન આપ્યુ હતુ કોઈ પણ રીતે દેવદાસ સાથે પાર્વતીનો વિવાહ કરવાની તેની ઇચ્છા હતી એ આશા કિંવા ઇચ્છા કાંઇ તદ્દન અશકય નહોતી દેવદાસને અનરોધ કરવાથી એ કાર્ય અનુકૂળ થશે એમ તેને લાગતુ હતુ તેથીજ નીલકંઠની માતાએ વાતમા

ને વાતમા દેવદાસની માતાને એમ કહયુ હતુ કે, "વહુ! દેવદાસ અને પારૂ વચ્ચે કેવો પ્રેમ છે! એવો પ્રેમ કોઇ પણ સ્થળે જોવામા આવતો નથી "

દેવદાસની માતાએ આ વખતે કહયુ —"ન્હાનપણુથી બન્ને સાથે રમ્યા છે–ભાઇ બ્હેનની માફક તેઓ મ્હોટા થયા છે તેથીજ તેમની વચ્ચે પ્રેમ ઉપજ્યો છે "

"ખરૂં છે દેવદાસ જ્યારે કલકત્તા ગયો ત્યારે મ્હારી પારૂની ઉમ્મર ફક્ત આઠ વર્ષની હોવા છતા તે બધુ સમજતી હતી એ વખતે તે ઘણી શોકાતુર બની ગઇ હતી દેવદાસનો પત્ર આવતાં એ પત્ર તેની જપમાળા થઈ પડતો હતો !"

દેવદાસની માતા મનમા ને મનમા બધુ સમજી ગઈ તેણે સહજ હાસ્ય કર્યું એ હાસ્યમા કેટલો વિદ્રુપ છુપાઇ રહેલો હતો તે અમે જાણુતા નથી, પરતુ એમા વેદના પુષ્કળ હતી તે સઘળી વાત જાણુતી હોઇ પાર્વતી ઉપર તેનો સ્નેહ પણુ હતો આમ છતા કન્યા વિક્રય કરનાર કુટુબની એ કન્યા હતી! તે ઉપ રાત નજીકમાજ તેનુ મકાન હતુ દેવદાસની માતાએ કહયુ – "કાકી, આવા અભ્યાસ કરવાના વખતે દેવદાસનો વિવાહ કરવાની એમની (જમીનદારની) બિલકુલ મરજી નથી તેઓ વારવાર મ્હને એમ કહે છે કે, 'દ્વિજદાસનો ન્હાની ઉમ્મરમા વિવાહ કર્યો તેથી ઘણુ ખોટુ થયુ છે એ કારણુથીજ તે અભ્યાસ કરી શકયો નથી "

પાર્વતીની દાદીને શુ કહેવુ તે સૂઝયુ નહિ થોડા સમય સુધી ચુપ રહ્યા પછી તેણે કહયુ –"વહુ! હુ એ બધુ જાણુ છુ, પરતુ સ્ત્રી જાતને વધતા કાઇ વાર લાગે છે! પારૂના શરીરનો બાંધો પ્રથમથીજ ઉચો છે, પણુ જમીનદારની જ્યારે મરજી નથી—"

દેવદાસની માતા વચ્ચેજ બોલી ઉઠી —"કાકી, હુ તેમને આ સબધી કાંઈ કહી શકુ તેમ નથી હમણા હું જો દેવદાસના વિવાહની વાત કાઢુ તો તેઓ મ્હારૂ મ્હો પણુ જુએ નહિ!"

એ વાત આટલેથીજ અટકી, પરતુ સ્ત્રીજાતિના પેટમા કાઇ વાત ટકતી નથી જમીનદાર જમતા હતા એ વખતે દેવદાસની

માતાએ વાત કાઢી – "પારુની દાદી આજે તેના વિવાહની વાત કરતા હતા"

જમીનદારે ઉંચુ જોઇ કહ્યુ –"હવે પારૂ કાંઈ ન્હાની નથી તેનો વિવાહ જલ્દી કરી નાખવો જોઈએ"

"એમની ઇચ્છા એવી છે કે, જો દેવદાસ સાથે—"

ગૃહિણીનુ વાકય પૂર્ણ થતા પૂર્વેજ જમીનદારે કહ્યુ –"ત્હે શુ કહ્યુ?"

"હુ શુ કહુ? બન્ને જણાનો એક બીજા ઉપર પુષ્કળ પ્રેમ છે, પરતુ તેથી કાંઇ કન્યા વિક્રય કરનાર કુટુબની કન્યાને આપણાથી લાવી શકાય કે? વળી એમનુ ઘર પણ તદન નજીક છે એ ઠીક નથી"

જમીનદાર સતુષ્ટ થયા તેમણે કહ્યું, "બરાબર છે તુ એ વાત તરફ ધ્યાન આપીશ નહિ"

ગૃહિણીએ શુષ્ક હાસ્ય કરી કહ્યુ –"ઠીક, પણ તમે પાછા ભુલ ન કરતા"

જમીનદારે ગભીર મુખ ઉચુ કરી કહ્યુ –"જો હુ એવી ભૂલો કરતો હોત તો આ જમીનદારી કયારનીય ઉડી ગઈ હોત!"

તેમની જમીનદારી હમ્મેશા કાયમ રહો, આપણને તેમા હરકત નથી હવે અમે પાર્વતીના દુખની વાત કહીએ છીએ જ્યારે આ વાત નીલકઠના સાભળવામા આવી ત્યારે તેણે માતાને બોલાવી તેનો ઘણો તિરસ્કાર કર્યો તેણે કહ્યુ –"મા! તુ એ વાત કહેવા શા માટે ગઈ હતી?"

વૃદ્ધા માતા ચુપ રહી નીલકઠ કહેવા લાગ્યો –"કન્યાનો વિવાહ કરવા જતા મ્હારે કોઇના પગે પડવાની જરૂર નથી ઉલટા ઘણા માણસો મ્હારા પગોમા નમી પડવા આવશે મ્હારી કન્યા કાંઈ કદરૂપી નથી જો જો, એકજ અઠવાડીઆમા પારુનો વિવાહ હુ નકકી કરી નાખીશ એમા ચિતા કરવા જેવુ શુ છે?"

પરતુ જેને માટે પિતાએ આ વચન ઉચ્ચાર્યા તેના માથા ઉપર આકાશ તૂટી પડયુ દેવદાસ ઉપર પોતાનો કાંઈક અધિકાર છે એવી શૈશવાવસ્થાથી જ પાર્વતીની ધારણા હતી પ્રથમ તો તે પોતે કાંઈ સમજી શકતી નહોતી તે જાણી શકે નહિ એવી

રીતે તેના અશાન્ત મને દિવસે દિવસે એ અધિકારને એવી દૃઢ-તાથી પ્રતિષ્ઠિત કર્યો હતો કે, બ્હાર એક પણ બાહ્ય આકૃતિ નજરે નહિ પડવા છતા આજે આ ગૂમાવવાની વાત નીકળતાજ તેના સમસ્ત હૃદયમા ભયકર તૂફાન ચાલુ થયુ

દેવદાસ માટે અમે એ પ્રમાણે કહી શકતા નથી શૈશવા વસ્થામા તેણે જ્યારે પાર્વતી ઉપર અધિકાર મેળવ્યો હતો ત્યારે એ અધિકાર સર્વાંશે તેણે ભોગવ્યો હતો પછી કલકત્તા જઈ કામકાજના ઉત્સાહમા તથા બીજા આનદ વિનોદમા પડી પાર્વતીનો ઘણા અશે તેણે ત્યાગ કર્યો હતો આમ હોવા છતા તે એટલુ તો જાણતો જ હતો કે, પાર્વતી પોતાના સકુચિત ગ્રામ્ય જીવનની અદર કેવળ તેનુજ ધ્યાન ધરી રહી હતી એ સાથે તે એમ પણ વિચારતો હતો કે, 'ન્હાનપણથી જેને મ્હારી પોતાની સમજુ છુ, ઉચિત અનુચિત સઘળા લાડકોડ આજ સુધી જેણે પૂરા પાડયા છે તેનો યૌવનને પ્રથમ પગથીએ પગ મૂકતાજ ત્યાગ કરવો વ્યાજમી નથી ' એ વખતે વિવાહની વાત કોને યાદ હતી? કોણ જાણતુ હતુ કે, એ કિશોર બધન વિવાહ સિવાય બીજી કોઇ પણ રીતે ચિરસ્થાયી કરી શકાય તેમ નથી તેથી 'વિવાહ થઇ શકે તેમ નથી ' એ સમાચાર પાર્વતીના હૃદ-યની સમસ્ત આશા આકાક્ષાને હાકી કાઢવાની ગડમથલ કરવા લાગ્યા દેવદાસને સ્હવારે અભ્યાસ કરવો પડતો હતો, બપોરે પુષ્કળ તાપ પડતો હોવાથી બ્હાર નીકળી શકાતુ નહિ, કેવળ સ્હાજના વખતે મરજી હોય તો બ્હાર જઈ શકાતુ હતુ આ વખતેજ તે કોઈ દિવસે અપ ટુ ડેઈટ પોષાક પહેરી બ્હાર ફરવા નીકળી પડતો હતો જતી વખતે તે નીલકઠ ચક્રવર્તીના ઘર પાસેથી આગળ વધતો હતો–પાર્વતી આખોમાનુ અશ્રુજળ સાફ કરતા કરતા ઉપરની બારીમાથી એ જોતી હતી એ વખતે તેને ઘણી વાતો યાદ આવતી હતી તેને એમ લાગતુ હતુ કે, 'બન્ને જણા મ્હોટા થયા છીએ' દીર્ઘ પ્રવાસ પછી પારકાની માફક પરસ્પર ઘણા શર્માતા હતા દેવદાસ તે દિવસે ચુપચુપ ચાલ્યો ગયો હતો, લજ્જાને લીધે તે બરાબર વાત કરી શક્યો નહોતો એ પાર્વતી તત્કાળ સમજી ગઇ હતી.

દેવદાસ પણ એવાજ વિચાર કરતો વચ્ચે પાર્વતીનુ દર્શન કરવાની તથા તેની સાથે વાતચિત કરવાની ઇચ્છા થતી હતી, પરતુ લજ્જા એ ઇચ્છાને દબાવી દેતી હતી

આ સ્થળે કલકત્તાનો કોલાહલ નહતો, વિવિધ પ્રકારના મોજ મજાહના સાધનો નહોતા તેથી દેવદાસને બાલ્યાવસ્થાની વાતોજ યાદ આવતી હતી દેવદાસ હવે પ્રાય નીલકઠને ઘેર જતો કોઇ દિવસે સધ્યા સમયે તે બ્હારથી હાક મારતો કે, "કાકી, શુ થાય છે ?"

કાકી કહેતી કે, "આવ ભાઈ! બેસ"

દેવદાસ તત્કાળ કહેતો, "હમણા નહિ. હુ ફરી આવુ !"

એ વખતે પાર્વતી કોઈ દિવસે મેડા ઉપર રહેતી તો કોઈ દિવસે નજરે પડતી હતી દેવદાસ કાકા સાથે વાત કરતો ત્યારે પાર્વતી ધીમે ધીમે ત્યાથી ખસી જતી. રાત્રે દેવદાસના શયન ગૃહમા બત્તી સળગતી હતી. ગ્રીષ્મકાળની ખુલ્લી બારીમાથી પાર્વતી ઘણા સમય સુધી તે તરફ જોઈ રહેતી હતી પછી કાઈ જોવામા આવતુ નહિ પાર્વતી પ્રથમથીજ રીસાળ હતી પોતે જે દુ ખ તથા ચિતા સહન કરે છે એ કોઈ પણ જાણે નહિ તે માટે એ વણી સાવધાન રહેતી હતી. વળી એ જણાવવાથી શો લાભ હતો ? સહાનુભૂતિ સહન થઇ શકે તેમ નહોતુ તથા તિરસ્કાર વેઠવા કરતા મરવુ તેને સારુ લાગતુ હતુ ગયે વર્ષે મનોરમાનો વિવાહ થઈ ગયો હતો હજી સુધી તે સાસરે ગઈ ન હોતી તેથી વચ્ચે વચ્ચે પાર્વતી પાસે આવતી હતી પહેલા બન્ને સખીઓ વચ્ચે આ સઘળી વાતચિત થતી હતી, હમણા પણ થતી હતી, પરતુ હવે પાર્વતી એમા ભળતી નહોતી તે ચુપ રહેતી હતી અથવા વાતને ફેરવી નાખતી હતી

પાર્વતીનો પિતા ગઈ કાલે રાત્રે ઘેર આવ્યો હતો આટલા દિવસ વર શોધવાને તે ગયો હતો તે બધુ નક્કી કરીને ઘેર આવ્યો હતો લગભગ વીસ પચીસ ગાઉ દૂર આવેલા વર્દ્ધમાન જીલ્લાના હાતીપોતા ગામના જમીનદાર સાથે પારુને પરણાવવાનુ તે નક્કી કરી ચુકયો હતો એ જમીનદારની સ્થિતિ સારી હોઇ ઉમ્મર ચાળીસ વર્ષથી થોડી ઓછી હતી ગયા વર્ષે તે વિધુર થયો હતો તેથી પુનર્વિવાહ કરવાનો હતો આ સમાચારથી ઘરના માણસોને આનદ થવાને બદલે દુ ખ થયુ હતુ, છતા મુખ્ય વાત

એ હતી કે એ ભુવનચૌધુરી પાસેથી એકંદરે બે ત્રણ હજાર રુપિયાની રકમ ઘરમા આવવાની હતી એથી ઘરનો સ્ત્રીવગ ચુપ રહ્યો હતો

એક દિવસે બપોરે દેવદાસ જમવા બેઠો હતો તેની માતાએ પાસે બેસી કહ્યુ "પારુનો વિવાહ છે "

દેવદાસે મ્હો ઉચુ કરી પૂછ્યુ –"ક્યારે ?"

" આ મહિનામાજ ગઈ કાલે વરપક્ષના માણસો કન્યા જોઈ ગયા છે વર પોતે પણ આવ્યા હતા "

દેવદાસે વિસ્મિત બની કહ્યુ –"બા ! હુ તો એમાનુ કાઇ જાણતો નથી "

" તુ કેવી રીતે જાણી શકે ? એ બીજવર છે–ઉમ્મર પણ થઈ છે, પરતુ પાસે પૈસા ઘણા છે પારૂ સુખમા રહી શકશે "

દેવદાસ નીચુ જોઇ જમવા લાગ્યો. માતાએ ફરીથી કહ્યુ – " એમની ઇચ્છા આપણે ત્યા વિવાહ કરવાની હતી "

દેવદાસે પુન ઉચુ જોઈ કહ્યુ –" પછી ?"

માતાએ હસીને કહ્યુ –"એ બને ખરૂ કે ? એ કન્યાવિક્રય કરવાવાળુ ઘર છે વળી પાડોશમાજ સબધ બાધી શકાય કે ?'

આ વખતે દેવદાસ માતાના મુખ ઉપરનો તિરસ્કાર ભાવ જોઇ શકયો થોડી ક્ષણ સુધી ચુપ રહ્યા પછી માતાએ કહ્યુ – "ત્હારા બાપાને મ્હે એ વાત કરી હતી "

" તેમણે શુ કહ્યુ ?"

" તેઓ બીજુ શુ કહે ? એ સબધ થાય એવી એમની બિલ્કુલ ઇચ્છા નહોતી "

દેવદાસ વિશેષ કાઇ બોલ્યો નહિ તે દિવસે દ્વિપ્રહરે મનોરમા અને પાર્વતી વચ્ચે વાતચિત ચાલતી હતી પાવતીના નેત્રોમાનુ અશ્રુજળ હમણાજ મનોરમાએ લુછ્યુ હોય એમ લાગતુ હતુ મનોરમાએ કહ્યુ —" બ્હેન ! ત્યારે હવે શો ઉપાય છે ?"

પાર્વતીએ આખો લુછી કહ્યુ —"ઉપાય શો હોઇ શકે ? ત્હે ત્હારા વરને પસદ કરીને વિવાહ કર્યો હતો કે ?"

" મ્હારી વાત અલગ છે પસદગી નાપસદગી જેવુ કાઈ મ્હારા મનમાં હતુજ નહિ તેથીજ મ્હને કાઇ પણ પ્રકા-

રનુ દુઃખ ભોગવવુ પડતુ નથી, પરંતુ તુ તો ત્હારે હાથે ત્હારા પગ ઉપર કુહાડીનો ઘા કરે છે”

પાર્વતીએ ઉત્તર આપ્યો નહિ—તે વિચાર કરવા લાગી

મનોરમાએ કાઈ વિચાર કરી, સહજ હસીને પૂછ્યુ —“ પારૂ! વરની ઉમ્મર કેટલી છે?”

“કોના વરની?”

“ ત્હારા ”

પાર્વતીએ પોતાના મન સાથે હિસાબ કરીને કહ્યુ —“ લગભગ ઓગણીસ વર્ષની.”

મનોરમાએ અત્યંત વિસ્મિત બની જઈ કહ્યુ –“ આ તુ શુ કહે છે! મ્હે એમ સાંભળ્યુ છે કે, વરની ઉમ્મર ચાળીસેક વર્ષની છે!”

આ વખતે પાર્વતીએ પણ સહજ હસીને કહ્યુ–‘ મનુ બ્હેન! કેટલા માણસોની ઉમ્મર ચાળીસ વર્ષની હોય છે તેનો હુ હિસાબ રાખુ છુ કે? હુ કેવળ એટલુજ જાણુ છુ કે, મ્હારા વરની ઉમ્મર ઓગણીસ વીસ વર્ષની છે ”

પાર્વતીના મુખ તરફ જોઈ મનોરમાએ પુછ્યુ –“નામ શુ છે?”

પાર્વતી પુનઃ હસી પડી. તેણે કહ્યુ –“ હજી સુધી નામ પણ નથી જાણતી કે?”

“કેવી રીતે જાણુ!”

“ નથી જાણતી? ઠીક, હુ તને કહુ છુ–” કહી હાસ્ય કરી, સહજ ગંભીર થઈ પાર્વતીએ સખીના કાન પાસે મુખ લઇ જઇ કહ્યુ, “દેવદાસ—” પ્રથમ તો મનોરમા સહજ ચમકી ઉઠી પછી પાર્વતીને એક ધાકો મારી તેણે કહ્યુ –“ હવે ઠઠ્ઠા મશ્કેરી જવા દઈ સાચુ' કહે શુ નામ છે?”

“ મ્હે કહ્યુ તેજ ”

મનોરમાએ રીસ ચઢાવી કહ્યુ –“જ્યારે દેવદાસ નામ છે ત્યારે પછી રડારોળ કેમ કરે છે?”

પાર્વતીનુ મ્હોં એકાએક ઉતરી ગયુ કાંઈ વિચાર કરીને તેણે કહ્યુ –“ ઠીક છે, હવે હુ નહિ રહુ—”

“ પારૂ!”

"શુ છે ?"

"બ્હેન ! તુ મ્હને બધી વાત દિલ ખોલીને કહે હુ કાંઈ સમજી શકતી નથી "

"જે કહેવાનુ હતુ તે મ્હે કહ્યુ છે "

"હું તો એમા કાંઈ સમજી નથી"

"સમજાશે પણ નહિ " કહી પાર્વતી બીજી દિશા તરફ મુખ ફેરવી બેઠી. મનોરમાએ વિચાર્યુ, પાર્વતી વાત છુપાવે છે—પોતાના મનની વાત કહેવાની તેની મરજી નથી તેને ઘણુ અભિમાન ઉપજ્યુ તે દુખિત થઇને બોલી—"પારૂ ! બ્હેન ! જેથી તને દુખ હોય તેથી મ્હને પણ દુખ છે. તુ સુખી થાય એવીજ મ્હારી આતરિક પ્રાર્થના છે જો કોઈ વાત તાહરે મ્હને નહિ કહેતા છુપાવી રાખવી હોય તો છુપાવી રાખ, પરતુ આવી રીતે મ્હરી સાથે મશ્કરી કરીશ નહિ"

પાર્વતી પણ દુખિતા થઈ તેણે કહ્યુ—"બ્હેન ! હુ મશ્કરી નથી કરતી જે કાંઈ હુ જાણુ છુ તે મ્હે તને કહ્યુ છે હુ જાણુ છુ કે, મ્હારા સ્વામીનુ નામ દેવદાસ છે ! તેમની ઉમ્મર ઓગણીસ વીસ વર્ષની છે એમા મ્હે તને શુ ખોટુ કહ્યુ છે ?"

"પણ મ્હે તો એમ સાભળ્યુ છે કે, ત્હારો સબધ બીજે ઠેકાણે થયો છે " આમ કહી મનોરમા તેણે જે કાઇ સાભળ્યુ હતુ તે કહેવા લાગી એટલે પાર્વતી બોલી—"એ બધુ મ્હે સાભળ્યુ છે—"

"ત્યારે ? દેવદાસ તને—"

"મ્હને શુ ?"

મનોરમાએ હસવુ ખાળીને પૂછ્યુ—"ત્યારે તુ સ્વયવરા થઈશ ? છુપી રીતે ચોકસ બદોબસ્ત કર્યો છે કે ?"

"હજી કાંઈ બદોબસ્ત કર્યો નથી"

મનોરમાએ દુખિત સ્વરે કહ્યુ—"પારૂ ! તુ શુ કહે છે એ હુ સમજી શકતી નથી"

પાર્વતીએ કહ્યુ—"દેવદાસને પૂછી જોઈ હુ તને સમજાવીશ"

"શુ પૂછી જોઈશ ? એ વિવાહ કરશે કે નહિ, તે ?"

પાર્વતીએ મસ્તક હલાવી કહ્યુ—"હા"

મનોરમાએ ભયાનક આશ્ચર્ય પામી કહ્યુ —"પારૂ! તુ શુ બોલે છે? એ વાત તુ જાતે પૂછીશ?"

"હા, એમા દોષ જેવુ શુ છે?"

મનોરમા તદ્દન અવાક્ થઇ ગઈ તે બોલી —"તુ પોતે પૂછીશ?"

"હાસ્તો મ્હારા તરફથી બીજુ કોણ પૂછવા જાય?"

"તને શરમ નહિ આવે?"

"એમા શરમ આવવા જેવુ શુ છે? તને કહેતા શરમ આવી છે કે?"

"હુ સ્ત્રી જાત છુ—ત્હારી બ્હેનપણી છુ, પરતુ દેવદાસ તો પુરૂષ છે!"

આ વખતે પાર્વતી હસી પડી તેણે કહ્યુ —"તુ બ્હેનપણી છે, તુ મ્હારી પોતાની છે પણ એ પારકા છે કે? જે વાત તને કહી શકુ તે તેમને ન કહી શકુ કે?"

મનોરમા વિસ્મયાતિશયથી પાર્વતીના મુખ તરફ જોઇ રહી

પાર્વતીએ હાસ્ય મુખે કહ્યુ —"મનુ બ્હેન! તુ વૃથા તને સૌભાગ્યવતી કહેવડાવે છે સ્વામી કોને કહે છે એ પણ તું સમજતી નથી જો તેઓ મ્હારા સ્વામી ન હોત, મ્હારા અતરાત્મીય ન હોત તો હુ આવી રીતે મરવા બેસત નહિ તે ઉપરાત બ્હેન! મનુષ્ય જ્યારે મરવા બેસે છે ત્યારે તે આગળ પાછળનુ ભાન રાખે છે કે? એમની પાસે મ્હને કોઇ પણ પ્રકારની શરમ કે સંકોચ નથી"

મનોરમા કેવળ જોઇજ રહી થોડા સમય પછી તેણે કહ્યુ —"તુ તેમને શુ કહીશ? એમ કહીશ કે, ચરણોમા આશ્રય આપો?"

પાર્વતીએ મસ્તક હલાવી કહ્યુ —"હા, એમજ કહીશ"

"અને જો કદાચ તેઓ સ્થાન નહિ આપે તો?

આ વખતે ઘણા કાળ સુધી પાર્વતી ચુપ બેસી રહી ત્યાર પછી તેણે કહ્યુ—"એ પછીની વાત હુ જાણતી નથી"

ઘેર જતી વખતે મનોરમાએ વિચાર્યુ —"ધન્ય છે ત્હારા સાહસને હુ મરી જાઉં તો પણ એવી વાતને મુખદ્વારા ઉચ્ચારી શકુ નહિ'

વાત ખરી છે એટલા માટેજ પાર્વતીએ કહ્યુ હતુ કે તે વૃથા સૌભાગ્યવતી કહેવડાવે છે.

પ્રકરણ ૬ ઠું.

— • —

અભિસારિકા.

રાતનો લગભગ એક વાગી ગયો હતો હજી ક્ષીણ ચાદની આકાશ પટ સાથે ચોટી રહેલી હતી પાર્વતી બિછાનાની ચાદરથી પોતાનુ સઘળુ અગ ઢાંકી ધીમે પગલે સીડી ઉતરી નીચે આવી તેણે ચોતરફ જોયુ તો કોઈ જાગતુ નહોતુ પછી દ્વાર ઉઘાડી ચુપકીદીથી તે રસ્તા ઉપર જઈ પહોચી ગામડાનો એ રસ્તો અત્યારે તદ્દન સ્તબ્ધ તેમજ જનશૂન્ય હતો—કોઇની સાથે મુલાકાત થાય એવો બિલ્કુલ સભવ નહોતો પાર્વતી નિર્વિઘ્ને જમીનદારના આલિશાન મકાન પાસે જઈ ઉભી રહી દેવડી ઉપર વૃદ્ધ દરવાન ઢોલીઓ બિછાવી, ઉપર આડો પડી હજી સુધી તુલસી કૃત રામાયણ વાચતો હતો પાર્વતીને પ્રવેશ કરતી જોઇ ઉચુ જોયા સિવાયજ તેણે પુછ્યુ —"કોણ છે?"

પાર્વતીએ કહ્યું —"હુ"

કઠસ્વર ઉપરથી એ સ્ત્રી છે એમ દરવાન સમજી શકયો એ દાસી હશે ધારી બીજુ કાઈ નહિ પૂછતા તે પાછો ઉચ્ચ સ્વરે રામાયણ વાચવા લાગ્યો પાર્વતી ચાલી ગઇ. ઉન્હાળાની રાત હતી બ્હાર ઓટલા ઉપર કેટલાક નોકરો સુઇ રહ્યા હતા તેઓમાનો કોઇ ઊંઘી ગયો હતો તો કોઈ અર્ધ જાગૃત હતો તદ્રાવસ્થામા કોઇએ પાર્વતીને જોઈ પણ ખરી, છતા દાસી સમજી તેને કાઈ પૂછપરછ કરવામા આવી નહિ પાર્વતી નિર્વિઘ્ને અદર જઈ દાદર ચઢી મેડા ઉપર ગઇ આ મકાનના પ્રત્યેક સ્થળથી તે જાણીતી હતી વિના વિલબે તેણે દેવદાસનુ શયનગૃહ શોધી કાઢ્યુ દ્વાર ખુલ્લુ હોઈ અદર બત્તી સળગતી હતી પાર્વતીએ અદર જઇને જોયુ તો દેવદાસ શય્યામા ઊંઘી ગયો હતો ઉશિકા પાસે એક ચોપડી ખુલ્લી પડી રહી હતી,–– તે હમણાજ ઊંઘી ગયો હોય એમ સમજી શકાતુ હતુ બત્તીને સતેજ કરી પાર્વતી દેવદાસના પગ પાસે જઇને ચુપકીદીથી બેઠી દિવાલના અગ ઉપર

મ્હોટુ ઘડીઆળ ટક ટક અવાજ કરતુ હતુ તે સિવાય સઘળુ નિસ્તબ્ધ હતુ, સુપ્ત હતુ

પગ ઉપર હાથ મૂકી પાર્વતીએ ધીમેથી કહ્યુ —"દેવદાસ!—"

પોતાને કોઈ બોલાવે છે એ દેવદાસ નિદ્રાવેશમા સાભળી શક્યો આખો ઉઘાડયા સિવાય તેણે કહ્યુ –" હુ ઉ –"

"ઓ દેવદાસ!"

આ વખતે આખો ચોળી દેવદાસ ઉઠી બેઠો થયો પાર્વતીનુ મુખ ખુલ્લુ હતુ ગૃહમા દીપક ઉજ્વળ ભાવથી બળતો હતો પાર્વતીને દેવદાસ સહેલાઈથી ઓળખી શકયો, પરતુ પ્રથમ પોતાની દૃષ્ટિશકિત પોતાને ઠગતી હોય એમ તેને લાગ્યુ પછી તેણે કહ્યુ – "આ શુ? પારુ કે?"

"હા, હુ જ છુ"

દેવદાસે ઘડીઆળ તરફ જોયુ. તેનો વિસ્મય વધી ગયો તે બોલ્યો –" આટલી રાત્રે?"

પાર્વતીએ ઉત્તર આપ્યો નહિ મુખ નીચુ કરી બેસી રહી દેવદાસે ફરીથી પૂછ્યુ –" આટલી રાત્રે તુ એકલી આવી છે?"

પાર્વતીએ કહ્યુ –" હા"

ઉદ્વેગ અને આશકાથી કટકિત થઇને દેવદાસે કહ્યુ –" તુ શુ કહે છે? રસ્તે બ્હીક ન લાગી?"

પાર્વતીએ મૃદુ હસીને કહ્યુ –" ભૂતની મ્હને બહુ બ્હીક લાગતી નથી"

"ભૂતની નહિ લાગતી હોય, પણ માણસની બ્હીક તો લાગવી જોઇએ તુ કેમ આવી છે?"

પાર્વતીએ ઉત્તર આપ્યો નહિ. મનમાને મનમા તેણે કહ્યુ – "મ્હે માણસની બ્હીક પણ છોડી દીધી છે"

"તુ ઘરમા દાખલ કવી રીતે થઇ? કોઇએ તને જોઈ તો નથી?"

"દરવાને મ્હને જોઈ છે"

દેવદાસે આખો વિકાસી કહ્યુ –" દરવાને જોઈ છે? બીજા કોઇએ?"

"ઓટલા ઉપર ચાકરો સૂઈ રહ્યા છે–તેઓમાંથી પણ કોઈએ કદાચ જોઇ હશે "

દેવદાસે છલંગ મારી બિછાનામાંથી ઉઠી દ્વાર બંધ કરી દીધા પછી તેણે પૂછ્યું –" કોઇ તને ઓળખી શક્યું કે ? "

પાર્વતીએ લેશમાત્ર ઉત્કંઠા દર્શાવ્યા સિવાય સ્વાભાવિક કંઠે કહ્યું –"તેઓ બધા મ્હને પિછાને છે, કદાચ કોઇ મ્હને ઓળખી પણ શક્યું હોય "

" પારુ ! ત્હેં આવું કાર્ય શા માટે કર્યું ? "

પાર્વતીએ પોતાના મનમાં કહ્યું –" મ્હારામાં એટલી હિમ્મત "

આ ઉત્તર સાંભળી દેવદાસ ક્રોધે ભરાયો નહિ અતિશય ઉત્કંઠિત થઇને તેણે કહ્યું –"પારુ ! હજી પણ તું ન્હાની છે કે ? અહીં અત્યારે આવી રીતે આવતાં તને સહજ પણ શરમ ન આવી ? "

પાર્વતીએ મસ્તક હલાવી ઉત્તર આપ્યો –" બિલ્કુલ નહિ "

" કાલે શરમથી ત્હારું માથું નહિ કપાઈ જાય કે ? "

આ પ્રશ્ન સાંભળી તીવ્ર પરંતુ કરૂણ દૃષ્ટિથી દેવદાસના મુખ તરફ ક્ષણકાળ સૂધી જોઈ રહી સંકોચ સિવાય પાર્વતીએ કહ્યું – "મ્હારી સઘળી શરમ તમે ઢાંકી દેશો એ જો જાણતી ન હોત તો જરૂર માથું કપાઇ જાત "

વિસ્મયથી હતબુદ્ધિ બની જઈ દેવદાસે કહ્યું –" પણ મ્હારું ? હું કાલે શું મ્હો બતાવી શકીશ ? "

પાર્વતીએ અવિચળિત કંઠે કહ્યું –" તમે ? તમને શું છે દેવદાસ ? "

અલ્પકાળ સૂધી ચુપ રહ્યા પછી તે કહેવા લાગી –" તમે પુરુષજાત છો આજે નહિ તો કાલે, તમારા કલંકની વાત સહુ ભૂલી જશે, બે દિવસ પછી કોઈ એ વાત યાદ કરશે નહિ કે ક્યારે કયી રાત્રે હતભાગિની પાર્વતી તમારા ચરણોમાં શિર ઝુકાવવા માટે સઘળું તુચ્છ કરીને આવી હતી "

" એટલે ? "

"—અને હું "

મંત્રમુગ્ધની માફક દેવદાસ બોલ્યો –" તને ? "

• "મ્હારા કલંકની વાત તમે કરો છો ? ના, મ્હને કલંક નથી તમારી પાસે છુપી રીતે આવવા માટે મ્હારી જો નિંદા થશે તો એ નિંદા મ્હારા અંગને અડકવાની નથી"

"પારુ! આ શું ? તું રડે છે ?"

"દેવદાસ! નદીમાં કેટલું પાણી છે ? એટલા પાણીમાં મ્હારૂં કલંક દબાઈ નહિ જાય કે ?"

એકાએક દેવદાસે પાર્વતીના બન્ને હાથ પકડી લઈ કહ્યું – 'પાર્વતી !"

પાર્વતીએ દેવદાસના પગ ઉપર માથું રાખી રૂંધાયલા કંઠે કહ્યું –"દેવદાસ ! આ સ્થળે મ્હને થોડી જગ્યા આપો"

ત્યાર પછી બન્ને જણા ચુપ રહ્યા દેવદાસના પગ ભીંજાવી ગરમ અશ્રુજળના ઘણા બિંદુઓ સફેત બિછાના ઉપર પડ્યા

ઘણા સમય પછી પોતાને હાથે પાર્વતીનું મુખ ઉંચું કરી દેવદાસે કહ્યું – 'પારૂ ! મ્હારા સિવાય ત્હારો ઉપાયજ નથી ?"

પાર્વતીએ કાંઈ ઉત્તર આપ્યો નહિ તે એવીજ રીતે પગ ઉપર માથું રાખી પડી રહી નિસ્તબ્ધ શયનગૃહમાં તેના અશ્રુવ્યાકુળ ગાઢ નિશ્વાસોનો ધ્વનિ ઉપરા ઉપરી સંભળાવા લાગ્યો ટગ ટગ કરતા ઘડીઆળમાં બે વાગી ગયા દેવદાસ બોલ્યો — "પારૂ !"

પાર્વતીએ ઘવાયલા કંઠે કહ્યું —"શું છે ?"

"માબાપ એ વાતથી તદ્દન વિરૂદ્ધ છે તે ત્હેં સાંભળ્યું છે ?"

પાર્વતીએ મસ્તક હલાવી ઉત્તર આપ્યો કે, તેણે બધું સાંભળ્યું છે ત્યાર પછી બન્ને જણા ચુપ બેસી રહ્યા. ઘણો સમય પસાર થઇ ગયા પછી દેવદાસે અંતરના ઊંડાણમાંથી નિશ્વાસ મૂકી કહ્યું —"ત્યારે હવે ?"

પાણીમાં ડુબી મનુષ્ય જેવી રીતે અધભાનથી માટી પકડી રાખે તેવી જ રીતે પાર્વતીએ અજ્ઞાનીની માફક દેવદાસના બન્ને પગ પકડી રાખ્યા તેણે દેવદાસના મુખ તરફ જોઇ કહ્યું –"તમારા સિવાય બીજું કાંઈ મ્હને જોતું નથી"

" પ્રાણ ! હુ માબાપથી વિરુદ્ધ થઉ ?"

" એમા શો દોષ છે ? થાઓ "

" જો હુ એમ કરીશ તો તુ કયા રહીશ ? "

" તમારા ચરણોમા " પાર્વતીની આખોમા આસુ ભરેલા હતા

પાછા બન્ને ચુપ બેસી રહ્યા ઘડીઆળમા ચાર વાગી ગયા ગ્રીષ્મકાળની રાત્રિ હોઈ, સત્વર પ્રભાત થશે વિચારી દેવદાસ પાર્વતીનો હાથ પકડી કહ્યુ –" ચાલ, હુ તને ઘેર મૂકી આવુ –"

" મ્હારી સાથે આવશે ? "

" તેથી નુકસાન શુ છે ? જો નિંદા થાય તો કાઇ ઉપાય કરી શકાય

" ત્યારે ચાલો "

બન્ને ધીમે પગલે બ્હાર નીકળી પડયા

પ્રકરણ ૭ મુ

— o —

સુખ પ્રાપ્તિની આશામા ભયકર નિરાશા.

બીજે દિવસે પિતાની સાથે દેવદાસની થોડા વખત માટે વાતચિત થઇ

પિતાએ કહ્યુ —" તુ મ્હને પ્રથમથીજ બાળતો આવ્યો છે જ્યા સુધી જીવીશ ત્યા સુધી બળવુ પડશે ત્હારે મુખે આ વાત સાભળી આશ્ચર્ય પામવા જેવુ કાઇ નથી "

દેવદાસ ચુપકીદીથી નીચુ જોઇ બેસી રહ્યો પિતાએ કહ્યુ –" હુ એમાનુ કાંઇ ન જાણુ તુ અને ત્હારી બા મળી જેમ ફાવે તેમ કરો "

દેવદાસની માતાએ એ વાત સાભળી રડી પડીને કહ્યુ –" હે

હરિ• મ્હારા નસીબમા આટલુ બધુ જોવા તથા વેઠવાનુ હતુ !"

તેજ દિવસે દેવદાસ કલકત્તા ચાલ્યો ગયો

એ વાત સાભળી પાર્વતી કઠોર મુખે વિશેષ કઠિન હાસ્ય કરી ચુપ બેસી રહી ગઈ રાતની વાત કોઇ જાણતુ નહોતુ પાર્વતીએ એ વાત કોઇને કહી નહિ એવામા મનોરમાએ આવીને કહ્યુ —"પારૂ ! દેવદાસ ચાલ્યા ગયા છે, એમ મ્હે સાભળ્યુ છે"

'હા, ખરી વાત છે "

"ત્યારે ત્હારૂ શુ કરી ગયા ?"

આ પ્રશ્નનો ઉત્તર પાર્વતી પોતેજ જાણતી નહોતી એટલે તે બીજાને શો ઉત્તર આપે ? છેલ્લા કેટલાક દિવસથી તે એજ ચિતા કર્યા કરતી હતી, પરતુ આશા કેટલી છે અને નિરાશા કેટલી છે એ તે કોઇ પણ રીતે નકકી કરી શકતી નહોતી, જ્ગતનો મુખ્ય નિયમ એ છે કે, મનુષ્ય જ્યારે આવા દુ ખના સમયમ આશા નિરાશાનો કિનારો જોઈ શકતુ નથી ત્યારે દુર્બળ મન ભય સહિત આશાનેજ પકડી રાખે છે પાર્વતીના દુર્બળ મનમ એવી આશા ભરાઈ રહી હતી કે, ગઇ રાતની વાત વિફળ નહિજ થાય એ વિફળ થતા પોતાની કેવી દશા થશે એ તેની ચિન્ત બ્હાર હતુ આમ હોવાથી તે વિચારતી હતી કે, દેવદાસ ફરીથી આવશે આવીને મ્હને કહેશે કે, "પારૂ ! મ્હારામા શક્તિ છે ત્યા સુધી હુ તને બીજાના હાથમા સોપી શકીશ નહિ "

પરતુ એ દિવસ પછી પાર્વતીને એવો પત્ર મળ્યો કે,—

"પાર્વતિ ! આ બે દિવસમા ત્હારોજ વિચાર કર્યો છે આપણો એક બીજા સાથે વિવાહ થાયએનાથી માતા પિતા સર્વાંશે વિરૂદ્ધ છે તને સુખી કરવા જતા તેમને જે દુ ખ દે પડે તેમ છે તે હુ દઈ શકુ તેમ નથી—મ્હારામા એટલી શક્તિ નથી વળી એમની ઇચ્છા વિરૂદ્ધ આ કાર્ય હુ કેવી રીતે કરૂ ? તને પુન પત્ર લખવાની આશા નહિ હોવાથી આ પત્રમાજ બધી વાત સ્પષ્ટતાથી લખુ છુ ત્હારૂ ઘર ઉતરતુ છે કન્યા વિક્રય કરનાર કુટુબમા ત્હારો જન્મ થયો છે વળી અમારા પાડોશમાજ તુ રહે છે આવી પરિસ્થિતિ હોવાથી માતા પિતા કોઇ પ્રકારે

આપણો સબધ બાધવા રાજી નથી પેલી રાતની વાત યાદ આવતા ઘણુ દુ ખ થાય છે ત્હારા જેવી રીસાળ કન્યાએ કેટલા બધા દુ ખનો અનુભવ થયા પછી એ કામ કર્યું હશે એ હુ જાણુ છુ

"બીજી એક વાત કહેવી જોઇએ તને હુ પુષ્કળ ચ્હાતો હતો એમ મ્હને કોઈ દિવસે લાગ્યુ નથી—આજે પણ ત્હારે માટે મ્હારા અતરમા હુ અપાર દુ ખ તો નથીજ અનુભવતો મ્હારે લીધે તુ દુ ખી થઈશ એજ મ્હારી મ્હોટી ચિંતા છે યત્નપૂર્વક મ્હને ભૂલી જજે તુ સુખી થા એવો અત કરણપૂર્વક હુ આશીર્વાદ આપુ છુ **દેવદાસ.**"

જ્યા સુધી પત્રને પોસ્ટમા નાખ્યો નહોતો ત્યા સુધી દેવદાસ એકજ વાત વિચારતો હતો, પરતુ પત્રને પોસ્ટમા નાખ્યા પછી તે બીજી વાત વિચારવા લાગ્યો હાથમાનો પત્થર ફેકી દીધા પછી તે એક નજરે એ તરફ જોઈ રહ્યો એક અચોક્કસ શકા તેના મનમા ધીમે ધીમે ગોળાયા કરતી હતી ને વિચારતો હતો કે, 'આ પત્થર તેના મસ્તક ઉપર કેવી રીતે પડશે! તેને બહુ વાગશે કે? એ બચશે કે?' પેલી રાત્રે પગો ઉપર માથુ રાખી તે કેવી રીતે રડી હતી એ પોસ્ટ આફિસેથી મુકામ તરફ જતા હરેક પગલે દેવદાસને યાદ આવતુ હતુ પોતે જે કર્યુ તે સારૂ છે કે? સહુથી મુખ્ય વાત દેવદાસ એ વિચારતો હતો કે, જ્યારે પાર્વતીનો પોતાનો કાઇ દોષ નથી ત્યારે પછી પિતા માતા નિષેધ કેમ કરે છે? ઉમ્મર વધવાની સાથે તેમજ કલકત્તામા રહીને તે એટલુ સમજી શકતો હતો કે, ફક્ત લોકોને દેખાડવાની કુળમર્યાદા તથા એક તુચ્છ કલ્પનાને વળગી રહીને નિરર્થક એક જીવનો નાશ કરવો જોઇએ નહિ જો કદાચ પાર્વતી જીવનથી કટાળી જાય—જો તે સરિતાના જળમા પડી અતરની જ્વાળા શાન્ત કરે તો વિશ્વપિતાના ચરણમા એક મહાપાપનો ભાર નહિ લાગે કે?

મુકામ ઉપર જઈ દેવદાસ તેની ઓરડીમા સૂઈ ગયો આજકાલ તે એક ન્હાની લૉજમા રહેતો હતો મામાના આશ્ર

યનો ઘણા દિવસથી તેણે ત્યાગ કર્યો હતો—ત્યા તેને કોઈ પણ રીતે ફાવતુ નહોતુ જે ઓરડીમા દેવદાસ રહેતો હતો તેની પાસેની ઓરડીમા ચુનીલાલ નામનો એક યુવક લગભગ નવ વર્ષથી રહેતો હતો, તે બી, એ, ની પરીક્ષા પસાર કરવા માટે આટલા બધા વર્ષ સુધી કલકત્તામા રહ્યો હતો, પરતુ હજી સુધી સફળતા મળેલી નહિ હોવાથી તેને રોકાઇ રહેવુ પડયુ હતુ ચુનીલાલ તેના હમ્મેશાના ક્રમ પ્રમાણે આજે પણ સધ્યાકાળે ફરવા જતો હતો હમ્મેશા સધ્યાકાળે બ્હાર ફરવા નીકળી પડી પ્રભાતકાળના અરસામા તે પાછો લૉજમા આવતો હતો લૉજના ફરવા ગયેલા માણસો હજી બ્હારથી આવ્યા નહોતા દસી બત્તી સળગાવી ગઈ દેવદાસ દ્વાર બધ કરી બિછાનામા સૂઈ ગયો

ધીમે ધીમે લૉજમા રહેતા માણસો ફરીને પાછા મુકામે આવ્યા જમવા માટે દેવદાસને બોલાવવામા આવ્યો, પરતુ ઉઠયો નહિ. ચુનીલાલ રાત્રે કોઈ પણ દિવસે લૉજમા સૂઈ રહેતો નહોતો આજે પણ તે આવ્યો નહોતો

રાતનો એક વાગો ગયો હતો લૉજમા દેવદાસ સિવાય બીજુ કોઈ જાગતુ નહોતુ ચુનીલાલે લૉજમા આવીને જોયુ તો દેવદાસની ઓરડી બધ હોવા છતા અદર બત્તી સળગતી હતી તેણે કહ્યુ —"દેવદાસ ભાઈ! જાગો છો કે ?"

દેવદાસ અદરથી ઉત્તર આપ્યો —"હા, આજે તમે વ્હેલા આવ્યા હો એમ લાગે છે."

ચુનીલાલે સહજ હસીને કહ્યુ —"એમજ છે આજે શરીર સારૂ નથી" આમ કહી તે પોતાની ઓરડીમા ચાલ્યો ગયો થોડા સમય પછી તેણે પરત આવીને કહ્યુ —"દેવદાસભાઇ! દ્વાર ઉઘાડશો કે ?"

"કામ છે ?"

"ધુમ્રપાનની વ્યવસ્થા છે કે ?"

"હા" કહી દેવદાસે ઉઠી દ્વાર ઉઘાડયા ચુનીલાલે ધુમ્રપાનની તૈયારી કરતા બેસી કહ્યુ —"દેવદસ! હજી સુધી કેમ જાગો છો ?"

"હમ્મેશા ઉંઘ આવે ખરી કે?"

ચુનીલાલે જાણે કે સહજ વિદ્રુપ કરી કહ્યું –"હું એમ ધારતો હતો કે, તમારા જેવા સરળ સ્વભાવના વિદ્યાર્થીએ કદાપિ મધ્યરાત્રિનું દર્શન નહિ કર્યું હોય આજે મ્હને એથી ઉલટોજ અનુભવ થયો છે "

દેવદાસ ચચળ બની ગયો હતો તેણે કાંઈ ઉત્તર આપ્યો નહિ

"તમારો જીવ શાન્ત નથી કેમ?"

એકાએક દેવદાસ બિછાના ઉપર બેઠો થયો વ્યગ્રભાવથી ચુનીલાલના મુખ તરફ જોઇ તેણે કહ્યું –"ભાઈ! તમને કોઈ પણ પ્રકારનું દુ ખ નથી કે?"

ચુનીલાલે હસીને કહ્યું –"ના

' આ જીવનમા તમને કોઈપણ વખતે દુ ખનો અનુભવ નથી થયો?"

"આવો પ્રશ્ન શા માટે પૂછો છો?"

"એ સાભળવાની મ્હારી ઈચ્છા છે "

"ઠીક છે એક દિવસે હુ બધી વાત કહીશ '

દેવદાસે કહ્યું –"ભાઇ! હમ્મેશા રાત્રે તમે ક્યા રહો છો?

ચુનીલાલે મૃદુ હાસ્ય કરી કહ્યું –"એ તમે જાણતા નથી કે?'

"જાણુ છુ, પરતુ બરાબર નહિ "

ચુનીલાલનુ મુખ ઉત્સાહથી ઉજ્વળ બની ગયુ આવી ચર્ચામા આંખની શરમ નડે એ સ્વાભાવિક છે, પરતુ લાબા કાળના અભ્યાસના દોષથી તે એ શરમને ભૂલી ગયો હતો કૌતુક કરી, આંખો મીચીને તેણે કહ્યું –"દેવદાસ! એ બધુ બરાબર જાણવાને માટે મ્હારા જેવા થવુ જોઇએ કાલે તમે મ્હારી સાથે આવશો?"

દેવદાસે એક વખત પોતાના મન સાથે કાંઈ વિચાર કરી જોયા પછી કહ્યું –"મ્હે સાભળ્યુ છે કે ત્યા ઘણો આનદ મળી

શકે છે, મનમા લેશ માત્ર દુ ખ રહેતુ નથી, એ વાત ખરી છે કે ?"

"તદ્દન ખરી વાત છે "

"જો એમજ હોય તો તમે મ્હને ત્યા લઇ જજો—હુ આવીશ "

બીજે દિવસે સંધ્યાકાળના અરસ્સામા ચુનીલાલે દેવદાસની ઓરડીમા આવી જોયુ કે, તે પોતાનો સરસામાન બાંધી તૈયાર કરતો હતો આશ્ચર્ય પામી ચુનીલાલે પુછ્યુ —" કેમ જવુ નથી કે ?"

દેવદાસે બીજી દિશા તરફ જોયા સિવાય કહ્યુ —" જવુ છે "

" ત્યારે આ બધુ શુ થાય છે ?"

" જવાની તૈયારી કરૂ છુ "

ચુનીલાલે સહજ હસીને વિચાર્યુ, આ તૈયારી કાંઈ જોવી તેવી નથી તે બોલ્યો —" સઘળો સામાન ત્યા લઈ જવો છે કે ?'

" ન લઇ જઉ તો કોને સોપી જાઉ ,

ચુનીલાલ સમજી શક્યો નહિ તેણે કહ્યુ —" મ્હારો સર સામાન હુ કોને સોપી જાઉ છુ ? બધુ અહી મ્હારી ઓરડી માજ પડી રહે છે "

દેવદાસે એકાએક સચેત થઈ ઉચુ જોયુ શરમાઈ જઇને કહ્યુ —" ભાઇ ! આજે હુ ઘેર જાઉ છુ "

" એ શુ ? ક્યારે પાછા આવશો ,'

દેવદાસે મસ્તક ધુણાવી કહ્યુ —" હવે હુ પાછો આવવાનો નથી "

અજાયબીથી ચુનીલાલે દેવદાસના મુખ તરફ જોયુ દેવદાસ કહેવા લાગ્યો —" આ રૂપિયા લ્યો મ્હારૂ જે કાઇ દેવુ છે તે એમાથી ચુકવી દેજો જો કાઇ વધે તો તે નોકર ચાકરને વહેચી આપજો હુ હવે કદાપિ કલકત્તા આવવાનો નથી " પોતાના મન સાથે તેણે કહ્યુ —" કલકત્તા આવવાથી મ્હને અપાર નુકસાન થયુ છે મ્હારૂ સર્વસ્વ જતુ રહ્યુ છે "

તોફાની કિશોર ઉમ્મરનુ એ વણમાગ્યુ, ચરણો નીચે ચગદાઇ ગયેલુ રત્ન સમસ્ત કલકત્તાની તુલનામા આજે યૌવનના મેઘાચ્છન્ન અધકારને ભેદી તેને ઘણુ કિમતી જણાવા લાગ્યુ ચુનીલાલના મુખ તરફ જોઇ તેણે કહ્યુ—"ભાઈ! શિક્ષણ, વિદ્યા, બુદ્ધિ, જ્ઞાન, ઉન્નતિ એ સઘળુ સુખ માટે છે તમે ગમે તે રીતે જુઓ, પોતાનુ સુખ વધારવા સિવાય એ સર્વનો કાઈ હેતુ નથી—"

ચુનીલાલે વચ્ચેજ પૂછ્યુ —' ત્યારે તમે હવે અભ્યાસ નથી કરવાના કે?"

"ના, અભ્યાસને લીધે મ્હને પુષ્કળ નુકસાન થયુ છે જો પ્રથમથી મ્હને એવી ખબર હોત કે, આટલા નુકસાનના બદલામા આટલુ શિક્ષણ મળશે તો આ જીવનમા હુ કદાપિ કલકત્તા આવત નહિ"

"આ તમને શુ થયુ છે?"

દેવદાસ ચિંતાતુર બની ગયો થોડા સમય પછી તેણે કહ્યુ —"ફરી જો કદાચ મુલાકાત થશે તો બધી વાત કરીશ"

એ વખતે રાતના નવ વાગી ગયા હતા લૅાજના માણસોને તથા ચુનીલાલને વિસ્મિત બનાવી દેવદાસ પોતાનો બધા સરસામાન લઈ ભાડાની ગાડીમા બેઠો તથા ચિરકાળને માટે તેણે એ સ્થાનનો ત્યાગ કર્યો તેના વિદાય થઈ ગયા પછી ચુનીલાલ લૅાજના માણસોને ઉદ્દેશી કહેવા લાગ્યો —"આવા અદ્ભુત સ્વભાવના માણસને ઓળખવાનુ કામ ઘણુ કઠિન છે"

પ્રકરણ ૮ મુ

સ્મૃતિચિહ્ન ને વિવાહ

સાવધાન તેમજ દૂરદર્શી માણસોનો સ્વભાવ જ એવો હોય છે કે, તેઓ ક્ષણ કાળની અંદર જ કિંવા જોવામાં આવતાની સાથે જ કોઈ પણ વસ્તુના દોષગુણ સંબંધી દૃઢ મત દર્શાવતા નથી પૂરતો વિચાર કર્યા સિવાય તેઓ કોઇ પણ પ્રસંગના નિશ્ચય ઉપર આવતા નથી એ દિશા જોઇ તેઓ આગ દિશાની વાત કહેતા નથી, પરંતુ માણસોનો બીજો એક એવો વર્ગ છે કે જે પ્રથમ વર્ગથી અવળા વિરુદ્ધ સ્વભાવ ધરાવે છે એ બીજા વર્ગના માણસોમાં કોઇ વસ્તુ ઉપર વિશેષ વખત સુધી ચિંતા કરવાની ધીરજ હોતી નથી કોઇ પણ વસ્તુ હાથમાં આવતાની સાથે તે સારી છે યા ખોટી એ તેઓ નક્કી કરે છે સંપૂર્ણ પરીક્ષા કરી જોવાનો પરિશ્રમ નહિ ઉઠાવતા તેઓ પોતાના વિશ્વાસને વળગી પડે છે એવા માણસો દુનિયામાં કાંઇ નથી કરી શકતા એમ તો ન જ કહી શકાય, ઉલટું કેટલીક વખતે તેઓ વિશેષ કાર્ય કરે છે ભાગ્ય સુપ્રસન્ન હોય છે તો આપણે તેમને ઉન્નતિના સર્વોચ્ચ શિખર ઉપર જોઇ શકીએ છીએ વળી જો ભાગ્ય પ્રસન્ન નથી હોતું તો તેઓ અવનતિની ઊંડી ગર્તામાં હમ્મેશાને માટે પડી રહે છે દેવદાસ પણ આ બીજા વર્ગનો માણસ હતો બીજે દિવસે સ્હવારે તે ઘેર જઇ પહોંચ્યો તેની માતાએ આશ્ચર્ય પામી પૂછ્યું "દેવા ! પાછી કૉલેજમાં રજાઓ પડી ?"

દેવદાસ 'હા ' કહી ચંચળ ચિત્ત ચાલ્યો ગયો પિતાએ પ્રશ્ન કર્યો ત્યારે પણ એવો કાંઈ ઉત્તર આપી તે દૂર ખસી ગયો કાંઈ સમજી નહિ શકવાથી જમીનદારે ગૃહિણીને પૂછ્યું ગૃહિણીએ બુદ્ધિ વાપરી કહ્યું—' હજી ગરમી ઓછી નથી થઇ તેથી ફરી રજાઓ પડી હશે "

બે દિવસ સુધી દેવદાસ અસ્થિર ચિત્તે ફર્યા કર્યો, કેમ કે તેની ઇચ્છા પાર પડતી નહોતી પાર્વતી સાથે એકાંતમાં તેની

મુલાકાત ન જ થઈ બે દિવસ પછી પાર્વતીની માતાએ દેવદાસને નજીક આવેલો જોઈ કહ્યુ —" ભાઇ' જ્યારે તુ આવી ચડયો છે ત્યારે હવે પારૂનો વિવાહ થાય ત્યા સૂધી રહી જા "

દેવદાસે કહ્યુ —" સારૂ "

બપોરે જમી રહ્યા પછી પાવતી હમ્મેશા નદીના બાધ પાસે જઈ પાણી ભરી લાવતી હતી આજે પણ પીત્તળનો ઘડો લઇ તે વાટ ઉપર જઈ ઉભી રહી આ વખતે થોડે દૂર એક મ્હોટા ઝાડની નજીક દેવદાસને પાણીમા છીપ નાખી બેસી રહેલો તેણે જોયો એક વખત તેને પાછી ચાલી જવાનો વિચાર આવ્યો તે સાથે પાણી ભરી ચુપકીદીથી ઘેર જવાનો વિચાર પણ ઉપજ્યો, પરતુ તે ઝડપથી કોઇ કાર્ય કરી શકી નહિ ઘડાને વાટ ઉપર મૂકતા જે અવાજ થયો તે સાભળી દેવદાસે તેના તરફ જોયુ પછી હાથ હલાવી તે બોલ્યો —" પારુ' અહી આવી મ્હારી વાત સાભળી જા "

પાવતી ધીમે ધીમે તેની પાસે જઈ ઉભી રહી દેવદાસે ફક્ત એક વખત મુખ ઉચુ કર્યુ ત્યાર પછી ઘણા સમય સૂધી શૂન્ય દૃષ્ટિથી તે પાણી તરફ જોઈ રહી પાર્વતીએ કહ્યુ —" મને શુ કહેવુ છે ?"

દેવદાસે બીજી કોઈ દિશા તરફ જોયા સિવાય કહ્યુ —" અહો બેસ " પાર્વતી નીચે બેઠી નહિ તે નીચુ જોઇ ઉભી રહી પછી થોડા સમય સૂધી જ્યારે કાઈ વાત થઇ નહિ ત્યારે પાર્વતી ધીમેથી એકેક પગલુ ભરતી ઘાટ તરફ જવા લાગી દેવદાસે એક વખત મ્હો ઉચુ કરી જોયુ ત્યાર પછી પુન પાણી તરફ નજર કરી તેણે કહ્યુ —" સાભળ "

પાર્વતી પાછી આવી, પરતુ દેવદાસ કોઈ વાત કહી શકયો નહિ આવુ જોઈ તે પાછી ચાલી ગઈ દેવદાસ ચુપકીદી ધારણ કરી બેસી રહ્યો થોડા સમય પછી ઘાટ તરફ નજર કરી તો પાર્વતીને પાણી ભરી ઘર તરફ જતી તેણે જોઈ તરત જ તે છીપ ખેચી લઈ ઘાટ નજીક જઈ ઉભો રહ્યો તેણે કહ્યુ —" પાર્વતી' હુ આવ્યો છુ."

પાર્વતીએ ઘડો નીચે મૂકયો. તે કાંઇ બોલી નહિ. દેવદાસે ફરીથી કહ્યુ –" હુ આવ્યો છુ, પારુ !"

થોડા સમય સુધી ચુપ રહ્યા પછી અત્યંત મૃદુ સ્વરે પાર્વતીએ પૂછ્યુ –" શા માટે આવ્યા છો ?"

" ત્હે લખ્યુ હતુ તે યાદ નથી ?"

" ના "

" આ શું કહે છે ! પેલી રાતની વાત તને યાદ આવતી નથી ?"

" આવે છે, પણ હવે એ વાતનુ શુ કામ છે ?"

તેનો કંઠસ્વર સ્થિર, પણ અતિ રૂક્ષ હતો. દેવદાસ તેનો મર્મ સમજી શકયો નહિ. તેણે કહ્યુ –" પારુ ! મ્હને ક્ષમા આપ. એ વખતે હુ આટલુ બધુ સમજતો નહોતો."

" ચુપ રહો, એ બધી વાત મ્હને સાંભળવી ગમતી નથી."

" હુ કોઇ પણ રીતે માબાપને રાજી કરીશ ! કેવળ તુ –"

પાર્વતીએ દેવદાસના મુખ તરફ એક વખત તીવ્ર દૃષ્ટિપાત કરી કહ્યુ –" તમારે માબાપ છે અને મ્હારે નથી કે ? તેમની મરજીની જરૂર નથી કે ?"

દેવદાસે શરમાઇ જઇ કહ્યુ –" એ વાતની હુ કયાં ના પાડુ છુ ? પણ તેમની કાંઇ નામરજી નથી. કેવળ તુ —"

પાર્વતી વચ્ચે જ તીવ્ર કંઠે બોલી ઉઠી –" કેવળ હુ ! તમારી સાથે ! નહિ–" તત્કાળ દેવદાસની બન્ને આંખો અગ્નિની માફક સળગી ઉઠી. કઠિન કંઠે તેણે કહ્યુ –" પાર્વતી ! તુ મ્હને ભૂલી ગઇ કે ?"

પ્રથમ તો પાર્વતી અધીર બની ગઇ. બીજી ક્ષણે આત્મસંવરણ કરી લઇ શાન્ત કઠિન સ્વરે તેણે ઉત્તર આપ્યો –" ના, ભૂલી શા માટે જાઉં ? બાલ્યાવસ્થાથી હુ તમને જોઉં છુ, જ્ઞાન આવ્યું ત્યારથી તમારો ભય રાખતી આવી છુ—તેથી જ તમે મ્હને ભય બતાવવા આવ્યા છો કે ? હજી સુધી તમે મ્હને નથી ઓળખી શકયા કે ?" આમ કહી બન્ને નિર્ભય આંખો ઉંચી કરી તે ઉભી રહી.

પ્રથમ દેવદાસ કાંઇ બોલી શક્યો નહિ પછી તેણે કહ્યું — "હમ્મેશા તું મ્હારો ભય રાખતી જ આવી છે કે ? બીજું કાંઇ નહિ કે ?"

પાર્વતીએ દૃઢ સ્વરે કહ્યું — "ના, બીજું કાંઇ જ નહિ "

" ખરૂ કહે છે ?"

"હા, ખરૂ કહું છું તમારામાં મ્હને લેશ માત્ર આસ્થા નથી હું જેમની પાસે જાઉં છું તેઓ ધનવાન, બુદ્ધિમાન,— શાન્ત તેમજ સ્થિર છે તેઓ ધાર્મિક છે મ્હારા માબાપ મ્હારૂં કલ્યાણ ઇચ્છે છે તેથી જ તેઓ તમારા જેવા એક અજ્ઞાની, ચંચળ ચિત્તના ઝનુની માણસના હાથમાં મ્હને કોઇ પણ રીતે સોંપે તેમ નથી રસ્તો મૂકો, મ્હને જવા દો "

દેવદાસે એક વખત રસ્તો મુક્ત કરવાની તૈયારી કરી પરંતુ બીજી જ ક્ષણે રસ્તામાં સ્થિર ઉભો રહી ફરીથી જોઇ તે બોલ્યો — "આટલું બધું ગુમાન !"

પાર્વતી કહેવા લાગી — "ગુમાન કેમ ન હોય ? તમે ગુમાન રાખી શકો ને હું ન રાખી શકું ? તમારામાં રૂપ છે, ગુણ નથી મ્હારામાં રૂપ છે અને ગુણ પણ છે તમે મ્હોટા લોક છો તે મ્હારા બાપ કાંઇ ભીખારી નથી વળી ભવિષ્યમાં હું તમારાથી કોઈ પણ રીતે ઉતરતી રહેવાની નથી, એ તમે જાણો છો ?"

દેવદાસ ચુપ થઈ ગયો પાર્વતી પુનઃ કહેવા લાગી — "તમે મ્હને ઘણું નુકસાન પહોંચાડવાનો વિચાર કરો છો, વિશેષ નહિ તો થોડું નુકસાન મ્હને તમે પહોંચાડી શકશો એ હું જાણું છું ભલે, તેમ કરજો મ્હારો રસ્તો છોડો "

દેવદાસે અજ્ઞાનીની માફક પુછ્યું — "હું તને કેવી રીતે નુકસાન પહોંચાડી શકું ?"

પાર્વતીએ તત્કાળ ઉત્તર આપ્યો — "કલંક મુકીને, જાઓ, તેમ કરજો "

માથા ઉપર પહાડ તૂટી પડ્યો હોય એવા ભાવથી દેવદાસ જોઈ રહ્યો તેના મુખમાંથી કેવળ એટલા જ શબ્દો બ્હાર નીકળ્યા કે, "હું કલંક મુકું !"

પાર્વતીએ ? જેવું ક્રૂર હાસ્ય કરી કહ્યું — "જાઓ, છોકરી

વખતે મ્હારા નામ ઉપર કલંક લગાડો પેલી રાત્રે હું એકલી તમારી પાસે આવી હતી એ વાત સઘળા માણસોને કહી દો એમ કરવાથી તમારા મનને ઘણી શાન્તિ મળશે" આટલું બોલી પાર્વતીના અહંકારી ક્રોધી ઓષ્ઠાધર કંપતા કંપતા સ્થિર થઈ ગયા.

ક્રોધથી, તથા અપમાનથી દેવદાસના અંતરમાં પ્રચંડ જ્વાળામુખી સળગી ઉઠયો અસ્પષ્ટ સ્વરે તેણે કહ્યું—"મિથ્યા કલંક લગાડી મ્હારા મનમાં હું શાન્તિ મેળવીશ, કેમ ?" પછી બીજી જ ક્ષણે હાથમાની છીપને જોરથી હલાવી ભયંકર કંઠે તે બોલ્યો—"પાર્વતી! સાંભળ આટલું બધું રૂપ હોય એ સારૂં નથી એ રૂપથી અહંકાર ઘણો વધી જાય છે" પછી કંઠસ્વર સહજ નમ્ર કરી તેણે ઉમેર્યું, "તું જોઈ શકતી નથી કે, ચંદ્રમા વિશેષ રૂપ હોવાથી જ તેમાં કલંકનો ડાઘ છે, પદ્મ તદ્દન સફેદ હોવાથી જ તેમાં કાળો ભમરો બેસી રહે છે રહે, ત્હારા મુખ ઉપર પણ કલંકનું ચિહ્ન અંકિત કરી દઉં

દેવદાસની સહનશક્તિની સીમા પસાર થઇ ગઇ હતી તેણે છીપ હલાવી જોરથી પાર્વતીના મસ્તક ઉપર આઘાત કર્યો તે સાથે ડાબી બાજૂના કપાળનો ભમર સુધીનો થોડો ભાગ ચીરાઈ ગયો આંખની પલક પડે એટલામાં જ પાર્વતીનું આખું મ્હોં લોહીથી તરબોળ થઈ ગયું

પાર્વતીએ નીચે બેસી પડી કહ્યું—"દેવદાસ! આ શું કર્યું ?"

દેવદાસે હાથમાની છીપના ટુકડા કરી પાણીમાં ફેંકી દઈ ઉત્તર આપ્યો—"એથી બ્હીવા જેવું કાંઈ નથી ફક્ત થોડો ભાગ ચીરાઇ ગયો છે"

પાર્વતી વ્યાકુળ કંઠે રડીને બોલી—"ઓ દેવદાસ !"

પોતાના પાતળા ખમીસનો થોડો ભાગ ફાડી નાખી, પાણીમાં ભીંજાવી, પાર્વતીના કપાળ ઉપર બાંધતા બાંધતા દેવદાસે કહ્યું—"પારૂ! બ્હીશ નહિ આ ઘા જલ્દી રૂઝાઈ જશે—ફક્ત ડાઘ રહેશે જો કોઈ એ સંબંધી પૂછપરછ કરે તો તું ખોટું બોલજે તેમ ઠીક ન લાગે તો પછી ખરૂં બોલી ત્હારા કલંકને તું પોતે જ જાહેર કરજે."

"ઓ મા રે !"

"પારુ ! આવી રીતે વિલાપ ન કરીશ છેલ્લી વિદાયના દિવસે યાદ રહે એવુ કેવળ એક ચિહ્ન રાખી જાઉ છુ. આવુ સુદર મુખ તુ વારવાર આયનામા જોઈશને ?" આમ કહી ઉત્તર સાભળવાની પરવાહ રાખ્યા સિવાય તે ચાલ્યો જવા લાગ્યો

પાર્વતી રડતા રડતા વ્યાકુળતાથી બોલી—"દેવદાસ !"

દેવદાસ પાછો તેની પાસે આવ્યો તેની આખના ખુણામા એક બિદુ જળ હતુ અત્યત સ્નેહજડિત કઠે તેણે પૂછ્યુ – "શુ છે, પારુ ?"

"આ વાત કોઈને કહેશો નહિ"

એ ક્ષણે જ દેવદાસે નીચા વળી પાર્વતીના કેશકલાપ ઉપર ઓષ્ઠાધરનો સ્પર્શ કરી કહ્યુ—"પારુ ! તુ મ્હારાથી કાઇ ભિન્ન છે કે ? બાલ્યાવસ્થામા તુ બદમાશી કરતી ત્યારે ઘણી વખત ત્હારા કાન આમળ્યા છે એ તને યાદ નથી ?"

"દેવદાસ ! મ્હને માફી આપો"

"એવુ કહેવાની કાઈ જરૂર નથી પારુ, તુ મ્હને તદ્દન ભૂલી ગઇ હતી કે ? મ્હે ક્યારે ત્હારા ઉપર ક્રોધ કર્યો હતો ? મ્હે ક્યારે તને માફી નથી આપી ?"

"દેવભાઈ—"

"પાર્વતી ! તુ જાણે છે કે, હુ વિશેષ વાત કહી શકતો નથી, તેમજ આસપાસનો પૂરતો વિચાર કરી, કોઇ કાર્ય કરી શકતો નથી જે વખતે જે મનમા આવે છે તે કરી નાખુ છુ" આમ કહી દેવદાસે પાર્વતીના મસ્તક ઉપર હાથ મૂકી આશીર્વાદ આપી કહ્યુ —"ત્હે સારૂ જ કર્યુ છે કદાચ મ્હારી પાસે તને સુખ મળત નહિ, ઉલટુ ત્હારા દેવદાસને અક્ષય સ્વર્ગની પ્રાપ્ત થાત"

આ સમયે બાધની બીજી દિશા તરફથી કોઇ આવતુ હતુ ! પાર્વતી ધીમે ધીમે આગળ જઇ પાણીમા ઉતરી દેવદાસ ચાલ્યો ગયો. પાર્વતી જ્યારે ઘેર આવી ત્યારે નમતો પહોર થયો હતો દાદીએ નજર ફેરવ્યા સિવાય જ કહ્યુ —"પારૂ, નદી ખોદીને પાણી ભરી લાવવા ગઈ હતી કે ?"

દાદીએ તરત પાર્વતીના મુખ તરફ જોયુ જોતાની સાથે ઉચ્ચ કંઠે બોલી ઉઠી —“ઑય મા! આ વળી શુ થયું? આટલુ બધુ કેવી રીતે વાગ્યુ?”

હજી પણ નામાથી લોહી વહી જતુ હતુ ઉપરનુ લૂગડુ લોહીથી ભીજાઇ ગયુ હતુ પાર્વતીએ સ્થિર ભાવથી ઘડો નીચે ઉતારી યથાસ્થળે મૂકયો માએ આવી રડવા જેવુ મ્હોં કરી કહ્યુ —“પારૂ! આટલુ બધુ કેવી રીતે વાગ્યુ?”

પારૂએ સહજ ભાવથી કહ્યુ —“ઘાટ ઉપરથી પગ ખસી જતા પડી ગઇ ને તેથી પગથીઆ સાથે માથુ અફળાવાથી વાગ્યુ ”

ત્યાર પછી બધા એકઠા થઈ સારવાર કરવા લાગ્યા દેવદાસે ખરી જ વાત કહી હતી—ઘા બહુ ગભીર નહોતો ચાર પાચ દિવસમા જ તે સુકાઇ ગયો બીજા આઠ દિવસ વીતી ગયા ત્યાર પછી એક દિવસે રાત્રે હાતીપોતા ગામના જમીનદાર શ્રીયુત ભુવનમોહન ચૌધુરી વરવેષ ધારણ કરી વિવાહ કરવા આવ્યા એ પ્રસગે બહુ ભપકો થયો નહિ ભુવન બાબુ મૂર્ખ માણસ નહોતા પ્રૌઢ ઉમ્મરે પુનર્વિવાહ કરવા આવતા છોકરવાદી રીતભાત પ્રમાણે વર્તવુ તેમણે પસદ કર્યુ નહોતુ

વરની ઉમ્મર ચાળીસ વર્ષથી ઓછી નહોતી શરીર ગૌર હતુ મુછોના વાળ અર્ધ્ધપકવ હતા મસ્તકના અગ્ર ભાગમા ટાલ પડેલી હતી વરને જોઇ કોઇએ હાસ્ય કર્યું, કોઇ ચુપ જ રહ્યુ ભુવન બાબુ શાન્ત ગભીર મુખે જાણે અપરાધીની માફક લગ્નમડપમા હાજર થયા શુભદષ્ટિ વખતે પાર્વતી સ્થિર ભાવથી જોઇ રહી તેના ઓષ્ઠના ખુણા ઉપર હાસ્યની રેખા હતી ભુવન બાબુ એક બાળકની માફક નીચુ જોઈ રહ્યા નજીક બેઠેલી રસિકાઓ ખડખડાટ હસી પડી. નીલકઠ વ્યસ્ત ભાવથી આમ તેમ આટા મારવા લાગ્યો પ્રૌઢ જમાઇને લીધે તે કાંઇક અશે અસ્થિર બની ગયો હતો જમીનદાર આજે કન્યાકર્તા હતા તેમની ચતુરાઇને લીધે બધુ નિર્વિઘ્ને પાર પડયુ. શુભ કાર્ય સુવ્યવસ્થાથી સપન્ન થઇ ગયુ

સધ્યાકાળને થોડો વિલબ હતો એવામા પાર્વતીને એકાંત

ઓરડામાં ખેંચી જઈ મનોરમાએ આશીર્વાદ આપી કહ્યું —"જ થયું તે સારું જ થયું હવે કેટલા સુખમાં રહે છે તે જોજે"

પાર્વતીએ સહજ હસીને કહ્યું —"એ તો હું જાણું છું યમની સાથે કાલે થોડો પરિચય થયો હતો !"

"એટલે ?"

"વખત આવ્યે હું તને બધી વાત કહીશ" પછી મનોરમાએ બીજી વાત કાઢી તે બોલી —"એક વખત દેવદાસને બોલાવી આ સુવર્ણ પ્રતિમા દેખાડવાની મ્હને ઈચ્છા થાય છે"

પાર્વતી બોલી ઉઠી —"ત્હારાથી એ બની શકશે ? એક વખત એમને બોલાવી શકાય નહિ કે ?"

આ કંઠસ્વરથી બી ઉઠી મનોરમાએ કહ્યું —"પારૂ' આમ કેમ બોલે છે ?"

પાર્વતીએ હાથમાંના કંકણ હલાવતાં હલાવતાં કહ્યું —"આજે જવાનું હોવાથી તેમની ચરણરજ મસ્તકે ચઢાવવાની મ્હારી ઈચ્છા છે"

મનોરમાએ પાર્વતીને પોતાના છાતી પાસે ખેંચી લીધી બન્ને જણીએ ઘણું રૂદન કર્યું એ રાત્રે જ પાર્વતી પોતાને સાસરે ચાલી ગઈ

પ્રકરણ ૯ મું.

વેશ્યા સાથે પહેલી મુલાકાત !

હવે આપણે દેવદાસ તરફ નજર ફેરવીએ એ રાત તેણે કલકત્તાના ઇડન ગાર્ડનની એક બેંચ ઉપર બેની પસાર કરી દીધી એને ઘણું દુઃખ થતું હતું અગર તો યાતનાથી તેનું હૃદય ચીરાઈ જતું હતું, એમ તો નહોતું જ એક પ્રકારની ટાઢી ઉદાસીનતા ધીમે ધીમે તેના અંતરમાં એકઠી થતી હતી ક્રોધની અંદર શરીરનું કોઈ એક અંગ એકાએક પક્ષઘાતથી રહી જાય તથા ઊંઘમાંથી જાગી ઉઠયા પછી એ અંગ ઉપર પોતાનો કાંઈ અધિકાર જોવામાં આવે નહિ, વિસ્મિત, સ્તંભિત મન પોતાનું હંમેશાનું સંગી અંગ કેમ હાલતું ચાલતું નથી તેનો નિશ્ચય

કરી શકે નહિ તથા વખત જતા એમ જાણવામા આવે કે એ અગ હવે પોતાનુ નથી તેજ પ્રમાણે દેવદાસ ધીમે ધીમે આખી રાતમા એમ સમજતો હતો કે, સસારને પક્ષત્રાન થયેલો હોઈ હમ્મેશાંને માટે તેનો તેની સાથે વિયોગ થયો છે હવે એના ઉપર પોતાનો ગુસ્સો કે અભિમાન ચાલી શકનાર નથી એના ઉપર પોતાનો અધિકાર હતો એવો વિચાર પણ કરી શકાશે નહિ

એ વખતે સૂર્યોદય થતો હતો દેવદાસે ઉઠી ઉભા થઈ કયા જવુ તેનો વિચાર કરવા માડ્યો એકાએક તેને કલકત્તાનુ રહેઠાણ—પેલી લૉજ યાદ આવી ચુનીલાલની સાથે ત્યા મુલાકાત થશે એમ તેને લાગ્યુ દેવદાસ ચાલવા લાગ્યો રસ્તે બેત્રણ વખત ઠોકર વાગી–આગળી ટીચાઇને લોહી નીકળ્યુ રસ્તે અસ્થિર ચિત્તે એક બે માણસો સાથે અથડાઈ પડયો સ્હામેના માણસોએ તેને દારૂડીઓ ધારી હડસેલી મૂકયો આવી રીતે રખડી રઝળીને સંધ્યાકાળે તે લૉજના દ્વાર પાસે જઈ ઉભો રહ્યો ચુનીલાલ એ વખતે સુસજ્જિત થઈ બ્હાર જતો હતો તેણે પૂછ્યુ –'દેવદાસ! તમે અહીં કયાથી?"

દેવદાસ ચુપકીદીથી ચુનીલાલના મુખ તરફ જોઇ રહ્યો ચુનીલાલે કહ્યુ –"ક્યારે આવ્યા? તમારૂ મ્હો લેવાઈ કેમ ગયુ છે? ખાધુ પીધુ પણ નથી કે? આ બધુ શુ છે?!"

દેવદાસ લોથપોથ થઈ ગયેલો હોઇ દ્વાર પાસેજ બેસી જવાની તૈયારી કરવા લાગ્યો ચુનીલાલ તેનો હાથ પકડી તેને અદર લઈ ગયો પછી પોતાના બિછાના ઉપર બેસાડી, શાત કરી તેણે પૂછ્યુ –'દેવદાસભાઇ! શુ થયુ છે?"

"હુ ગઈ કાલે ઘેરથી આવ્યો છુ"

"કાલે? ત્યારે કાલની રાત અને આજનો આખો દિવસ કયા હતા?

"ઇડેન ગાર્ડનમાં"

"ગાંડા થઇ ગયા છો કે શુ! શુ થયુ છે તે કહો?"

"એ સાભળવાથી શો લાભ છે?"

"ગમે તેમ હો, જે થયુ હોય તે મ્હને કહો હમણા જમી લ્યો. તમારો સરસામાન કયા છે?"

" મ્હારી સાથે હુ કાંઇ લાવ્યો નથી "

' ઠીક છે, ચાલો જમવા માટે ઉઠો "

બળાત્કારે દેવદાસને ખેંચી જઇ ચુનીલાલે જમાડયો પછી તેને શય્યામા સુઇ રહેવાની આજ્ઞા કરી, ઓરડીનુ દ્વાર બધ કરતા કરતા તેણે કહ્યુ –' હવે ચિત્ત શાન્ત કરી ઉંઘી જાઓ રાત્રે હુ આવીને તમને જગાડીશ " આમ કહી ચુનીલાલ ચાલ્યો ગયો તે જ્યારે રાતે દશ વાગ્યે પાછો આવ્યો ત્યારે દેવદાસ તેના બિછાનામા ઉઘી ગયો હતો તેને જગાડયા સિવાય એક શેતરજી પાથરી ચુનીલાલ નીચે સૂઇ ગયો આખી રાતમા દેવદાસ જાગ્યો નહિ મ્હવારે દશ વાગ્યાના અરસામા જાગૃત થઇને તેણે પૂછ્યુ –"ચુનીલાલભાઈ ! તમે કયારે આવ્યા ?"

" હમણા જ "

" તમને કાંઈ હરકત વેઠવી પડી નથીને ?'

" ના "

દેવદાસે થોડી ક્ષણુ સુધી તેના મુખ તરફ જોઇ રહ્યા પછી કહ્યુ –"ચુનીભાઈ ! મ્હારૂ કોઈ નથી ? તમે મ્હારૂ પ્રતિપાલન કરશો ?"

ચુનીલાલ હસ્યો દેવદાસના પિતા ઘણા ધનવાન હતા એ તે જાણતો હોવાથી હસીને તેણે કહ્યુ –" હુ તમારૂ પ્રતિપાલન કરૂ ! બહુ સારી વાત ચિંતા કરવાની જરૂર નથી ઇચ્છા હોય એટલા દિવસ સુધી અહીં રહો

" ચુનીભાઈ ! તમારી આવક કેટલી છે ?'

" ભાઇ ! મ્હારી આવક જુજ છે ઘેર જે થોડી સપત્તિ છે તે મ્હોટાભાઈને સોપી હુ અત્રે રહુ છુ તેઓ દર માસે મ્હને સીત્તર રૂપિયા મોકલી આપે છે એ રકમમાથી આપણુ બન્નેનુ સહેલાઈથી ગુજરાન થઇ શકશે "

" તમે ઘેર કેમ નથી જતા ?"

ચુનીલાલે મ્હોને સહજ બીજી દિશા તરફ ફેરવી કહ્યુ – એ વાત બહુ લાબી છે "

દેવદાસે બીજુ કાંઇ પૂછ્યુ નહિ યથા સમયે ભોજન કરવા માટે હાક પડી બન્ને જણા સ્નાન કરી પુન ઓરડીમા આવી

એકા ચુનીલાલે પુછ્યુ –" દેવદાસ ! તમે તમારા પિતા સાથે તકરાર કરી છે ?"

" ના "

" બીજા કોઈની સાથે તકરાર કરી છે ?'

દેવદાસે ઉત્તરમા કહ્યુ –" ના "

ત્યાર પછી એકાએક ચુનીલાલને બીજી એક વાત યાદ આવી તેણે કહ્યુ –" હાં હાં, હજી તો તમારો વિવાહ પણ થયો નથી "

આ વખતે દેવદાસ બીજી દિશા તરફ મુખ ફેરવી સૂઈ ગયો ચુનીલાલે અલ્પકાળમાં જ તેને ઉંઘી ગયેલો જોયો આવી રીતે ઉંઘવામા જ બે ત્રણ દિવસ પસાર થઇ ગયા ત્રીજે દિવસે પ્રાત કાળે દેવદાસ સુસ્થ થઇને ઉઠયો તેના મુખ ઉપરની ચિંતાની ગાઢ છાયા ઘણા અશે જાણે કે દૂર થઈ ગઇ હતી ચુનીલાલે પુછ્યુ –"આજે તબિયત કેવી છે ?"

" સારી છે ઠીક ચુનીભાઈ ! હમ્મેશા રાત્રે તમે ક્યાં જાઓ છો ?"

આજે ચુનીલાલ શરમાયો તેણે કહ્યુ —" એ વાતનુ શુ કામ છે ? આજે તમે કૉલેજમા નથી જવાના કે ?"

" ના, મ્હે અભ્યાસ છોડી દીધો છે "

" એમ તે થાય કે ? બે મહિના પછી તમારી પરીક્ષા છે તમે અભ્યાસ પણ સારો કર્યો છે, છતા પરીક્ષા શા માટે ન આપો

" ના—ના, હવે મ્હારે ભણવુ નથી "

ચુનીલાલ ચુપ રહ્યો દેવદાસે ફરીથી પૂછ્યુ —" ક્યા જાઓ છો તે નહિ કહો કે ? તમારી સાથે હુ પણ આવીશ '

ચુનીલાલે દેવદાસના મુખ તરફ જોઇ કહ્યુ —" દેવદાસભાઈ ! હુ કાંઈ સારી જગ્યાએ જતો નથી " દેવદાસે અતિ મૃદુસ્વરે કહ્યુ —"સારી કે ખોટીની પરવાહ નથી ! ચુનીભાઇ ! તમે મ્હને સાથે નહિ લઇ જાઓ કે ?"

" સાથે લઈ જઈ શકુ તેમ છુ, પરંતુ તમે ન આવો તો સારૂ "

"નહિ—નહિ, હું આવીશ જ જો એ જગ્યા સારી નહિ લાગે તો બીજી વખત નહિ આવુ, પરંતુ જે સુખ માટે તમે આતુર રહો છો એ જોવાની મ્હારી મરજી છે ચુનીભાઇ! હું જરૂર આવીશ

ચુનીલાલ મ્હો ફેરવી હસ્યો તેણે પોતાના મનમા કહ્યું, "મ્હારી દશા હુ જ જાણુ છુ." પ્રકટમા તે બોલ્યો–"ઠીક છે, આવજો "

નમતા પહોરે ધર્મદાસ સરસામાન લઈ આવી પહોચ્યે' દેવદાસને જોઇ રડી પડીને તે બોલ્યો –"દેવતા આજ ત્રણ ચાર દિવસથી બા રડયા જ કરે છે—"

"શા માટે ?"

"કોઇને કાઈ કહ્યા વિના એકાએક કેમ ચાલ્યા આવ્યા ?" પછી એક પત્ર બ્હાર કાઢી દેવદાસના હાથમા આપી ધર્મદાસે કહ્યુ –"બાએ આ કાગળ આપ્યો છે "

અંદરની ખબર જાણવા માટે ચુનીલાલ ઉત્સુક ભાવથી બેસી રહ્યો છે દેવદાસે પત્ર વાચી મૂકી દીધો માતાએ ઘેર આવવા માટે આદેશ અનુરોધ કરી પત્ર લખ્યો હતો આખા ઘરમા કેવળ તે એકલીજ દેવદાસના ગુમ થવાનુ કારણ કાઇક અંશે કલ્પી શકી હતી છુપી રીતે ધર્મદાસદ્વારા તેણે પુષ્કળ રૂપિયા મોકલી આપ્યા હતા ધર્મદાસે એ રૂપિયા દેવદાસના હાથમા આપી કહ્યુ –"દેવતા! ઘેર ચાલો "

"હુ આવવાનો નથી–તુ પાછો ચાલ્યો જા "

રાત્રે બન્ને બંધુ સુસજ્જિત બની બ્હાર નીકળી પડયા દેવદાસની સાજસજ્જા કરવા તરફ અભિરૂચિ નહોતી, પરંતુ ચુનીલાલના આગ્રહને સ્વીકારી તેને સારા કપડા લત્તા પહેરવા પડયા રાત્રે નવ વાગ્યે એક ભાડુતી ગાડી ચિત્પુર રોડ ઉપર આવેલા એક બે મજલાના મકાન પાસે જઇ ઉભી રહી ચુનીલાલે દેવદાસનો હાથ પકડી એ મકાનમા પ્રવેશ કર્યો ઘર ધણીઆણીનુ નામ ચંદ્રમુખી હતુ–તેણે આવી આવકાર આપ્યો આ વખતે દેવદાસનું આખુ શરીર સળગી ઉઠયુ છેલ્લા કેટલાક દિવસથી પોતે પણ જાણી શકે નહિ એવી રીતે નારી દેહની છાયા ઉપર પણ

તેને કંટાળો ઉપજ્યો હતો આ પ્રકાર તે પોતે પણ જાણતો નહોતો ચંદ્રમુખીને જોતાની સાથેજ અંતરમાં એકઠો થયેલો પુષ્કળ તિરસ્કાર દાવાનળની માફક હૃદયની અંદર સળગી ઉઠયો ચુનીલાલના મુખ તરફ જોઈ ભ્રુકુટી સંકુચિત કરી તેણે કહ્યું –

"ચુનીભાઇ! તમે મ્હને આવા અધમ સ્થળે શા માટે લઈ આવ્યા ?" તેનો તીવ્ર કંઠ તથા નેત્રોની દૃષ્ટિ જોઈ ચંદ્રમુખી અને ચુનીલાલ દિગ્મૂઢ બની ગયા બીજી ક્ષણેજ ચુનીલાલે આત્મ સંવરણ કરી દેવદાસનો એક હાથ પકડી કોમળ કંઠે કહ્યું –

"ચાલો–ચાલો, અંદર જઇને બેસીએ "

દેવદાસ બીજુ કાંઈ બોલ્યો નહિ ઘરમા જઈ નીચે બિછાવેલી ગાદી ઉપર ચિંતાતુર ચિત્તે નીચુ જોઈ તે બેઠો ચંદ્રમુખી ચુપકીદી ધારણ કરી થોડા અંતરે બેઠી દાસી ચાદીનો હુક્કો ભરી લાવી. દેવદાસે હુક્કાને સ્પર્શ પણ કર્યો નહિ ચુનીલાલ મ્હોં ભારે કરી ચુપકીદીથી બેસી રહ્યો શુ કરવુ તે નહિ સુઝવાથી દાસી ચંદ્રમુખીના હાથમા હુક્કો આપી ચાલી ગઈ તેણે એક બે વખત દમ માર્યા એટલે તેના મુખ તરફ જોઈ અતિશય તિરસ્કારથી દેવદાસ બોલી ઉઠ્યો –"કેવી અસભ્યતા! કેવુ ખરાબ દેખાય છે!"

અત્યાર પહેલા ચંદ્રમુખીને કોઇએ કદાપિ વાતમા હરાવી નહોતી તેને હતબુધ્ધિ બનાવવાનુ કામ ઘણુ કઠિન હતુ, આમ છતા આજે દેવદાસના આંતરિક તિરસ્કારના આ સરળ–કઠિન શબ્દો તેના હૃદયમા તીરની માફક વાગ્યા એકેક વખત ગડ–ગડ અવાજ થયો પછી ચંદ્રમુખીના મ્હોમાથી ધુમાડો નીકળ્યો નહિ ચુનીલાલના હાથમા હુક્કો આપી એક વખત તેણે દેવદાસના મુખ તરફ જોયુ પછી ચુપકીદી પકડી બેસી રહી ત્રણે જણા ચુપ હતા કેવળ ગડ–ગડ કરતો હુક્કાનો અવાજ થતો હતો, પરંતુ એ અવાજમા જાણે કે ભય ભરેલો હતો મિત્ર મંડળમાં તર્ક ચાલતી એકાએક વિના કારણ કલહ થાય તથા પ્રત્યેક ચુપકીદીથી મનમા રોષનુ પોષણ કરે એવી સ્થિતિ આ ત્રણે વ્યક્તિની થઈ પડી હતી

ગમે તેમ હો, કોઇને આરામ જણાતો નહોતો ચુનીલાલ હુક્કો બાજુએ મૂકી નીચે ચાલ્યો ગયો. બીજુ કોઇ કાર્ય નહિ

સૂઝવાથી તેણે એમ કર્યું હશે હવે એ સ્થળે બે જણું બેસી રહ્યા દેવદાસે મ્હો ઉંચુ કરી પૂછ્યુ –"તમે રૂપિયા લ્યો છો કે ?"

તરત તો ચદ્રમુખી કાંઈ ઉત્તર આપી શકી નહિ હમણું ચોવીસ વર્ષની તેની ઉમ્મર થઈ હતી છેલ્લા નવ દશ વર્ષમાં જૂદી જૂદી પ્રકૃતિના પુરૂષો સાથે તેનો ગાઢ પરિચય થયો હતો, પરતુ આવો આશ્ચર્યજનક પુરૂષ તેણે એક પણ જોયો નહોતો ગભરાતાં ગભરાતા તેણે કહ્યુ –" જ્યારે અહીં આપની ચરણુ રજ પડી છે—

દેવદાસ ચદ્રમુખીનુ વાકય પૂર્ણ થતાં પહેલાં જ બોલી ઉઠયો –" હુ ચરણુરજની વાત કરતો નથી હું એમ પુછુ છુ કે, તમે રૂપિયા લ્યો છો ?"

" હા,–ના લઇએ તો અમારૂ ગુજરાન કેવી રીતે ચાલે ?"

" બસ બસ, એ બધુ સાભળવાની મ્હારી ઈચ્છા નથી "

આમ કહી ખિસ્સામા હાથ નાખી એક નોટ બ્હાર કાઢી ચદ્ર મુખીના હાથમા આપી તે ચાલ્યો જવાને તૈયાર થયો કેટલા રૂપિયાની નોટ હતી એ સુધ્ધાં તેણે જોયુ નહિ

ચદ્રમુખીએ નમ્ર ભાવથી કહ્યુ –"એટલી વારમા જ જશો ?'

દેવદાસ કાંઈ બોલ્યો નહિ તે નીચે ઉતરી જવા લાગ્યો

રૂપિયા પાછા આપી દેવાની ચદ્રમુખીને એક વખત ઇચ્છા થઈ, પરતુ એક પ્રકારના તીવ્ર સકોચને લીધે તે એમ કરી શકી નહિ તેને થોડો ભય પણ લાગ્યો હોવો જોઇએ તે ઉપરાંત પુષ્કળ તિરસ્કાર, અપમાન અને દુખ સહન કરવાનો અભ્યાસ હોવાથી સ્થિરતાથી તે કઠેરો પકડી ઉભી રહી દેવદાસ દાદરનાં પગથીઆ ઉતરી નીચે ચાલ્યો ગયો

નીચે ચુનીલાલ સાથે તેની મુલાકાત થઈ આશ્ચર્ય પામી ચુનીલાલે પુછ્યુ –" દેવદાસ ! ક્યા જાઓ છો ?"

" બૉજમા "

" કેમ ?"

દેવદાસે કાંઈ ઉત્તર આપ્યો નહિ એટલે ચુનીલાલે કહ્યુ – " ચાલો હુ પણ આવુ છુ "

દેવદાસે નજીક આવી તેનો હાથ પકડીને કહ્યુ –"ચાલો"

"સહજ ઉભા રહો એક વખત હુ ઉપર જઈ આવુ"

"ના, હુ જાઉ છુ, તમે પછી આવજો" કહી દેવદાસ ચાલ્યો ગયો

ચુનીલાલ ઉપર ગયો ત્યારે પણ ચદ્રમુખી દાદરનો કઠેરો પકડી સ્થિર ભાવથી ઉભી રહી હતી ચુનીલાલને જોઈ તેણે પુછ્યુ –"તમારા દોસ્ત ચાલ્યા ગયા કે ?"

"હા"

ચદ્રમુખીએ હાથમાની નોટ બતાવી કહ્યુ –'આ જુઓ જો ડાહ્યા હો તો આ નોટ લઈ જાઓ તમારા દોસ્તને પાછી આપી દેજો"

ચુનીલાલે કહ્યુ –"તેમણે જ્યારે ઇચ્છાપુર્વક આપી છે ત્યારે પછી હુ શા માટે પાછી લઇ જાઉ ?"

આટલા સમય પછી ચદ્રમુખી સહજ હસી શકી, પરતુ એ હાસ્યમા આનદ નહોતો તેણે કહ્યુ –"રાજી ખુશીથી તેઓ નોટ આપી ગયા નથી,—અમે રૂપિયા લઈએ છીએ તેથી ગુસ્સે ભરાઇ આપી ગયા છે ચુનીબાબુ ! એ માણસ પાગલ છે કે ?"

"ના છતા છેલ્લા થોડા દિવસથી તેનુ મન સ્થિર નથી"

"મન સ્થિર કેમ નથી એ જાણો છો કે ?"

"ના કદાચ ઘેર કાઈ બન્યુ હશે"

"ત્યારે તમે શા માટે એમને અહી લઇ આવ્યા ?"

"હુ નથી લઇ આવ્યો, એ પોતે જોર કરીને આવ્યા હતા"

આ વખતે ચદ્રમુખી ઘણુ આશ્ચર્ય પામી તેણે કહ્યુ – જોર કરીને આવ્યા હતા ? બધુ જાણતા હોવા છતા ?"

ચુનીલાલે કાઈ વિચાર કરી કહ્યુ –"હા-હા, એ બધુ જાણતા હતા, હુ કાઈ છેતરીને લઈ આવ્યો નહોતો"

ચદ્રમુખીએ થોડી ક્ષણ ચુપ રહ્યા પછી કાઈ વિચારીને કહ્યુ –"ચુનીબાબુ ! તમે મ્હારૂ એક કામ કરશો ?"

"શુ કામ ?"

"તમારા એ દોસ્ત કયા રહે છે ?"

"મ્હારી સાથે "

"ફરી એક દિવસે તમે એમને અહી લાવી શકશો ?"

"હુ નથી ધારતો કે, એ ફરીથી અહી આવે અત્યાર પહેલા આવા કોઈ સ્થળે તે આવ્યા નહોતા અને ભવિષ્યમાં નહિજ આવે તુ શા માટે એવી ઈચ્છા રાખે છે ?"

ચદ્રમુખીએ મ્લાન હાસ્ય કરી કહ્યુ –"ચુનીબાબુ ! કોઈ પણ રીતે છેતરી સમજાવીને ફરી એક વખત તેમને અત્રે લઈ આવજો "

ચુનીલાલ હસ્યો આખ ફરકાવી તેણે કહ્યુ –"તિરસ્કાર પ્રાપ્ત થતા પ્રેમ ઉપજ્યો છે કે ?"

ચદ્રમુખી હસી તેણે કહ્યુ –"જોયા સિવાય નોટ આપો ગયા છે એ જાણતા નથી કે !"

ચુનીલાલ ચદ્રમુખીને કાઇક અશે ઓળખી શક્યો હતો માથુ હલાવી તેણે કહ્યુ –"ના–ના, તુ ખોટુ બોલે છે ખરી વાત શી છે તે કહે ?"

ચદ્રમુખીએ કહ્યુ –"મ્હારા મનમાં માયા ઉપજી છે "

આ વાત ઉપર ચુનીલાલને વિશ્વાસ બેઠો નહિ હસીને તેણે પુછયુ –"ફક્ત પાચ મિનીટની અદર ?"

આ વખતે ચદ્રમુખી પણ હસવા લાગી તેણે કહ્યુ – ' હા એમનુ મન ઠેકાણે હોય ત્યારે એક દિવસે તેડી લાવજો કેમ, તેડી લાવશોને ?"

"ચોકકસ કેવી રીતે કહુ !"

"તમને મ્હારા સમ છે "

"ઠીક છે બનતો પ્રયત્ન કરીશ "

પ્રકરણ ૧૦ મું.

નવવધુ કે નિપુણ ગૃહિણી ?

પાર્વતીએ જઇને જોયુ તો તેને તેના સ્વામીનુ મકાન ઘણુ મ્હોટુ જણાયુ એ મકાન નવી સાહેબી ફૅશનનુ નહિ પરંતુ પુરાતન બાંધણીનુ હતુ બેઠકખાનુ, દફતરખાનુ, પૂજા ઘર, અંત પુર, અતિથિ શાળા, દાસ દાસીઓ વગેરે જોઈ પાર્વતી અવાક્ બની ગઇ તેના સ્વામી ધનાઢ્ય જમીનદાર છે એમ તેણે સાભળ્યું હતુ, પણ તેની કલ્પનામા આટલુ બધુ આવ્યુ નહોતુ જો કોઇ વાતની ખોટ હોય તો તે કુટુંબી માણસોની જ હતી સગા સબંધીઓમા મુખ્યત્વે કરીને કોઇ નહોતુ એમ કહીએ તો ચાલી શકે વિશાળ અંત પુરનો સઘળો ભાગ શૂન્ય જેવો હતો પાર્વતી નવવધૂ હોવા છતા એકદમ ગૃહિણી થઈ પડી. તેને ઘરમા વધાવી લેવા માટે એક ઘરડી ફોઈ હતી તે ઉપરાત દાસ દાસીઓ સિવાય બીજુ કોઇ નહોતુ

સંધ્યાકાળને થોડો વિલંબ હતો એવામા વીસ વર્ષની ઉમ્મરના એક દેખાવડા નવ યુવકે પાર્વતી પાસે આવી પ્રણામ કરી નજીક ઉભા રહીને કહ્યુ –"બા ! હુ તમારો મ્હોટો દીકરો છુ "

પાર્વતીએ ઘુમટામાથી એક વખત તેના તરફ નજર કરી તે કાંઈ બોલી નહિ નવયુવકે ફરી એક વખત પ્રણામ કરી કહ્યુ –"બા ! હુ તમારો મ્હોટો દીકરો તમને પાગે લાગુ છુ "

પાર્વતીએ લાબા ઘુમટાને કપાળ સુધી ઉચો કરી કહ્યુ – "આવ ભાઈ! આવ"

એ નવયુવકનુ નામ મહેન્દ્ર હતુ તે થોડી ક્ષણ સુધી ચુપકીદી ધારણ કરી પાર્વતીના મુખ તરફ જોઇ રહ્યો ત્યાર પછી નજીક બેસી જઇ નમ્ર સ્વરે તેણે કહ્યુ –"આજકાલ કરતાં બે વર્ષથી અમે માતા ગુમાવી બેઠા છીએ અમારા આ બે વર્ષ દુ.ખ શોકમા પસાર થયા છે બા ! અમે હવે સુખમાં રહી શકીએ એવો તમે અમને આશીર્વાદ આપો."

પાર્વતીએ સ્વાભાવિક કંઠે વાત કરવા માડી એકદમ ગૃહિણી થતા ઘણી વાતો જાણવાની તથા બોલવાની જરૂર પડે છે, આ વાત જો કે ઘણાને કાઈક અસ્વાભાવિક લાગશે, પરતુ જેઓ પાર્વતીને કાઈક સારી રીતે સમજી શકયા છે, તેઓ જોઇ શકશે કે, સ્થિતિના વિવિધ ફેરફારોએ પાર્વતીને તેની ઉમ્મર કરતા અત્યત અધિક પરિપક્વ બનાવી દીધી હતી તે ઉપરાત વિના કારણ શરમ રાખવી, સકોચ રાખવો, એ તેના સ્વભાવથી વિરૂદ્ધ હતુ તેણે પુછ્યુ –"ભાઈ! મ્હારા બીજા બાળબચ્ચા કયા છે ?"

મહેન્દ્રે સહજ હસીને કહ્યુ –"એ હુ કહુ છુ તમારી મ્હોટી કન્યા–મ્હારી ન્હાની બ્હેન તેને સાસરે જ છે મ્હે પત્ર લખ્યો હતો પરતુ યશોદા કોઇપણ રીતે આવી શકી નહિ"

પાર્વતીને દુઃખ થયુ તેણે પુછ્યુ –"આવી શકી નહિ કે, જાણી જોઇને ન આવી ?"

મહેન્દ્રે શરમાઇને ઉત્તર આપ્યો —"બા! એ હુ જાણતો નથી"

આમ છતા તેની વાત તથા મુખના ભાવ ઉપરથી પાર્વતી સમજી ગઈ કે, યશોદા રીસે ભરાઇને જ આવી નહોતી તેણે પુછ્યુ —"અને મ્હારો ન્હાનો પુત્ર ?"

મહેન્દ્રે કહ્યુ —"એ હવે જલદી આવશે કલકત્તે છે, પરીક્ષા આપીને તરત આવશે"

ભુવન મોહન પોતેજ જમીનદારનુ કાર્ય તપાસતા હતા તે ઉપરાત હમ્મેશા સ્નાન કરીને શાલગ્રામ શિલાની પૂજા કરવી, વ્રત–નિયમ–ઉપવાસ કરવા, દેવમદિર અને અતિથિશાળાના સાધુ સન્યાસીઓની પરિચર્યા કરવી—એ સઘળા કાર્યોમાંજ તેમનો સ્હવારથી રાતના દશ અગીઆર વાગ્યા સુધીનો વખત વીતી જતો હતો ફરીથી લગ્ન કરેલુ હોવા છતા તેમનામા નવીન આહ્લાદ કે આનદ દેખાતો નહોતો રાત્રે કોઈ દિવસે તેઓ અતપુરમા જતા હતા તથા કોઇ દિવસે જતા નહોતા તેઓ અતપુરમા કદાચ જતા ત્યારે ઘણી સામાન્ય વાત થતી હતી શય્યામા સુઈ રહી, ઉશિકાને હાથમા દબાવી, આખો મીચી તેઓ એમ કહેતા હતા

કે, "હવે તુ જ ઘરની ગૃહિણી છે, તું બધું જોઇ તપાસી તને ઠીક લાગે તેમ———"

પાર્વતી મસ્તક હલાવી કહેતી—"વારૂ"

ભુવન બાબુ કહેતા હતા—"જો આ બાળબચ્ચાં ત્હારા જ હોઇ ત્હારે જ એમની———"

પતિની લજ્જા જોઇ પાર્વતીની આખના ખુણામા હાસ્ય પ્રકાશી નીકળતુ હતુ ભુવનબાબુ પણ સહજ હસીને કહેતા—"વળી જો, આ મહેન્દ્ર ત્હારો મ્હોટો દીકરો છે તેણે બી એ ની પરીક્ષા પાસ કરી છે તે એવો ડાહ્યો અને સમજુ છોકરો છે કે થોડો સ્નેહ જોવામા આવતા—"

પાર્વતી હાસ્ય રોકીને કહેતી—"હુ જાણુ છુ કે, એ મ્હારો મોટો દીકરો છે"

"ખરૂ છે, એના જેવો ડાહ્યો, સુલક્ષણો છોકરો ભાગ્યેજ કોઇએ જોયો હશે વળી યશોમતિ પુત્રી નહિ પણ સાક્ષાત પ્રતિમા છે! તે પણ જરૂર આવશે—આવ્યા વિના નહિ રહે! આ ઘરડા બાપને જોવા એ નહિ આવે કે? એ આવે એટલે એને—"

પાર્વતી નજીક જઇ મૃદુસ્વરે કહેતી—"તમે કોઈ પણ પ્રકારની ચિંતા કરશો નહિ યશોમતિને તેડી લાવવા હુ માણસો મોકલીશ—નહિ તો મહેન્દ્ર પોતે જશે"

"મહેન્દ્ર જશે? ઘણા દિવસથી મ્હે તેને જોઈ નથી—તુ માણસો મોકલીશ?"

"હા, જરૂર મોકલીશ મ્હારી કન્યાને હુ ન તેડી મગાવુ કે?"

અતરના ઉત્સાહથી વૃદ્ધ આ વખતે બેઠા થઇ જતા હતા બન્નેના સબધ ભૂલી જઈ પાર્વતીના માથા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપતા તેઓ કહેતા કે, "ત્હારૂ ભનુ થશે હુ આશીર્વાદ આપુ છુ કે, તુ સુખી થઇશ ભગવાન્ તને દીર્ઘાયુ કરશે"

ત્યાર પછી જાણે કે વૃધ્ધને કોઈ વાત યાદ આવતી હતી ફરીથી શય્યામા સૂઈ જઈ મનમા ને મનમા તેઓ કહેતા કે, "એ મ્હોટી છોકરી છે તે તેની જનનીને ઘણુ વ્હાલી હતી—"

આ વખતે અર્ધ્ધપક્વ મુછની પાસેથી એક અશ્રુબિંદુ ઉશિકા ઉપર જઇ પડતુ હતુ પાર્વતી તેને લુછી નાખતી હતી કોઇ કોઇ વખતે વૃધ્ધ ધીમેથી કહેતા હતા કે, "અહા! તેઓ સહુ આવશે ફરીથી એક વખત ઘર બાર ભરાઇ જશે અહા! પહેલા કેવો ભરેલો સસાર હતો! એકાએક એક દિવસે સઘળુ શૂન્ય થઈ ગયુ છોકરાઓ કલકત્તા ચાલ્યા ગયા, યશોમતિને તેના સસરા તેડી ગયા,—ત્યાર પછી બધુ અધકારમય સ્મશાન જેવુ થઇ ગયુ—"

આ વખતે પાછુ મુછોની પાસેથી અશ્રુજળ સરી જઈ ઉશિકાને ભીંજવતુ હતુ પાર્વતી એ જળ લુછી નાખી દુખિત થઇને કહેતી હતી કે—"હજી મહેન્દ્રનો વિવાહ કેમ નથી કર્યો ?"

વૃધ્ધ કહેતા હતા—"મ્હેં ઘણી વખત મહેનત કરી જોઈ છે, પરતુ વિવાહ નહિ કરવાની જીદ એ છોડતો જ નથી તેથી જ આવી વૃધ્ધ ઉમ્મરે ઘર ખાવા ધાય છે"

આ વાત સાભળી પાર્વતીને ઘણુ દુખ થતુ હતુ. કરૂણ સુરથી, હસવાનો ખોટો અભિનય કરી તે કહેતી હતી—"તમે વૃધ્ધ થયા છો અને હુ પણ જલ્દી વૃધ્ધ થઈ જઇશ સ્ત્રી જાતિને વૃધ્ધ થતા કયા વાર લાગે છે!"

જમીનદાર ઉઠી બેઠા થઈ ઘણા સમય સુધી પાર્વતીના મુખ તરફ જોઇ રહેતા હતા કારીગર જેવી રીતે મૂર્ત્તિને સુસજ્જિત કરી, તેને માથે મૂકુટ પહેરાવી તેના તરફ ઘણા સમય સુધી જોયા કરે તથા જોતા જોતા કારીગરના મુખ ઉપર સ્નેહ પ્રકાશી નીકળે એવો જ ભાવ આ પ્રસગે જમીનદારનો જોવામાં આવતો હતો, કોઈ વખતે અસ્પષ્ટ સ્વરે તેમના મુખમાથી એવા શબ્દો બ્હાર નીકળી પડતા હતા કે, "આહ! મ્હે સારૂ કર્યું નથી—"

"શુ સારૂ કર્યું નથી ?"

"મ્હને લાગે છે કે, અહી તને ગમતુ નથી"

"બહુ ગમે છે એમા ગમવા ના ગમવા જેવુ શું છે ?"

જમીનદાર પુન સૂઇ જઇ જાણે મનમાં ને મનમા કહેતા

હતા કે, "એ હું સમજું છું ત્હારૂં ભલુ થશે ભગવાન્ ત્હારી દેખરેખ રાખશે "

આવી રીતે લગભગ એક માસ પસાર થઈ ગયો વચ્ચે એક વખત નીલકંઠ કન્યાને તેડી જવા આવ્યો હતો, પરંતુ પાર્વતી પોતે જ પોતાની ઈચ્છાથી તેની સાથે ગઇ નહિ તેણે પિતાને કહ્યું —"હજી સંસારની વ્યવસ્થાનું કાંઇ ઠેકાણું પડયું નથી થોડા દિવસ પછી હું આવીશ "

કોઈ જાણે નહિ એવી રીતે નીલકંઠે મુખ ફેરવી હાસ્ય કર્યું ! પોતાના મન સાથે તેણે કહ્યું —"સ્ત્રી જાત આવીજ હોય છે !"

તે ચાલ્યો ગયો પાર્વતીએ મહેન્દ્રને બોલાવી કહ્યું — "ભાઈ ! મ્હારી યશોમતિ બ્હેનને એક વખત તેડી લાવ "

મહેન્દ્ર ગુંચવણમાં પડયો યશોદા કોઇ પણ રીતે નહિ આવે એ તે જાણતો હતો તેણે કહ્યું —"બાપા તેડવા જાય તો સારૂ "

"વાહ ! એ સારૂ દેખાય કે ? તે કરતાં તો ચાલ, આપણે મા દીકરો જઇ બ્હેનને તેડી લાવીએ "

મહેન્દ્રે આશ્ચર્ય પામી પૂછ્યું —"તમે આવશો ?"

"તેથી હરકત શી છે ભાઈ ? એમાં મ્હને શરમ નથી મ્હારા આવવાથી જો યશોદા આવે– તેનો ક્રોધ શાન્ત થાય તો પછી મ્હારે શા માટે ન આવવું ?"

છેવટે બીજે દિવસે મહેન્દ્ર એકલો જ યશોદાને તેડવા ગયો. ત્યાં તેણે શી ચતુરાઈ ચલાવી હતી એ અમે જાણતા નથી, પરંતુ ચાર દિવસ પછી તે યશોદાને સાથે લઈ ઘેર આવી પહોંચ્યો તે દિવસે પાર્વતીના આખા અંગ ઉપર કિંમતી નવા ઘરેણાં હતાં, ભુવન બાબુએ કલકત્તાથી જે સઘળા મૂલ્યવાન્ ઘરેણા પાર્વતી માટે મંગાવ્યા હતા તે બધાં આજે તેણે પહેર્યા હતા રસ્તે આવતા આવતા યશોદાએ ક્રોધ તથા અભિમાનની ઘણી વાતો યાદ કરી હતી, પરંતુ નવી માતાને જોઇને તે અવાક્ બની ગઈ ક્રોધ દ્વેષની કોઈ પણ વાત તેને યાદ આવી નહિ.

પાર્વતી યશોદાનો હાથ પકડી તેને ઘરમાં લઇ ગઈ પછી

તેને પાસે બેસાડી હાથમાં પંખો લઈ તે બોલી —" બ્હેન ! આ નવી મા ઉપર રીસે ભરાઈ છે કે ?"

શરમથી યશોદાનું મ્હો લાલચોળ બની ગયું પછી પાર્વતી પોતાના શરીરપરના ઘરેણા એક એક ઉતારી યશોદાના શરીર ઉપર પહેરાવવા લાગી યશોદાએ આશ્ચર્ય પામી કહ્યું —" આ શું કરો છો ?"

" કાંઇ કરતી નથી તને શણગારવાની મ્હારી ઈચ્છા છે "

ઘરેણા પહેરવાનું યશોદાને ખોટું લાગ્યું નહિ ઘરેણા પહેર્યા પછી તેના ઓષ્ઠાધર ઉપર હાસ્ય દેખાવા લાગ્યું તેના સર્વાંગ ઉપર ઘરેણા પહેરાવી પાર્વતીએ કહ્યું —" બ્હેન ! મ્હારા ઉપર રીસે ભરાઈ છે કે ?"

" ના—ના, રીસે શા માટે ભરાઉ ?"

" જો, આ ત્હારા પિતાનું મકાન છે આટલા મ્હોટા ઘરમાં કેટલા દાસદાસીઓની જરૂર પડે એ તું જાણે છે હું પણ એક દાસી જ છું તુચ્છ દાસ દાસી ઉપર તું ક્રોધ કરે એ વ્યાજબી છે કે ?"

યશોદા ઉમ્મરે મ્હોટી હોવા છતા વાતચિત કરવામા ઘણી ન્હાની હતી તે વિહ્વળ બની ગઇ તેને વાયુ ઢોળતા ઢોળતા પાર્વતીએ કહ્યું —' હું દુ ખી સ્ત્રી છું તમારી સહુની દયાથી મ્હને આ ઘરમા આશ્રય મળ્યો છે તમારે ત્યા ઘણા દીન દુ ખી અનાથ માણસોનું પોષણ થાય છે, હું પણ તેઓમાંની એક છું જે આશ્રિત છે —"

યશોદા દિગ્મૂઢ બની સાભળતી હતી હવે તદ્દન ભાન ભૂલી પાર્વતીના ચરણોમા પ્રણામ કરી કહ્યું —" મા ! હું તમારે પગે પડું છું —"

પાર્વતીએ તેના હાથ પકડી લઇને કહ્યું —" આવી રીતે પગે પડી મ્હને પાપમા ન નાખીશ "

બીજે દિવસે મહેન્દ્રે યશોદાને એકાન્તમા બોલાવી કહ્યું — "કેમ, રીસ ઉતરી છે કે ?"

યશોદાએ મહેન્દ્રના મુખ ઉપર હાથ દાબી કહ્યું —" ભાઇ !

રીસમાને રીસમા હુ જે કાઈ બોલી છુ એ માટે હવે મ્હને ઘણો ખેદ થાય છે જોજે, એ વાત બ્હાર ન આવે ”

મહેન્દ્ર હસવા લાગ્યો યશોદાએ કહ્યુ —“ ભાઈ ! સાવકી મા આટલો બધો પ્રેમ રાખી શકતી હશે ?”

બે દિવસ પછી યશોદાએ પોતે પિતા પાસે જઇ કહ્યુ — “ બાપા ! એમને કાગળ લખી નાખો બે મહિના સુધી હુ ત્યા જવાની નથી ”

ભુવન બાબુએ સહજ આશ્ચર્ય પામીને કહ્યુ —“ કાઈ કારણ ?”

યશોદાએ શરમાઇ જઇ મૃદુ હસીને કહ્યુ —“ મ્હારૂ શરીર જોઇએ એવુ સારૂ નથી હમણા થોડા દિવસ હુ મ્હારી બા પાસે રહીશ !”

આનદથી વૃદ્ધના નેત્રોમા અશ્રુજળ ભરાઈ આવ્યુ સધ્યા કાળે પાર્વતીને બોલાવી તેમણે કહ્યુ —“ ત્હે મ્હારો શરમમાથી છુટકારો કર્યો છે જીવતી રહે—સુખી રહે ”

પાર્વતીએ કહ્યુ —“ કેમ, શુ છે ?”

“ શુ છે એ હુ તને સમજાવી શકુ તેમ નથી હે નારાયણ ! આજે તમે મ્હને કેટલી બધી લજ્જા તથા આત્મગ્લાનિથી બચાવી લીધો !”

સધ્યાનો અધકાર હોવાથી સ્વામીની આખોમા કેટલુ બધુ જળ ભરાઇ આવ્યુ હતુ એ પાર્વતી જોઈ શકી નહિ

ભુવન બાબુનો ન્હાનો પુત્ર વિનોદલાલ પરીક્ષા આપી ઘેર આવ્યો તે પાછો ભણવાજ ન ગયો

પ્રકરણ ૧૧ મુ.

અપ્રમતાના પ્રથમ પગથીએ.

ત્યાર પછી બે ત્રણ દિવસ દેવદાસ પાગલની માફક વિના કારણ રસ્તે રસ્તે રઝળ્યો ધર્મદાસ કાઈ કહેવા આવ્યો હતો તેને તેણે આખો ફેરવી ધમકાવ્યો તેની દશા જોઇ ચુનીલાલ

પણ તેને કાંઈ કહેવાનુ સાહસ કરી શકયો નહિ ધર્મદાસે રડતા રડતા કહ્યુ –"ચુનીબાબુ ! આમ કેમ થયુ ?"

ચુનીલાલ બોલ્યો –"શુ થયુ છે, ધર્મદાસ ?"

એક આંધળાએ બીજા આંધળાને રસ્તાની વાત પુછી અંદરની ખબર બન્નેમાંથી કોઈ જાણતો નહોતો આંખો લુછતા લુછતા ધર્મદાસે કહ્યુ –"ચુનીબાબુ કોઈ પણ રીતે દેવતાને તેમના માતા પાસે મોકલો હવે જ્યારે ભણવાની ઇચ્છા નથી ત્યારે પછી અહીં રહીને શુ કરવાના છે ?"

વાત તદ્દન ખરી હતી ચુનીલાલ વિચાર કરવા લાગ્યો ચાર પાંચ દિવસ પછી એક દિવસે બરાબર સંધ્યાકાળે ચુનીલાલ બ્હાર ફરવા જતો હતો એવામાં કોઈ સ્થળેથી દેવદાસ આવી પહોંચી તેનો હાથ પકડીને કહ્યુ " ચુનીબાબુ ! પેલી જગ્યાએ જાઓ છો કે ?"

ચુનીલાલે શરમાતા શરમાતા કહ્યુ –"હા જો ના કહેતા હો તો ન જાઉં "

" દેવદાસે કહ્યુ –" ના, હુ તમને જવાની ના પાડતો નથી પણ એક વાત કહો,—શી આશાથી તમે ત્યાં જાઓ છો ?"

" બીજી શી આશા હોય ? વખત વીતાડવા જાઉં છુ "

" વખત વીતે છે ? મ્હારો વખત તો કોઇ પણ રીતે વીતતો નથી હુ પણ વખત વીતાડવા ઇચ્છુ છુ "

ચુનીલાલ થોડી ક્ષણ સૂધી દેવદાસના મુખ તરફ જોઇ રહ્યા તે તેના મનનો ભાવ મુખ ઉપર વાંચવાનો પ્રયત્ન કરતો હોય એમ લાગ્યુ પછી તેણે કહ્યુ –" દેવદાસ ! તમને શુ થયુ છે એ મ્હને કહી શકશો ?

" કાંઈ થયુ નથી "

" નહિ કહો કે ?"

" કહેવા જેવુ કાંઈ નથી "

ચુનીલાલ ઘણા સમય સૂધી નીચું જોઈ બેસી રહ્યા પછી તેણે કહ્યુ –" દેવદાસ ! તમે મ્હારી એક વાત માનશો ?

" શી ?"

"ફરી એક વખત તમારે મ્હારી સાથે એને ઘેર આવવું પડશે મ્હેં એને વચન આપ્યું છે"

"જે ઠેકાણે તે દિવસે ગયા હતા તે ઠેકાણે કે?"

"હા—"

"ના, મ્હને એ ગમતું નથી"

"તમને ત્યાં ગમે એવી વ્યવસ્થા હું કરીશ"

દેવદાસે ચંચળ ભાવથી થોડા સમય સુધી ચુપ રહ્યા પછી કહ્યું –"ઠીક છે, ચાલો જઈએ"

*   *   *   *

અધમતાનું એકી પગથીઉં નીચે ઉતારી ચુનીલાલ ક્યાંય ખસી ગયો હતો એકલો દેવદાસ ચંદ્રમુખીના ઘરમાં નીચે બેસી દારૂ પીતો હતો નજીક બેઠેલી ચંદ્રમુખીએ ભયભીત બની કહ્યું –"દેવદાસ હવે પીશો નહિ"

દેવદાસે દારૂનો ગ્લાસ નીચે મૂકી ભ્રુકુટી ચઢાવી પૂછ્યું –"શા માટે ન પીઉં?"

"થોડા દિવસની ટેવ હોવાથી વિશેષ દારૂ તમે સહી શકશો નહિ"

"સહન કરીશ ધારી હું દારૂ પીતો નથી અહીં રહેવું છે તેથી જ દારૂ પીઉં છું"

આ વાત ચંદ્રમુખીએ ઘણી વખત સાંભળી હતી વચ્ચે વચ્ચે તેના મનમાં એમ થતું હતું કે, દિવાલ સાથે માથું અફાળી તે રક્તગંગા થઈને મરે. તે દેવદાસને ચ્હાવા લાગી હતી દેવદાસે દારૂનો ગ્લાસ છુટો ફેંક્યો કાચના પાયા સાથે અફળાતાં તેના કડકા થઈ ગયા પછી આડા પડી તકીઆ ઉપર શરીર નાખી જડિત કંઠે તે કહેવા લાગ્યો –"ઉઠીને જરા જેટલી શક્તિ નહિ હોવાથી જ હું અહીં બેસી રહું છું,–ભાન કાયમ રહેતું નથી તથીજ હું ત્હારા મુખ તરફ જોઈ વાતચિત કરૂં છું ચંદ્ર——લોય થોડી શુદ્ધિ રહેતી હોવાથી હું ત—તને સ્પર્શ કરી શકતો નથી મ્હને ઘણો તિરસ્કાર છૂટે છે"

ચંદ્રમુખી આંખો લુછી કહેવા લાગી –"દેવદાસ! અહીં કેટલા બધા લોક આવે છે? તેઓ કદાપિ દારૂને અડકતા પણ નથી."

દેવદાસ આંખો ફાડી ટટ્ટાર બેઠો થયો પણ ઝોકા ખાતા ખાતા આમ તેમ હાથ કરી કહેવા લાગ્યો –" દારૂને અડકતા નથી ! જો મ્હારી પાસે બદુક હોત તો હુ તેમને ગોળીથી ઠાર મારત ચદ્રમુખી ! તેઓ સહુ મ્હારા કરતા વિશેષ પાપી છે "

થોડો સમય ચુપ રહી તે કાંઈ વિચારવા લાગ્યો ત્યાર પછી પાછુ તેણે કહ્યુ –" જો કે, હુ દારૂ છોડવાનો નથી, આમ છતા જો કદાચ દારૂ છોડી દઈશ તો પછી કદાપિ અહીં આવીશ નહિ " વળી અલ્પ કાળ સુધી ચુપ રહી તે પાછો કહેવા લાગ્યો – " ઘણા દુ ખને લીધે જ મ્હે દારૂ પીવા માડ્યો છે દારૂ અમારા દુ ખનો—વિપત્તનો બધુ છે ! હવે તને પણ છોડી શકુ તેમ નથી !" આમ કહી દેવદાસ ઉશિકા ઉપર મ્હો ઘસવા લાગ્યો ચન્દ્રમુખીએ ઝડપથી નજીક જઈ તેનુ મ્હો પકડ્યુ દેવદાસ ભ્રકુટી ચઢાવી બોલી ઉઠ્યો –" ના–ના, મ્હને અડકીશ નહિ હજી હુ શુદ્ધિમા છુ ચદ્રમુખિ ! તુ કાંઈ જાણતી નથી—કેવળ હુ એટલો જ જાણુ છુ હુ તમે ધિક્કારૂ છુ હમ્મેશા ધિક્કારતો રહીને આમ છતા હુ અહી આવીશ, બેસીશ અને વાતચીત કરીશ તે સિવાય બીજો કોઇ ઉપાય નથી એ બધુ તમે ક્યાથી સમજી શકો ? હા–હા–હા —લોકો પાપકાર્ય અધકારમા કરે છે અને હુ અહી નશામા ચકચુર થઈ જાઉ છુ–આવુ યોગ્ય સ્થળ જગતમા બીજુ એકકે નથી ! વળી તમે——"

દેવદાસ દષ્ટિ સ્થિર કરી થોડા સમય સુધી ચદ્રમુખીના ચિતાતુર મુખ તરફ જોઈ રહી કહ્યુ –" અહા ! સહિષ્ણુતાની પ્રતિમૂર્તિ ! સ્ત્રીઓ કેટલો તિરસ્કાર દુ ખ, અપમાન, જુલમ અને ઉપદ્રવ સહન કરી શકે છે તેનુ તમે જીવતુ ઉદાહરણ છો !"

પછી ગાદી ઉપર સુઇ જઇ ધીમે ધીમે તે કહેવા લાગ્યો – ' ચદ્રમુખી કહે છે કે, તે મ્હને ચ્હાય છે મ્હારે એવો પ્રેમ નથી જોઇતો—નથી જોઇતો લોક નાટકમાં પાર્ટ ભજવે છે—મ્હો ઉપર પાઉડર તથા રગ લગાવે છે–ચોર થાય છે–ભિક્ષા માગે છે–રાજા થાય છે, રાણી થાય છે–એકબીજાને ચ્હાય છે–પ્રેમની ઘણી વાતો કરે છે–ઘણુ રડે છે–જાણે કે એ બધુ ખરુ જ છે મ્હારી ચદ્રમુખી પણ નાટકનો પાર્ટ ભજવે છે

અને હું તે જોઉં છું, આમ છતા એ બહુ યાદ આવે છે-એક જ ક્ષણમા જાણે કે બધું ઉલટી ગયુ તે ક્યાંય ચાલી ગઈ અને હુ બીજા રસ્તેજ નીકળી પડયો હવે જીવન પર્યંતના એક અભિનયનો આરભ થયો છે એક પૂરો નશાબાજ-અને બીજુ એક-ભલે ભલે, એમા ખોટુ શું છે! આશા ભરોસો નથી, સુખ નથી, ઈચ્છા નથી,—ભલે, એજ સારૂ છે!"

ત્યાર પછી દેવદાસ પાસુ ફેરવી કાઇ ગણગણવા લાગ્યો તે શુ બકતો હતો એ ચદ્રમુખી સમજી શકી નહિ અલ્પક્ષણમા જ દેવદાસ ઉંઘી ગયો પછી ચદ્રમુખી તેની તદન નજીક જઇ એણે પહેરેલી સાડીનો પાલવ ભીંજાવી દેવદાસનુ મુખ લુછી નાખી ભીંજાયલુ ઓશિકુ તેણે બદલી નાખ્યુ પછી એક પખો લઈ દેવદાસને વાયુ ઢોળતી ઘણા સમય સૂધી તે નીચુ જોઈ બેસી રહી એ વખતે રાતનો લગભગ એક વાગ્યો હતો દીપક બુઝાવી દ્વાર બધ કરી ચદ્રમુખી બીજા ખડમાં ચાલી ગઇ

::≡≡≡≡::

પ્રકરણ ૧૨ મું.

— o —

પ્રતિજ્ઞા બધન.

દ્વિજદાસ અને દેવદાસ—બન્ને ભાઇ તથા ગામના ઘણાખરા માણસો જમીનદાર મહાશયના દેહનો સત્કાર કરી ઘેર પાછા ફર્યા દ્વિજદાસ મ્હોટેથી પોકાર કરી રડી રડીને પાગલ જેવો થઈ ગયો હતો-પાચ પાડોશીઓ તેને પકડી રાખી શકતા નહોતા દેવ-દાસ શાન્ત ભાવથી એક થાભલા પાસે બેસે હતો તેના મુખમા અવાજ નહોતો તથા આખોમા એક બિદુ જળ નહોતુ કોઈ તેને પકડતુ નહોતુ તથા સાંત્વના આપવાનો પ્રયત્ન પણ કરેતુ નહોતુ મધુસૂદન નામનો એક માણુસ તેની પાસે જઈ કહેવા લાગ્યો —"કાઇ-બાબમા જે——"

દેવદાસે દ્વિજદાસ તરફ હાથ લબાની કહ્યું –"ત્યા જાઓ"

મધુસૂદને અપ્રતિભ થઇ કહ્યુ –"ખરૂ છે, જુઓને કેટલો બધો શોક——"

આમ બોલતો બોલતો તે ચાલ્યો ગયો બીજું કોઈ પાસે આવ્યું નહિ દ્વિપ્રહર વીતી ગયા પછી દેવદાસ અર્દ્ધ મુર્છિત માતાના ચરણો પાસે જઈ બેઠો એ સ્થળે ઘણી સ્ત્રીઓ જમીનદારની વિધવા ગૃહિણીને ઘેરી લઈ બેઠી હતી પાર્વતીની દાદી પણ આવી હતી ભગ્ન કંઠે તેણે શોકાતુર વિધવાને સંબોધી કહ્યું –"વહુ! જો, દેવદાસ આવ્યો છે"

દેવદાસે કહ્યું –"બા"

તેણે કેવળ એક વખત દેવદાસ તરફ જોઈ કહ્યું – 'ભાઈ!" ત્યાર પછી મીંચેલા નેત્રોના ખુણામાંથી પુષ્કળ અશ્રુ વહેવા લાગ્યા સ્ત્રી મંડળ ઉચ્ચ કંઠે રડી ઉઠ્યું દેવદાસે થોડી ક્ષણ સુધી માતાના ચરણમાં મ્હોં ઢાંકી રાખ્યું પછી ધીમે ધીમે તે ફરીને પરલોકવાસી પિતાના શયનગૃહમાં ગયો તેની આંખોમાં જળ નહોતું તે ગંભીર તથા શાન્ત હતો લાલચોળ આંખોથી ફર્યું જોઈ તે નીચે બેસી પડ્યો તેની હમણાની મૂર્તિ જોતામાં આવતા ભય ઉપજે તેમ હતું કપાળની બન્ને બાજૂએ ઉભય શિરા ઉપસી આવી હતી તેનો દેહ તપાવેલા સોના જેવો મલિન થઈ ગયો હતો કલકત્તાના જઘન્ય અત્યચાર પછી ઘણી રાતોનો ઉજાગરો થયો હતો અને પછી પિતાનું આજે મૃત્યુ થયું હતું એક વર્ષ પૂર્વે જે કોઈએ તેને જોયો હતો તે હવે એકાએક તેને ઓળખી શકે તેમ નહોતું થોડા સમય પછી પાર્વતીની માતા રોદન કરતી કરતી બારણાં હડસેલી અંદર આવી બોલી –"દેવદાસ!"

"શું છે કાકીમા?"

"ભાઈ! હવે આમ કરે તે ન ચાલે!"

દેવદાસે તેના મુખ તરફ જોઈ કહ્યું —"કાકી, મ્હેં શું કર્યું છે?"

કાકી સમજતી હોવા છતાં તેણે ઉત્તર આપ્યો નહિ દેવદાસનું માથું ખોળામાં ખેંચી લઈ તેણે કહ્યું —"દેવતા—ભાઈ!"

"શું છે?"

પાર્વતીની માતાએ વિશેષ જોરથી દેવદાસનું માથું પોતાના ખોળામાં દબાવ્યું આ વખતે દેવદાસે નેત્રમાંથી એક અશ્રુ બિંદુનો ત્યાગ કર્યો

શોકાતુર કુટુંબના દિવસો પણ પસાર થાય છે યથા સમયે પ્રભાત થયું રડારોળ બંધ થઈ ગઈ દ્વિજદાસ સર્વાંશે સ્થિર થયો હતો તેની માતા પણ ઉઠી બેઠી થઇ હતી આંખો લુછતાં લુછતા તે કામકાજ કરતી હતી એ દિવસ પછી દ્વિજદાસે દેવદાસને બોલાવી કહ્યું —"દેવદાસ! પિતાના શ્રાદ્ધ કાર્યમાં કેટલી રકમ ખરચીશું ?"

દેવદાસે વડિલ ભાઇના મુખ તરફ જોઇ કહ્યું —"તમને યોગ્ય લાગે એટલી"

"ના ભાઈ! હવે મ્હારા એકલાના મત પ્રમાણે કાંઈ થઈ શકે નહિ તું મ્હોટો થયો છે, ત્હારો મત જાણવાની જરૂર છે"

દેવદાસે કહ્યું —"રોકડ સિલ્લક કેટલી છે ?"

"બાપાની સિલ્લકમાં દોઢ લાખ રૂપિયા જમા છે મ્હારા મત પ્રમાણે દશેક હજાર રૂપિયા ખરચીશું તો બસ છે તું શું કહે છે ?"

"મ્હને કેટલી રકમ મળશે ?"

દ્વિજદાસે સહજ વિચારમાં પડી જઇ કહ્યું —"અડધી રકમ તને મળશે દશ હજાર રૂપિયા ખરચ્યાના ત્હારા સીત્તેર હજાર અને મ્હારા સીત્તેર હજાર રહેશે

"બાને શું મળશે ?"

"બા રોકડા રૂપિયાને શું કરશે ? એ તો ઘરનાં માલિક છે—આપણે એનું પ્રતિપાલન કરીશું"

દેવદાસે કાંઇ વિચાર કરીને કહ્યું —"મ્હારો મત એવો છે કે, તમારા ભાગના પાંચ હજાર અને મ્હારા ભાગના પચીસ હજાર રૂપિયા મળી કુલ ત્રીસ હજાર રૂપિયા શ્રાદ્ધ ક્રિયામાં ખરચો મ્હારા બાકી જે પચાસ હજાર રૂપિયા રહેશે તેમાંથી પચીસ હજાર હું લઈશ અને બાકીના પચીસ હજાર રૂપિયા બાના નામ ઉપર જમા રહેશે આપને કેમ લાગે છે ?"

પ્રથમ તો દ્વિજદાસ જાણે કે, શરમાયો પછી તેણે કહ્યું —"મોરી વાત છે મ્હારી સ્થિતિ તો તું જુએ છે, મ્હારે સ્ત્રી, પુત્ર કન્યા વગેરે છે તેમને પરણાવવાનું ખરચ હજી હવે કર-

વાનું છે તુ કહે છે તે પ્રમાણે કરવુ જ સારૂ છે" થોડો સમય ચુપ રહ્યા પછી પાછુ તેણે કહ્યુ —"જે વાત થઈ છે ને પ્રમાણે લેખી કરાર—"

"લેખી કરારની શી જરૂર છે ? એમ કરવાથી સારૂ નહિ દેખાય ખરચપત્ર ગુપ્ત રીતે થાય એવી જ મ્હારી ઈચ્છા છે"

"એ ખરૂ, પણ ભાઇ ! તુ જાણે છે કે—"

"ઠીક, હુ કબૂલત લખી આપુ છુ" તે દિવસે જ દેવદાસે લેખી કબૂનત કરી આપી

બીજે દિવસે બપોર પછી દેવદાસ નીચે ઉતરતો હતો એવામા દાદરની નજીક પાર્વતીને જોઈ તે ચમકી ઉભી ઉભો રહ્યો પાર્વતી દેવદાસના મુખ તરફ જોઈ રહી હતી—જાણે કે ઓળખતાં તેને કલેશ થતો હતો દેવદાસે ગભીર શાન્ત મુખે નજીક જઈ કહ્યુ —"પાર્વતિ ! કયારે આવી ?"

એ જ કઠ સ્વર હતો ! આજે ત્રણ વર્ષ પછી બન્નેની મુલાકાત થઈ હતી નીચુ જોઇ રહેલી પાર્વતીએ કહ્યુ —"આજે મ્હવારે આવી છુ"

"ઘણા દિવસથી જોઈ નહોતી ખુશીમા હતીને ?"

પાર્વતીએ મસ્તક હલાવ્યુ

"ચૌધુરી મહાશય સારા છે ? બાળબચ્ચા ખુશીમા છે ?"

"બધા ખુશીમા છે" પાર્વતીએ એક વખત દેવદાસના મ્હો તરફ જોયુ, પરતુ તે તેને કુશળ સમાચાર પુછી શકી નહિ, દેવદાસની પ્રકૃતિ કેવી છે, તે શુ કરે છે એવો કોઇ પણ પ્રશ્ન પૂછવાનુ હવે જાણે કે તેને ઉચિત લાગતુ નહોતુ !

દેવદાસે કહ્યુ—"હવે થોડા દિવસ રહીશને ?"

"હા"

"ઠીક ત્યારે" કહી દેવદાસ બ્હાર ચાલ્યો ગયો

* * * *

શ્રાદ્ધ સપન્ન થઇ ગયુ હતુ એ વાત કહેવા જતા ઘણી હકીકત લખવી પડે તેમ હોવાથી તેનુ પ્રયોજન નથી શ્રાદ્ધને બીજે દિવસે પાર્વતીએ ધર્મદાસને એકાંતમા બોલાવી, તેના હાથમા એક સોનાનો હાર આપી કહ્યુ —"ધર્મદાસ ! આ તમે તમારી કન્યાને પહેરવા આપજો."

ધર્મદાસે પાર્વતીના મુખ તરફ જોઈ પોતાના આર્દ્ર નેત્રોને વિશેષ આર્દ્ર કરી કહ્યુ–"અહા ! ઘણા દિવસથી તને જોઈ નહોતી બ્હેન ! બધી ખબર સારી છે ને ?"

"હા"

"તમારાં બાળબચ્ચા ખુશીમા છે ?"

"હા"

"તમે સારા છો ને ?"

આ વખતે અતરના ઉંડાણુમાંથી એક નિશ્વાસ મૂકી ધર્મદાસ કહ્યુ–"બ્હેન ! મ્હારી વાત ના પૂછીશ જમીનદાર મહાશયના દેવલોકવાસ પછી આ સ્થળ છોડી જવાની મ્હને ઇચ્છા થાય છે—" ધર્મદાસ શોકના આવેગથી ઘણી હકીકત કહેત, પરંતુ પાર્વતીએ તેને આગળ બોલતો અટકાવ્યો એ સઘળી ખબર સાભળવાને માટે તેણે હાર આપ્યો નહોતો પાર્વતી બોલી ઉઠી.–"ધર્મદાસ ! તમે આ શુ બોલો છો ? તમે ચાલ્યા જશો તો પછી દેવભાઇની સભાળ કોણ રાખશે ?"

ધર્મદાસે કપાળ ઉપર હાથ પછાડી કહ્યુ –" ન્હાના હતા ત્યાં સુધી મ્હે દેખરેખ રાખી છે હવે દેખરેખ ના રાખવી પડે એજ મ્હારે માટે ઉત્તમ છે "

પાર્વતીએ ધર્મદાસની તદ્દન નજીક જઇ કહ્યુ –" ધર્મદાસ ! મ્હને એક વાતનો ખરો ઉત્તર આપશો ?"

"શા માટે ન આપુ ?"

"ત્યારે ખરુ કહો જોઇએ, દેવભાઈ હમણા શુ કરે છે ?"

"શુ કરવાના હતા ? મ્હારૂ કપાળ !"

"ધર્મદાસ ! ચોખ્ખી વાત કહો"

ધર્મદાસે ફરીથી કપાળ ઉપર હાથ પછાડી કહ્યુ —"શી ચોખ્ખી વાત કહુ ? એ કહેવા જેવી વાત નથી હવે બાપ નથી, દેવદાસના હાથમા પુષ્કળ રૂપિયા આવ્યા છે, હવે જે નહિ થાય તે ઓછુ !"

પાર્વતીનુ મ્હો વણ લેવાઇ ગયુ આભાસ વગેરેથી તેણે કેટલીક હકીકત સાભળી હતી. શુષ્ક મુખે તેણે કહ્યુ —"ધર્મ

દાસ! તમે શુ કહો છો?" મનોરમાના પત્રથી પાર્વતીના જાણવામા જે હકીકત આવી હતી તે ઉપર એ વિશ્વાસ મૂકી શકી નહોતી ધર્મદાસ માથુ હલાવી કહ્યુ —"નહિ ખાવુ નહિ ઉંઘવુ, ફકત દારૂથી ભરેલી બાટલીઓ ખાલી કરે છે ત્રણ ત્રણ ચાર ચાર દિવસ સુધી મરજી ફાવે ત્યા પડી રહે છે—પત્તાય લાગતો નથી પુષ્કળ રૂપિઆ ઉડાવી દીધા છે પેલીને હજારો રૂપિયાના ઘરેણા લઈ આપ્યાની વાત પણ સભળાય છે!'

પાર્વતીનુ શરીર પગથી માથા સુધી કપી ઉઠ્યુ તેણે કહ્યુ – "ધર્મદાસ! આ સઘળુ ખરુ છે કે?'

ધર્મદાસ કહેવા લાગ્યો –" કદાચ ત્હારૂ કહેવુ સાભળશે તુ એમને ખોટે રસ્તે ચાલવાની મના કરી દે! શરીર કેવુ હતુ ને કેવુ થઇ ગયુ! શરીર કેટલો જુલ્મ સહન કરી શકે? આ વાત હુ કહુ પણ કોને? મા, બાપ, ભાઇ-વગેરેને આ વાત કહેવાય એવી નથી " ધર્મદાસ કપાળ ઉપર ઉપરાઉપરી હાથ ઠોકી બોલી ઉઠયો –" માથુ પછાડી મરવાની ઇચ્છા થાય છે, હવે જીવતા રહેવાની મરજી નથી "

પાર્વતી ચાલી ગઈ જમીનદાર નારાયણ બાબુના મરણના સમાચાર સાભળી તે દોડી આવી હતી આવા સકટ સમયે એક વખત દેવદાસ પાસે જવુ તેણે ઉચિત ધાર્યુ હતુ, પરતુ તેનો વ્હાલો દેવભાઈ છેવટે આવો નિવડયો! પાર્વતીને અનેક વાતો યાદ આવવા લાગી તેણે તેના દેવભાઇને જેટલો ધિક્કાર્યો તેના કરતા પોતાની જાતને હજારગણી વિશેષ ધિક્કારી હજારો વખત તેને એવો વિચાર આવ્યો કે, જો તે હાજર હોત તો આવુ બનત કે? શરૂઆતમાજ પોતાને હાથે તેણે પોતાના પગ ઉપર કુહાડો માર્યો હતો એ કુહાડો હવે તેના મસ્તકપર વાગ્યો તેના દેવભાઇ, આમ થઈ જાય છે,–આવી રીતે વિનાશને માર્ગે આગળ વધે છે ને તે બીજાના સસારને સુધારવામા ગુથાઈ રહી છે! બીજાને પોતાના ગણી તે અન્નદાન કરે છે અને તેનુ સર્વસ્વ આજે ભૂખે મરી જાય છે! આ દેવદાસના ચરણોમા માથુ પછાડી મરવાનો પાર્વતીએ પ્રતિજ્ઞા કરી!

સધ્યાકાળને થોડો વિલબ હતો એવામા પાર્વતીએ દેવદાસના



હવે જો કલંક મૂકું તો ?

(પૃષ્ઠ ૭૩)



મહેન્દ્ર—બા, આ તું કેવી વહુ લાવી?

(પૃષ્ઠ ૯૨)

ઓરડામાં પ્રવેશ કર્યો દેવદાસ બિછાનામાં બેસી હિસાબ તપાસતો હતો તેણે ઉંચુ જોયુ પાર્વતી બારણા બંધ કરી ધીમેથી આવી મેજ ઉપર બેઠી દેવદાસ ઉંચુ જોઈ હસ્યા તેનું મુખ ઉતરી ગયેલું પણ શાન્ત હતુ એકાએક કૌતુક કરી તેણે કહ્યું —"જો આ કલંક મટ્યું તો ?"

પાર્વતીએ શરમાળ દૃષ્ટિથી એક વખત તેના મુખ તરફ જોઈ નીચુ જોયુ ક્ષણકાળમાં જ તેણે સમજાવી દીધું કે, એ વાત તેના હૃદયની અંદર કંટકની માફક વીંધાઈ રહી છે ! પાર્વતી ઘણી હકીકત કહેવા આવી હતી પરંતુ તે સઘળી હકીકત ભૂલી ગઈ દેવદાસની આગળ તે વાત કરી શકતી નહોતી દેવદાસ ફરીથી હસી પડ્યો તેણે કહ્યું —"સમજ્યો સમજ્યો ! શરમ આવે છે કેમ ?" આમ છતાં પાર્વતી કાંઈ બોલી શકી નહિ દેવદાસ કહેવા લાગ્યો —"એમાં શરમ આવવા જેવું શું છે ? બન્ને જણાએ મળી એક જાતનું છોકરવાદપણું કરી નાખ્યું ગુસ્સે ભરાઈ તું ત્હારી મરજીમાં આવ્યું તે બોલી તેથી મ્હેં પણ કપાળ ઉપર ચિહ્ન કરી આપ્યું "

દેવદાસની વાતમાં શ્લેષ કિંવા વિદ્રુપ જેવું કાંઈ નહોતું પ્રસન્ન હાસ્ય મુખે તે ભૂતકાળની દુઃખની વાત કહેતો હતો, પરંતુ પાર્વતીનું હૃદય જાણે કે ફાટી જવા લાગ્યું મ્હો ઉપર કપડું દબાવી, નિઃશ્વાસ રોકી મનમાં ને મનમાં તેણે કહ્યું —"દેવભાઈ ! એ ચિહ્નમાત્ર મ્હારી શાન્તિ છે ! તમે મ્હને ચ્હાતા હતા, તેથી જ દયા કરીને આપણો બાલ્ય ઈતિહાસ તમે મ્હારા લલાટ ઉપર લખી દીધો છે એ મ્હારી લજ્જા નથી, કલંક નથી. એ તો મ્હારા ગૌરવની સામગ્રી છે !"

"પારુ !"

મુખ ઉપરથી કપડું ખસેડ્યા વગર પાર્વતીએ કહ્યું — "શું કહો છો ?"

"મ્હારા ઉપર હને ઘણો ગુસ્સો આવે છે"

આ વખતે દેવદાસનો કંઠસ્વર વિકૃત થવા લાગ્યો તે બોલ્યો "પિતા હયાત નથી હવે મ્હારા શિરે ... ભરી બેઠેલા ... જો તું હોત તો મ્હને ચિંતા જેવું કાંઈ નહોતું ! ભાભી તથા મ્હોટા

બાઇનો સ્વભાવ ત્હારાથી અજાણ્યો નથી કહે જોઈએ કે, આની ... હુ ની વ્યવસ્થા કર ! વળી મ્હારુ પણ શુ થશે એ હુ સમજી શકતો નથી જો તુ હોત તો નિશ્ચિત થઈ, બધુ ત્હારા હાથમા આપી દઈ—"

પાર્વતી ડુસકા ખાવા લાગી દેવદાસે કહ્યુ —"રડે છે કે ? જો ત્યારે હવે હુ કાઈ ન્હેતો નથી"

પાર્વતીએ આખો લુછતા લુછતા કહ્યુ —"ના, કહો"

દેવદાસે ક્ષણુમાત્રમા જ કઠસ્વરને સ્વચ્છ કરી કહ્યુ —"પારુ ! તુ ચતુર ગૃહિણી થઈ છે, ખરુ ?"

પાર્વતીએ અલક્ષ્યભાવથી અધરને દશ કર્યો મનમા જ તેજ કહ્યુ —"ધૂળ પડો ગૃહિણીપણામા વાસી ... દેવસ્થાના ઉપયોગમા આવે કે ?"

દેવદાસ હસી ... તે બોલ્યો —"મ્હને બહુ હસવુ આવે છે ! તુ ઘણી ન્હાની હતી અને જોતજોતામા કેટલી મ્હોટી થઈ ગઈ ! મ્હોટુ ઘર, મ્હોટી જમીનદારી, મ્હોટા છૈયા છોકરા અને ચૌધુરી મહાશય બધુ મ્હોટુ જ મ્હોટુ ! કેમ પારુ ?"

ચૌધુરી મહાશય પાર્વતી માટે આનદની વસ્તુ હતા તેમનુ સ્મરણુ થતા તેને હસવુ આવતુ હતુ આટલા દુ ખમા પણ તેને હસવુ આવ્યુ દેવદાસે કૃત્રિમ ગભીરતાથી કહ્યુ —"તુ મ્હારુ એક કામ કરીશ ?"

પાર્વતીએ મુખ ઉચુ કરી પૂછ્યુ —"શુ ?"

"કોઈ સારી છોકરી ત્હારા ધ્યાનમા છે ?"

"સારી છોકરી ? શુ કરવુ છે ?"

"જો સારી છોકરી મળી આવે તો વિવાહ કરુ એક વખત સસારી થવાની ઇચ્છા થાય છે"

પાર્વતીએ ગભીર ભાવથી કહ્યુ —"ઘણી ખૂબસૂરત હોવી જોઈએ, કેમ ?"

"હા ત્હારા જેવી જ"

"અને ઘણી ગુણિયલ, કેમ ?"

"ના, ગુણિયલ તો નહિ પરતુ જુલમી જોઈએ ત્હારી માફક મ્હારી સાથે તકરાર કરી શકે એવી જોઈએ"

પાર્વતીએ મનમાં ને મનમાં કહ્યુ —"દેવદાસ ! એ તો કાઈ કરી શકશે નહિ, કારણ કે, તેણે મ્હારી માફક ચ્હાઈ શકવુ જોઇએ" મુખેથી તેણે કહ્યું, "બલ્કે મ્હારુ મ્હો મ્હારા જેવી હજારો તમારા ચરણોમા આશ્રય મળતા પોતાને ધન્ય થયેલી સમજી શકે તેમ છે"

દેવદાસે કૌતુક કરી હસીને કહ્યુ —"બ્હેન ! હ નણુા એક આપીશ તો બસ છે"

"દેવદાસભાઇ ! ખરૂ કહો, તમે વિવાહ કરશો ?"

"કહુ છુ તો ખરો કે, કરીશ"

ફક્ત તે સાથે તેણે એમ ના કહ્યું કે, તેના (પાર્વતીના) સિવાય બીજી કોઈ સ્ત્રીનામા આ જીવનમા તેની પ્રવૃત્તિ થશે નહિ

"દેવભાઈ ! એક વાત કહુ ?"

"શી વાત ?"

પાર્વતીએ પોતાને સહજ સભાળીને કહ્યુ —"તમે શા માટે દારૂ પીતા શીખ્યા ?"

દેવદાસે હસીને કહ્યુ —"કાઈ વસ્તુ ખાતા પીતા શીખવુ પડે તેમ છે કે ?"

"એમ નથી તમે શા માટે ટેવ પાડી ?"

"કાણે કહ્યુ ? ધર્મદાસે કે ?"

"ગમે તેણે કહ્યુ હોય, વાત ખરી છે ?"

દેવદાસે પ્રતારણા કરી નહિ તે બોલ્યો —"કાઈક ખરી છે !"

પાર્વતીએ થોડા સમય સૂધી ચુપ બેસી રહ્યા પછી પૂછ્યુ — "કેટલા હજાર રૂપિયાના ઘરેણા લઈ આપ્યા છે ?"

દેવદાસે કહ્યુ —"આપ્યા નથી, ઘડાવી રાખ્યા છે તુ લઈશ ?"

પાર્વતીએ હાથ લબાવી કહ્યુ —"લાવો, આ જુઓ, મ્હારી પાસે એક પણ ઘરેણુ નથી"

"ચૌધુરી મહાશયે તને નથી આપ્યા ?"

"આપ્યા હતાં એ બધા ઘરેણા મ્હે તેમની મ્હોટી છોકરીને આપી દીધા છે"

"તને જરૂર નહિ હોય, કેમ ?"

પાર્વતીએ માથુ હલાવી નીચુ જોયુ ખરેખર, આ વખતે

દેવદાસના નેત્રોમા જળ ભરાઇ આવતુ હતુ સામાન્ય દુ ખથી સ્ત્રી પોતાના ઘરેણા કોઇને આપી દેતી નથી એમ તે પોતાના મનમા સમજી શકયો હતો ! અશ્રુજળને અટકાવી મૃદુ સ્વરે તેણે કહ્યુ –' પારુ ! એ વાત ખોટી છે કોઇ પણ સ્ત્રીને હુ મ્હારતો નથી તથા કોઇને પણ મ્હે ઘરેણા લઈ આપ્યાં નથી "

પાર્વતીએ ગાઢ નિશ્વાસ મુકી મનમા ને મનમા કહ્યુ – ' હુ આ વાત સાચી માનુ છુ "

ઘણા સમય સૂધી બન્ને જણા ચુપ રહ્યા ત્યાર પછી પાર્વતી એ કહ્યુ –" પરંતુ ફરીથી દારૂ નહિ પીવાની પ્રતિજ્ઞા કરો '

' એ મ્હારાથી નહિ બની શકે મ્હને એક પણ વખત યાદ નહિ કરવાની તુ પ્રતિજ્ઞા કરી શકે છે ?"

પાર્વતી ચુપ રહી આ સમયે બ્હાર સ ધ્યાનો શ ખધ્વનિ થયો દેવદાસે ચમકી ઉઠી બારીમાથી બ્હાર જોઇ કહ્યુ –" સ ધ્યા થઈ પારુ ! હવે તુ ઘેર જા "

" હુ નહિ જાઉ તમે પ્રતિજ્ઞા કરો "

" હુ પ્રતિજ્ઞા નથી કરી શકતો "

" કારણ ?"

" બધા માણસો બધા કામ કરી શકે છે કે ?'

' ધારે તો જરૂર કરી શકે "

" તુ આજે રાત્રે મ્હારી સાથે છુપી રીતે પલાયન કરી શકે કે ?"

પાર્વતીનુ હૃદય જાણે કે બ ધ પડી ગયુ તે જાણે નહિ એવી રીતે તેના મુખમાથી અસ્પષ્ટ શબ્દો નીકળી પડયા "એમ તે બને કે?"

દેવદાસે બિછાના ઉપર સહજ બમતા બેઠી કહ્યુ – પાર્વતિ ! બારણા ઉઘાડી નાખ "

પાર્વતીએ બારણાસામે જઈ તેને અટેલીને કહ્યુ –"પ્રતિજ્ઞા કરો "

દેવદાસ ઉભો થઈ ધીમેથી કહેવા લાગ્યો –" પાર્વતિ ! આ પ્રકારે પ્રતિજ્ઞા કરાવવાથી શો લાભ છે ? આજની પ્રતિજ્ઞા કાલ કાયે રહેશે નહિ –તુ મ્હને સત્યવાદી કરવા ઇચ્છે છે ?"

પાછી ઘણી લાણ ચુપકીદીમાં પસાર થઈ ગઈ એવામા ત્યા એક સ્થળે વડીઆળમા ટગ કરતા નવ વાગી ગયા દેવદાસ

વ્યાકુળ બની ગયો તેણે કહ્યુ –"પારૂ ! બારણા ઉઘાડી નાખ"

પાર્વતી ચુપ જ રહી.

"ઓ પારૂ !"

'હુ કોઈ પણ રીતે જવાની નથી" કહી પાર્વતી એ... ક... આવેગથી ત્યા જ બેસી પડી ઘણા સમય સુધી તેણે હૃદય ભેદક વિલાપ કર્યો હમણા એ ખડમા ગાઢ અધકાર હતો–કાઈ જોઈ શકાતુ નહોતુ પાર્વતી નીચે બેસી પુષ્કળ રડે છે એવુ દેવદાસ અનુમાનથી સમજી શકયો ધીમેથી તેણે કહ્યુ –" પારૂ !"

પાર્વતીએ રડતા રડતા કહ્યુ –" દેવભાઈ ! મ્હારા ... ખનો પાર નથી"

દેવદાસ નજીક આવ્યો તેના નેત્રોમા જળ હોવા છતા ક... વિકૃત થયો નહોતો તે બોલ્યો –" તુ એમ ધારે છે કે હુ એ નથી જાણતો ?"

" દેવભાઈ ! હુ મરી જાઉ છુ મ્હારી આ જન્મની ... હોવા છતા હુ તમારી સેવા કરી શકી નથી"

અધકારમા આખો લુછી દેવદાસે કહ્યુ –" હજી એને માટે પણ વખત છે"

"ત્યારે મ્હારે ત્યા ચાલો અહી તમારી સભાળ રાખનાર કોઈ નથી !"

"ત્હારે ઘેર આવુ તો તુ બહુ ચાકરી કરીશ ?'

" બાલ્યાવસ્થાની મ્હારી એ જ ઇચ્છા છે ! હે સ્વર્ગના દેવતા ! મ્હારી આટલી ઈચ્છા પૂર્ણ કરો ! પછીથી મરીશ તો પણ મ્હને દુ ખ નથી"

આ વખતે દેવદાસની આખોમા પણ જળ ભરાઈ આવ્યુ

પાર્વતીએ ફરીથી કહ્યુ –' દેવભાઈ ! મ્હારે ઘેર ચાલો"

દેવદાસે આખો લુછી કહ્યુ –" ઠીક છે, આવીશ"

" મ્હારે ગળે હાથ મૂકીને કહો કે, આવીશ ?"

દેવદાસે અનુમાનથી પાર્વતીના ચરણને સ્પર્શ કરી કહ્યુ – 'આ વાત કદાપિ નહિ ભુલુ મ્હારી સેવા કરવાથી ત્હારુ દુ ખ દૂર થાય તેમ છે તો હુ જરૂર આવીશ મૃત્યુ થતા પહેલા પણ આ વાત મ્હને યાદ હશે"

પ્રકરણ ૧૩ મું

—:o—

દેવદાસ અને ચંદ્રમુખી

પિતાનું મૃત્યુ થયા પછી ૭ માસ સુધી ઘેર રહી દેવદાસ ઘણો કંટાળી ગયો સુખ નહોતું, શાન્તિ નહોતી, કેવળ એક ભાગી જીવન હતું તે ઉપરાંત પાર્વતીની ચિંતા તેના અંતર માંથી દૂર ખસતી નહોતી આજકાલ હરેક કાર્યમાં તે યાદ આવતી હતી વળી વડિલ ભાઇ દ્વિજદાસ અને પતિવ્રતા ભાભીએ દેવદાસની હૃદયજ્વાળા ઘણી વધારી દીધી

ગૃહિણીની સ્થિતિ પણ દેવદાસના જેવી જ હતી પતિના મૃત્યુની સાથે સાથે જ તેના સકળ સુખનો અંત આવ્યો હતો વરની પરાધીનતા હવે તેને માટે અસહ્ય થઈ પડી હતી છેલ્લા કેટલાક દિવસથી તે કાશી જઈને રહેવાનો સંકલ્પ કરતી હતી કેવળ દેવદાસનો વિવાહ કર્યા સિવાય તે જઇ શકતી નહોતી તે એમજ કહ્યા કરતી હતી કે, ' દેવદાસ ! તું વિવાહ કર તને સંસારી થયેલો જોઇને હું જાઉં ' પરંતુ એ કેવી રીતે બને ? એક રીતે અશૌચ સ્થિતિ હતી અને હજી મનને ગમે એવી વહૂ શોધી કાઢવાની હતી તેથી જ હવે વચ્ચે વચ્ચે ગૃહિણીને એવો અફસોસ થતો હતો કે, જો પાર્વતી સાથે વિવાહ કરી નાખ્યો હોત તો સારું એક દિવસે તેણે દેવદાસને બોલાવી કહ્યું —" દેવદાસ ! હવે તો હું વેઠી શકતી નથી થોડા દિવસ કાશી જઇએ તો સારૂ "

દેવદાસની પણ એવી જ ઇચ્છા હતી તેણે કહ્યું —"મ્હારી પણ એવી જ ઇચ્છા છે ૭ માસ પછી પાછા આવશો એટલે બધું થઇ રહેશે "

" હા ભાઇ ! એમજ કર ૭ મહિના પછી અત્રે આવી તેમનું કારજ પરવારી ત્હારો વિવાહ કરી તને સંસારી થયેલો જોયા પછી હમ્મેશાને માટે હું કાશી જઇ રહીશ "

દેવદાસ થોડા માસ માટે માતાને કાશીમાં રાખી કલકત્તા ઉપસ્થિત થયો કલકત્તે જઇ ત્રણ ચાર દિવસ સુધી તેણે ચુની-

લાલની શોધ કરી ચુનીલાલનો પતો લાગ્યો નહિ રહેઠાણ બદલી બીજે સ્થળે તે ચાલ્યો ગયો હતો એક દિવસે સન્ધ્યા સમયે દેવદાસે ચન્દ્રમુખીની વાત યાદ કરી આટલા દિવસ સુધી તેણે તેને બિલકુલ યાદ કરી નહોતી દેવદાસ જાણે કે થોડો લજ્જિત થયો સન્ધ્યાકાળ પછી ગાડી ભાડે કરી ચન્દ્રમુખીને ઘેર જઈ પહોંચ્યો ઘણી હાકો માર્યા પછી અંદરથી જ કોઈ સ્ત્રીએ ઉત્તર આપ્યો —"અહીં નહિ" સ્હામે એક ગ્યાસ પોષ્ટ હતો દેવદાસે તેની નજીક ખસી જઈ કહ્યુ —"એ ક્યાં ગઈ છે તે કહી શકશો ?" ઉપરથી બારી ઉઘાડી એ સ્ત્રીએ થોડા સમય સુધી દેવદાસ તરફ જોઈ રહી કહ્યુ —"તમે દેવદાસ છો કે ?"

"હા"

"ઉભા રહો —બારણાં ઉઘાડું છું" બારણાં ઉઘાડીને તેણે કહ્યું —'આવો —" એ કંઠસ્વર જાણે કે પરિચિત હતો આમ છતાં દેવદાસ એને બરાબર ઓળખી શક્યો નહિ ત્યાં થોડો અંધકાર પણ છવાયેલો હતો

સંદેહને લીધે દેવદાસે કહ્યુ —"ચન્દ્રમુખી ક્યાં રહે છે એ કહી શકશો કે ?"

એ સ્ત્રીએ મૃદુ હાસ્ય કરી કહ્યું —"હા, ઉપર ચાલો"

આ વખતે એ સ્ત્રીને ઓળખી જઈ દેવદાસે કહ્યુ —"હે ! તુ જ છે કે ?"

"હા, હું જ છુ દેવદાસ ! મ્હને છેક ભૂલી ગયા હતા કે ?"

ઉપર જઈને દેવદાસે જોયુ કે, ચન્દ્રમુખીએ પહેરેલુ વસ્ત્ર મલિન હતુ કરમાં કંકણો હતાં તે ઉપરાંત બીજો એક પણ અલંકાર તેના અંગ ઉપર નહોતો ચોટલો અસ્તવ્યસ્ત હતો દેવદાસે આશ્ચર્ય પામી કહ્યુ —"તુ જ છે કે ?" તેણે બરાબર તપાસી જોયુ ચન્દ્રમુખીનુ શરીર પ્રથમના કરતાં ઘણુ સુકાઈ ગયુ હતુ દેવદાસે પૂછ્યુ —"તુ બીમાર પડી હતી ?"

ચન્દ્રમુખીએ હસીને કહ્યુ —"શરીરને તો કાંઈ બીમારી નથી તમે ઠીક બેસો"

દેવદાસે શય્યા ઉપર બસીને જોયુ તો આખા મકાનમાં [illegible]

ઘરની દુર્દશાનો પણ પાર નહોતો ! કોઈ પણ જાતનો ઘર સામાન નહોતો આલમારી, ટેબલ, ખુરશીઓ વગેરે [illegible] ખાલી હતા કેવળ બિછાનું એકનું હતું ચાદર અસ્વચ્છ હતી દિવાલ ઉપરની છબીઓ અદૃશ્ય થઈ ગઈ હતી એક ખુણામાં તેલનો દીવો બળતો હતો એની મદદથી દેવદાસ આ નવી પ્રકારની ગૃહસજ્જા જોઈ લીધી કાંઈક વિસ્મિત તથા દુઃખિત થઈ તેણે કહ્યું —' ચંદ્રા ! આની દુર્દશા કેવી રીતે થઈ ?"

ચંદ્રમુખીએ મ્લાન હાસ્ય કરી કહ્યું —' દુર્દશા શાનું શું છે ? ઉલટું મ્હારૂં ભાગ્ય ખુલ્યું છે "

દેવદાસ કાંઈ સમજી શક્યો નહિ તેણે કહ્યું — ત્હારા શરીર ઉપરના ઘરેણાં ક્યાં ગયાં ?'

" વેચી નાખ્યાં છે "

" સરસામાન ?"

" તે પણ વેચી નાખ્યાં છે '

" ઘરમાની છબીઓ સુધ્ધાં વેચી નાખી છે ?'

આ વખતે ચંદ્રમુખીએ હસી મ્હામેનું એક મકાન બતાવી કહ્યું —" એ ઘરવાળી હરિમતિને છબીઓ આપી દીધી છે "

દેવદાસ થોડી ક્ષણ સુધી ચંદ્રમુખીના મ્હોં તરફ જોઈ પૂછ્યું —' ચુનીબાબુ ક્યાં છે ?"

"મ્હને ખબર નથી તકરાર કરીને એ મહિનાથી ગયા ગયા છે ત્યાર પછી આવ્યા જ નથી "

દેવદાસે વિશેષ વિસ્મિત બની પૂછ્યું —' તકરાર કરવાનું કારણ ?"

" તકરાર નથી થતી કે ?"

' થાય છે [illegible] કારણ શું છે '

[illegible]

[illegible]

[illegible] મુખીએ [illegible] [illegible] તમે કેમ કાંઈ સમજી શકતા નથી ? તેઓ એક [illegible] પકડી લાવ્યા હતા મહિને બસો રૂપિયા, સારા સારા ઘરેણાં

તથા દ્વારની પાસ એક સિપાઈ અપાવવાની વાત કરી હતી હવે સમજ્યા ?"

દેવદાસે એ વાત સમજી જઈ હસીને કહ્યું—"પરંતુ એમાનું કાંઈ દેખાતું નથી !"

"હોય તો દેખાયને ? મ્હેં તમને હાંકી કાઢ્યા હતા"

"એમા એમનો શો ગુન્હો હતો ?"

"ગુન્હાની વાત નથી કરતો, મ્હારૂં કહેવું એવું છે કે, એ મ્હને ગમ્યું નહિ"

દેવદાસે ઘણા સમય સુધી કાંઈ વિચાર કરી કહ્યું—"એ વખત પછી બીજુ કોઈ અહીં આવ્યું નથી ?"

"ના, કેવળ એ વખતથી નહિ, પરંતુ તમે ગયા તેના બીજા જ દિવસથી અહીં કોઈ આવતું નથી કેવળ ચુનીલાલ વચ્ચે વચ્ચે આવી બેસતા હતા, બે મહિનાથી એ પણ બંધ છે"

દેવદાસ બિછાના ઉપર સૂઈ ગયો બીજી દિશા તરફ જોઈ ઘણા સમય સૂધી ચુપ રહી તેણે કહ્યું—"ચંદ્રમુખિ ! ત્યારે તું હવે ધંધો બંધ કરી દઈશ કે ?"

"હા, દીવાળું કાઢવું છે"

"પણ ખાઈશ શું ?"

"મ્હેં હમણાં જ કહ્યું ને કે, ઘરેણાં વેચી નાખ્યા છે"

"એ કેટલી રકમ હશે ?"

"બહુ મ્હોટી રકમ નથી લગભગ આઠસો નવસો રૂપિયા છે એક મોદીને ત્યાં જમે રાખ્યા છે તે દર મહિને મ્હને વીસ રૂપિયા આપે છે"

"પહેલા વીસ રૂપિયામાં તું ચલાવી શકતી નહોતી ખરૂં ?"

"હા આજે પણ બરાબર ચલાવી શકતી નથી. ત્રણ માસનું ઘરભાડું ચઢી ગયું છે તેથી હાથની બંગડીઓ વેચી બધું ચુકવી દઈ બીજા કોઈ સ્થળે જઈ રહેવાનો વિચાર છે"

"ક્યાં જઈશ ?"

"એ હજી નક્કી કર્યું નથી કોઈ સસ્તા દેશમાં જઈશ, વીસ રૂપિયામાં ચાલી શકે એવા કોઈ ગામડામાં જઈને રહીશ"

"ત્યારે આટલા દિવસ સૂધી કેમ ના ગઈ ? જ્યારે અહીં

તને કોઈ પ્રકારનું પ્રયોજન નથી ત્યારે આટલા દિવસ સુધી ાકરી કરી દેવુ કેમ વધાર્યું ?"

ચંદ્રમુખીએ નીચું જોઈ કાઈ વિચાર કરી લીધો તેના જીવ મા આ વાત કહેતા આજ પ્રથમ જ તે શરમાઈ દેવદાને કહ્યુ – "શું ગમ નહી ?"

ચંદ્રમુખીએ બિછાનાના એક ખુણા ઉપર સંકુચિત ભાવથી બેસી મૃદુ સ્વરે કહ્યું –"ગુસ્સો કરશો નહિ જતા પહેલા તમારૂ દર્શન થાય તો સારૂ એવી મ્હે આશા રાખી હતી હુ એમ વિચાર્યા કરતી હતી કે, તમે કદાચ ફરી એક વખત આવશો આજે મ્હારી એ આશા પૂર્ણ થયેલી હોવાથી આવતી કાલે જ હુ જવાનો ઉદ્યોગ કરીશ, પરંતુ કયા જાઉ તે કહો ?"

દેવદાસ આશ્ચર્ય પામી ઉઠી બેઠો થયો –"મ્હને જોવાની આશાથી ત્હે આટલુ બધુ નુકસાન વેઠયુ ? શા માટે એમ કર્યુ ?"

"એ મ્હારો એક ખ્યાલ હતો તમે મ્હને ઘણી ધિક્કારતા હતા કોઈએ મ્હને એટલી બધી ધિક્કારી નહોતી આજે તમને યાદ આવશે કે કેમ એ હુ જાણતી નથી, પરંતુ મ્હને ચોક્કસ યાદ છે કે, જે દિવસે તમે અહી પહેલ વહેલા આવ્યા તે દિવસથી તમારા તરફ મ્હારૂ લક્ષ ખેંચાયુ હતુ તમે ધનવાનના પુત્ર છો એ હુ જાણતી હતી, પરતુ એ ધનથી હુ કાંઈ તમારા તરફ આકર્ષાઈ નહોતી તમારા પહેલા અહી ઘણા પુરૂષો આવી ગયા છે પરતુ તેઓમાના કોઈનામા ક્યારે ય મ્હે તેજ જોયુ નહતુ તમે આવતાની સાથે જ મ્હને આઘાત કર્યો તિરસ્કારથી તમે મ્હા સામે જોયુ પછી તમારાની માફક કાંઈ આપી ગયા એમ બધુ તમને યાદ આવે છે કે ?"

દેવદાસ ચુપ જ રહ્યા ચંદ્રમુખી પુનઃ કહેવા લાગી –

"એ વખતથી જ મ્હે તમારા તરફ નજર નાખી એ વખતે મ્હારા મનમાં તમારા તરફ પ્રેમ નહોતો તથા તિરસ્કાર પણ નહોતો એક નવી વસ્તુ નજરે પડતા તે જેમ ઘણી યાદ રહે તેવી જ રીતે હુ તમને ભૂલી શકી નહોતી તમે આવતા ત્યારે બીકને માર્યે હુ ઘણી સાવધ રહેતી હતી, પરંતુ જો નહોત. આવતા તો મ્હને ગમતુ નહિ આ પછી એવો બુદ્ધિભ્રમ થયો

કે, આ બન્ને આંખોથી ઘણી વસ્તુઓ જૂદા જ સ્વરૂપે જોવા લાગી જાણે કે પ્રથમની ચન્દ્રમુખી કોઇ બીજી જ ચન્દ્રમુખી બની ગઇ પછી તમે દારૂ પીવા લાગ્યા દારૂ ઉપર મ્હને ઘણો ધિક્કાર છે કોઈ નશો કરતુ તો તેના ઉપર મ્હને ઘણો ક્રોધ ઉપજતો પરંતુ તમે દારુ પી ચકચુર બની જતા તો પણ મ્હને ક્રોધ ઉપજતો નહોતો, ઉલટુ પુષ્કળ દુઃખ થતુ હતુ "

આમ કહી ચન્દ્રમુખી દેવદાસના પગ ઉપર હાથ મૂકી સજળ નયને કહેવા લાગી—" હું ઘણી અધમ છુ મ્હારા અપરાધને મનમાં લાવશો નહિ ! તમે મ્હારો ઘણો તિરસ્કાર કરી મ્હને હાંકી કાઢતા હતા, પરંતુ તમારી વિશેષ નિકટ આવવાની મ્હને ઇચ્છા થતી હતી પછી તમે ઉંધી જતા એટલે——જવા દ્યો, એ બધી વાત હુ નહિ કહુ વળી પાછા તમે ગુસ્સે થાઓ એનો મ્હને ભય છે "

દેવદાસ કાંઈ બોલ્યો નહિ આ નવી જાતની વાતચિત તેને દુખી કરતી હતી ચન્દ્રમુખીએ ગુપ્ત રીતે આંખો લુછી કહેવા માંડ્યુ –" અમે કેટલુ સહન કરીએ છીએ, દુઃખ, તિરસ્કાર, અપમાન, ઉપદ્રવ અત્યાચાર વેઠીએ છીએ એ એક દિવસે તમે કહ્યુ એ દિવસથી મનમા ઘણુ અભિમાન ઉપજ્યુ છે–મ્હે બધુ બંધ કરી દીધુ છે "

દેવદાસે ઉંચી બેઠા થઈ પૂછ્યુ –" પરંતુ હવે કેવી રીતે દિવસો કાઢીશ ?"

ચન્દ્રમુખીએ કહ્યુ–" એ તો હુ કહી ચુકી છુ "

" ધાર કે, એ મોદી જો કદાચ ત્હારા બધા રૂપિયા ખાઈ જાય તો ?"

ચન્દ્રમુખી બ્હીધી નહિ શાન્ત સહજ ભાવથી તેણે કહ્યુ – "એમા કાંઈ નવાઇ જેવુ નથી, પરંતુ એ વાત મ્હે વિચારી રાખી છે સંકટ આવી પડશે તો તમારી પાસે થોડી ભિક્ષા માગી લઈશ

દેવદાસે વિચાર કરી કહ્યુ –" માગી લેજે હવે તુ અહીથી જવાનો ઉદ્યોગ કર "

" કાલે જ કરીશ બન્ને બંગડીઓ વેચી નાખી હુ મોદીને મળીશ,"

દેવદાસે ખીસ્સામાંથી સો સો રૂપિયાની પાંચ નોટો બ્હાર કાઢી ઉશિકાની નીચે મૂકી કહ્યુ –" બગડીઓ વેચીશ નહિ મોદીને મળજે હવે કહે જોઇએ કે કયા જઇશ ? કોઇ તીર્થસ્થળે ?"

" ના દેવદાસ ! તીર્થધર્મ ઉપર મ્હને વિશેષ આસ્થા નથી કલકત્તાથી બહુ દૂર તો નહિ જ જાઉ નજીકના કોઈ ગામડામા જઇને રહીશ "

" કોઈ ગૃહસ્થ કુટુબમા નોકર રહીશ ?"

ચદ્રમુખીની આખોમા પુન જળ ભરાઇ આવ્યુ તેણે કહ્યુ –' પરાધીનતામા રહેવાની મરજી નથી સ્વાધીનતામા જ રહીશ શામાટે દુ ખ ભોગવવા જાઉ ? શરીરને કોઇ પણ દિવસે દુ ખ દીધુ નથી તથા હજી પણ હુ દુ ખ સહન કરી શકુ તેમ નથી "

દેવદાસે ચિતાતુર મુખે સહજ હાસ્ય કર્યુ તે બોલ્યો – "શહેરની નજીક રહીશ તો કદાચ વળી પાછી લોભમા પડીશ મનનો કાઈ વિશ્વાસ નથી "

આ વખતે ચદ્રમુખીનુ મ્હો પ્રફુલ્લ થયુ તેણે હસીને કહ્યુ – "એ વાત ખરી છે, માણસના મનનો કાઇ વિશ્વાસ નથી એ સત્ય છે, પરતુ હુ હવે લોભમા નહિ જ પડુ સ્ત્રીજાતિને વિશેષ લાભ હોય છે એ હુ જાણુ છુ, પરતુ લોભની વસ્તુનો જ્યારે ઇચ્છાપૂર્વક ત્યાગ કર્યો છે ત્યારે પછી હવે મ્હને ભય નથી એકાએક તરગને વશ થઇને મ્હે લોભ છોડયો હોત તો સાવધાન થવાની જરૂર પડત, પરતુ આટલા બધા દિવસોમા એક પણ દિવસે મ્હને પશ્ચાત્તાપ થયો નથી ! હુ ઘણાજ સુખમા છુ "

આમ છતા દેવદાસે મસ્તક હલાવી કહ્યુ –" સ્ત્રીજાતિનુ મન ઘણુ ચચળ હોય છે ! "

આ વખતે ચદ્રમુખીએ દેવદાસની નજીક જઇ તેનો હાથ પકડીને કહ્યુ –" દેવદાસ !"

દેવદાસે તેના મુખ તરફ જોયુ હવે તે પહેલાની માફક એમ કહી શક્યો નહિ કે, " મ્હને સ્પર્શ કરીશ નહિ "

ચદ્રમુખીએ સ્નેહવિકસિત નેત્રોથી સહજ કપતા સ્વરે દેવદાસના બન્ને હાથ પોતાના ખોળા ઉપર ખેચી લઈ કહ્યુ – " આજે છેલ્લો દિવસ છે આજે કોપ કરશો નહિ એક વાત

તમને પજવવાની મ્હારી ઘણી ઇચ્છા છે—" એમ કહી ક્ષણ કાળ સુધી સ્થિર દૃષ્ટિથી દેવદાસના મુખ તરફ જોઇ રહી તેણે કહ્યુ – "પાર્વતીએ તમને બહુ દુખી કર્યા છે કે ?"

દેવદાસે ભ્રકુટી ચઢાવી કહ્યુ –"આવો પ્રશ્ન શા માટે પુછે છે ?"

ચદ્રમુખી વિચલિત થઈ નહિ શાન્ત દૃઢ સ્વરે તેણે કહ્યુ – "એ પ્રશ્ન એટલાજ માટે પૂછુ છુ કે, તમને દુખી થતા જોઇ મ્હને વણુ લાગી આવે છે તે ઉપરાંત મ્હને એમ લાગે છે કે હુ ઘણીખરી હકીકત જાણુ છુ વચ્ચે વચ્ચે નશાની અદર તમારે મુખે મ્હે ઘણી ઘણી વાતો સાભળી છે એમ છતા પાર્વતીએ તમને ઠગ્યા અગર છેતર્યા હોય એ હુ માની શકતી નથી મ્હને તો એમજ લાગે છે કે, તમે પોતેજ તમને ઠગ્યા છે દેવદાસ! ઉમ્મરે હુ તમારાથી મ્હોટી છુ આ સસારમા મ્હે ઘણી વસ્તુઓ જોઈ છે મ્હારી માન્યતા શી તે જાણો છો ? હુ ખાત્રીપૂર્વક એમ માનુ છુ કે, તમારીજ ભુલ થયેલી છે ચચળ અને અસ્થિર ચિત્ત માટે સ્ત્રીઓની જેટલી નિદા કરવામા આવે છે એટલી નિદાને યોગ્ય તેઓ નથીજ નિદા તમે કરો છો અને પ્રશસા પણ તમેજ કરો છો તમારે જે કહેવાનુ હોય છે તે અનાયાસે કહી શકો છો, પરતુ તેઓ કહી શકતી નથી સ્ત્રીઓ પોતાના અતરની વાતને પ્રકાશિત કરવાનુ જાણતી નથી અને કદાચે જાણે છે તો સહુ સમજતા નથી કારણ કે સ્ત્રીની વાતમા અસ્પષ્ટતા વિશેષ હોય છે—તમારા મુખ આગળ સ્ત્રીની વાત દબાઈ જાય છે ત્યાર પછી કેવળ નિદાજ સાભળવામા આવે છે"

ચદ્રમુખીએ થોડા સમય સુધી ચુપ રહી અવાજને વિશેષ સાફ કરી કહેવા માડયુ —"પરતુ કેવળ એકજ વખત પ્રેમમા પડી છુ એ પ્રેમનુ મૂલ્ય ઘણુ છે! એથી ઘણુ શીખી છુ પ્રેમ અલગ વસ્તુ છે તથા રૂપનો મોહ અલગ વસ્તુ છે એ ગડબડ પુરુષોજ કરે છે રૂપનો મોહ તમારા કરતા અમારામા ઘણોજ થોડો હોય છે અલ્પકાળમાજ અમે તમારી માફક ઉન્મત્ત બની જતી નથી તમે આવી જ્યારે પ્રેમ દર્શાવો છો, અનેક વાતો વિવિધ ભાવથી જ્યારે કહી સભળાવો છો ત્યારે અમે ચુપ બેસી રહીએ છીએ ઘણી વખતે તમને દુખ દેતા શરમ આવે

છે—સંકોચ થાય છે મ્હો જોતાં તિરસ્કાર ઉપજે છે તો પણ શમને લીધે અમે એમ કહી શકતી નથી કે, હું તમને ચ્હાઈ શકીશ નહિ ત્યાર પછી એક પ્રકારના બાહ્ય પ્રણયનુ નાટક ચાલે છે એક દિવસે એ નાટક જ્યારે પૂર્ણ થાય છે ત્યારે પુરુષ ક્રોધથી અધીર બની સ્ત્રી જાતિને ' વિશ્વાસઘાતિની કહે છે સહુ એ વાત સાંભળે છે અને સમજે છે એ વખતે પણ અમે ચુપ જ રહીએ છીએ અમને એ વખતે જે દુ ખ થાય છે તે કોણ જોઈ શકે છે ?'

દેવદાસ કાંઈ બોલ્યો નહિ ચદ્રમુખી તેના મ્હોં તરફ જોઇ રહી કહેવા લાગી—" કદાચ સાધારણ મમતા ઉપજે છે, સ્ત્રીઓ સમજે છે કે, એજ પ્રેમ છે ! શાન્તિ અને ધીરજથી તે સસારના કામકાજ કરે છે, દુ ખના વખતે પ્રાણ પાથરી સહાયતા કરે છે, તમે તેની ઘણી પ્રશસા કરો છો મુખેથી તેને ઘણો ધન્યવાદ આપો છો ! પરતુ એ વખતે પણ તેના પ્રેમનો પરિચય પ્રાપ્ત થતો નથી ત્યાર પછી કોઇ અશુભ ક્ષણે તેનુ હૃદય અસહ્ય વેદનાથી ઉડી જાય છે ત્યારે—" આ વખતે દેવદાસના મુખ તરફ તીવ્ર દૃષ્ટિપાત કરી ચદ્રમુખીએ ઉમેર્યું, " ત્યારે તમે બૂમ પાડી બોલી ઉઠો છો કે, ' કલકિની ! ' હરિ—હરિ !"

આ વખતે દેવદાસે ચદ્રમુખીના મ્હો ઉપર હાથ દબાવી કહ્યું—" ચદ્રમુખિ ! આ શુ ?"

ચદ્રમુખીએ ધીમેથી તેનો હાથ ખસેડી કહ્યુ—" દેવદાસ ! બ્હીવાનુ કારણ નથી હુ તમારી પાર્વતીની વાત કહેતી નથી '

આટલુ બોલી તે ચુપ રહી દેવદાસે થોડા સમય સુધી ચુપ રહ્યા પછી કહ્યું—" પણ કર્ત્તવ્ય છે કે નહિ ? ધર્માધર્મ છે કે નહિ ?"

ચદ્રમુખીએ કહ્યુ—" એ તો છે જ અને એટલા માટે જ જે ખરી રીતે ચ્હાય છે તે સહન કરે છે કેવળ અતરમા ચ્હાવાથી પણ કેટલુ સુખ તથા તૃપ્તિ છે એ જે જાણે છે તે વિના કારણ સસારની અદર દુ ખ અને અશાન્તિ લાવવા ઇચ્છતુ નથી દેવદાસ ! હુ તમને એક વખત કહી ચુકી છુ તથા મ્હારી એવી ચોક્કસ ખાત્રી છે કે, પાર્વતીએ તમને ઠગ્યા નથી, તમેજ તમને પોતાને

કહ્યા છે હુ જાણુ છુ કે, આજે આ વાત સમજવાની તમારામા તાકાત નથી, પરતુ જો કદાચ વખત આવશે તો તમે જોઈ શકશો કે, મ્હે ખરી વાત કહી હતી ”

દેવદાસના બન્ને નેત્રામા આસુ ભરાઈ આવ્યા આજે તેના મનમા કોણ જાણે શાથી એમજ થવા લાગ્યુ કે, ચદ્રમુખીનુ કહેવુ ખરૂ છે એ આસુ નજરે પડવા છતા તેને લુછી નાખવાનો ચદ્રમુખીએ પ્રયત્ન કર્યો નહિ મનમા ને મનમા તે કહેવા લાગી–
“ મ્હે તમને ઘણી વખત ભિન્ન ભિન્ન સ્થિતિમા જોયા છે હુ તમારા મનને જાણુ છુ હુ સમજી શકી છુ કે, સાધારણ પુરૂષ ની માફક તમે ગળગળા થઈ જઈ પ્રેમ દર્શાવી શકો તેમ નથી રૂપને કોણ નથી ચ્હાતુ ? પરતુ તમારુ આટલુ બધુ તેજ રૂપના ચરણોમા આત્મ વિસર્જન કરશે એમ હુ કોઈ પણ રીતે માની શકતી નથી પાર્વતી કદાચ ઘણી રૂપવતી હશે એમ છતા હુ ધારુ છુ કે, તેણે જ પ્રથમ તમારા ઉપર પ્રેમ કર્યો હશે તેણેજ તમારી પાસે પ્રથમ પોતાના અતરનો પ્રેમ પ્રકટ કર્યો હશે ”

આ વખતે ચદ્રમુખીથી એનાએક અસ્પષ્ટ સ્વરે બોલી જવાયુ–
“ મ્હારા ઉપરથીજ હુ સમજી શકુ છુ કે એ તમને કેટલા બધા ચ્હાય છે ! ”

દેવદાસે ઝડપથી ઉઠી બેઠા થઇ કહ્યુ –“ શુ કહ્યુ ?”

ચદ્રમુખીએ કહ્યુ –“ કાંઈ નહિ હુ એમ કહેતી હતી કે, એ તમારા રૂપથી ભૂલી નથી તમારામા રૂપ છે ખરૂ, પણ તેથી ભૂલ થાય તેમ નથી. આ તીવ્ર રૂક્ષ રૂપ સહુની નજરે પડવાનો સભવ નથી છતા જેની નજરે પડે તે આખ ફેરવી શકે તેમ નથી ”

આમ કહી એક ગાઢ નિશ્વાસ મૂકી તે બોલી –“ તમે કેવુ આકર્ષણ છો એ જે તમને ચ્હાય છે એજ જાણે છે આવા સ્વર્ગમાથી ઈચ્છાપૂર્વક પાછી ચાલી જાય એવી સ્ત્રી પૃથ્વીમા હોય ખરી કે ? ”

પુન થોડા સમય સુધી દેવદાસના મુખ તરફ ચુપકીદીથી જોઈ રહી ચદ્રમુખી મૃદુ સ્વરે કહેવા લાગી – આ રૂપ કાંઈ એકલી નજરેજ પડતુ નથી, પરતુ હૃદયના અતરતમ પ્રદેશમા તેની ગભીર

છાયા પડે છે ત્યાર પછી દિવસ પૂરા થતા અગ્નિની સાથે ચિતામા ભસ્મ થઇ જાય છે ”

દેવદાસે વિહ્વળ દષ્ટિથી ચદ્રમુખીના મુખ તરફ જોઇ કહ્યુ–“ આજે તુ આ બધુ શુ કહે છે ?”

ચદ્રમુખીએ મૃદુહાસ્ય કરી કહ્યુ –“ દેવદાસ ! આની વિપદ ભાગ્યેજ બીજી હશે જેને ચ્હાતા નથી તે કદાચ બળાત્કારે પ્રેમની વાત સભળાવે તો ! હુ કેવળ પાર્વતી માટે જ વકીલાત કરતી હતી–મ્હારે માટે નહિ ”

દેવદાસે ઉઠવાની તૈયારી કરી કહ્યુ –“ હવે હુ જાઉ છુ ”

‘ હજી થોડા વખત બેસો મારી હાલતમા તમારી સાથે વાતચિત કરવાનો પ્રસગ મ્હને કદાપિ પ્રાપ્ત થયો નથી કદાપિ આવી રીતે તમારા બન્ને હાથ પકડી હુ તમારી સાથે વાતચિત કરી શકી નથી આજે કેવી તૃપ્તિ છે ! ’ આટલુ બોલી ચદ્રમુખી હસી પડી

દેવદાસે આશ્ચર્ય પામી પૂછ્યુ –‘ હસે છે કેમ ?’”

“ કાઈ નહિ, એક જુની વાત મ્હને યાદ આવી છે એ દશ વર્ષ ઉપરની વાત છે પ્રેમમા પડી ઘર છોડીને હુ ચાલી આવી એ વખતની વાત છે એ વખતે મ્હને એમ લાગતુ હતુ કે, પ્રેમને માટે હુ પ્રાણ સુધ્ધા અર્પણ કરી શકુ તેમ છુ ત્યાર પછી એક તુચ્છ ઘરેણા માટે એક દિવસે એવી ભયકર તકરાર થઈ કે, પછાવા કોઈએ કોઈનુ મ્હો જોયુ નહિ એનો મ્હારા ઉપર બિલકુલ પ્રેમ નથી નહિ તો તે એક તુચ્છ ઘરેણુ ન લાવી આપે કે ’ એમ વિચારી મ્હે મનને શાન્ત કર્યુ ”

ફરી એક વખત ચદ્રમુખી હસી પડી બીજીજ ક્ષણે શાન્ત તથા ગભીરમુખે તેણે કહ્યુ –“ એ વખતે હુ જાણતી નહોતી કે સાધારણ માણુ દુખતુ મટાડવા માટે સહેલાઇથી હસતા હસતા પ્રાણ સુધ્ધા આપી શકાય છે ! એ વખતે સીતા દમયતીની વાતને હુ માનતી નહોતી ઠીક, દેવદાસ ! આ જગતમા બધુ સભવિત છે ને ?”

દેવદાસ કાઇ બોલી શક્યો નહિ હતબુધ્ધિની માફક એકાગ્ર દૃષ્ટિથી થોડી ક્ષણ સૂધી જોતા રહી તે બોલ્યો –“ હુ જાઉ છુ –’

“ બ્હીવાનુ કારણ નથી હજી થોડી વાર બેસો હવે હુ

તમને ભુલાવી રાખવા ઈચ્છતી નથી મ્હારા એ દિવસો ચાલ્યા ગયા છે હવે તમે મ્હારો જેટલો તિરસ્કાર કરો છો, તેટલો જ તિરસ્કાર હુ મ્હારો પોતાનો કરૂ છુ પરતુ દેવદાસ ! તમે વિવાહ કેમ નથી કરતા ?"

આટલી ક્ષણ પછી દેવદાસે નિશ્વાસ મૂકી હસીને કહ્યુ —"વિવાહ કરવાની મ્હારી ઇચ્છા થતી નથી"

"ઇચ્છા ના થતી હોય તો પણ કરો બાળ બચ્ચાના મ્હો જોઈ ઘણી શાન્તિ મેળવી શકશો તે ઉપરાંત મ્હારે માટે પણ એક રસ્તો નીકળશે. તમારા સસારમા દાસીની માફક રહીને પણ સુખમા હુ મ્હારા દિવસ વીતાડી શકીશ"

દેવદાસે હાસ્ય મુખે કહ્યુ —"ઠીક છે, એ વખતે તને બોલાવી મગાવીશ"

ચદ્રમુખી જાણે તેનુ હાસ્ય જોઈ શકી નહિ તે બોલી — "દેવદાસ ! તમને બીજી એક વાત પૂછવાની મ્હારી ઈચ્છા છે"

"શી ?"

"તમે અત્યાર સુધી મ્હારી સાથે શા માટે વાતચિત કરી ?"

"કાઈ ગુન્હો થયો છે કે ?"

"એ હુ જાણતી નથી ! પરતુ આ નવીન પ્રકાર છે ! નશો કરી બેભાન બન્યા સિવાય, પહેલા તમે મ્હારી સાથે વાત કરતા નહોતા !"

આ પ્રશ્નનો ઉત્તર આપ્યા સિવાય દેવદાસે વિષણ્ણ મુખે કહ્યુ —"હમણા દારુને સ્પર્શ કરી શકાય તેમ નથી—મ્હારા પિતાનુ મૃત્યુ થયુ છે"

ચદ્રમુખીએ ઘણા સમય સુધી કરૂણ દૃષ્ટિથી જોઇ રહી કહ્યુ —"હવે પછી દારુ પીશો કે ?"

"કાઈ ચોકકસ કહી શકતો નથી"

ચદ્રમુખીએ દેવદાસના બન્ને હાથ વિશેષ આગળ ખેચી રૂધાયલા કઠે કહ્યુ —"જો બની શકે તો એ વ્યસન છોડી દેજો જાણી જોઇ આવી કચન જેવી કાયાનો અકાળે નાશ કરશો નહિ"

દેવદાસે એકાએક ઉઠી ઉભા થઇ કહ્યુ —"હુ જાઉ છુ. તુ જે સ્થળે જાય એ સ્થળ મ્હને લખી જણાવજે વળી કોઇ પણ પ્રકારની જરૂર પડે તો મ્હારાથી શરમ રાખીશ નહિ"

ચન્દ્રમુખીએ પ્રણામ કરી ચરણરજ લઇ કહ્યું —" હું સુખી થાઉં એવો આશીર્વાદ આપો વળી બીજી એક ભિક્ષા માગું છું કે, ન કરે નારાયણ અને જો કદાચ દાસીની જરૂર પડે તો મ્હને યાદ કરજો "

" વારુ !" કહી દેવદાસ ચાલ્યો ગયો ચન્દ્રમુખીએ બન્ને હાથ જોડી રડી પડીને કહ્યું —" ભગવાન ! ફરી એક વખત દર્શન કરાવજો "

— o —

પ્રકરણ ૧૪ મું.

મનોરમાનો પત્ર

એ વર્ષથી પાર્વતી મહેન્દ્રનો વિવાહ કરી ઘણા અંશે નિશ્ચિત થઇ હતી જલદબાલા બુદ્ધિમતી તથા કામકાજમાં હોશિયાર હતી પાર્વતીને બદલે સંસારનું ઘણું ખરું કામકાજ તેજ કરતી હતી પાર્વતીએ હવે બીજી તરફ ધ્યાન આપ્યું હતું આજે પાંચ વર્ષથી વિવાહ થવા છતાં તેને સંતાન થયું નહોતું પોતાને સંતાન નહિ હોવાથી બીજાના સંતાનો તરફ તેની ઘણી માયા હતી ગરીબ દુઃખીની માયા તો દૂર રહી પરંતુ જેમની સ્થિતિ કંઇક સારી હોય તેમના છોકરાઓનું ખરચ પણ તેજ વેઠી લેતી હતી એ ઉપરાંત દેવમંદિરનું કામકાજ કરી, સાધુ સન્યાસીની સેવા કરી, અપંગોની પરિચર્યા કરી તે પોતાના દિવસો પસાર કરતી હતી સ્વામીને સમજાવી પાર્વતીએ એક અતિથિશાળા ખોલી હતી તેમાં આશ્રય વિનાના ગરીબ લોક ઇચ્છાનુસાર રહી શકતા હતા જમીનદારના સંસારમાંથી જ તેમને ખોરાકી પોષાકી મળતી હતી બીજું એક કાર્ય પાર્વતી વળી છુપી રીતે પોતાના ખરચની રકમમાંથી કરતી હતી એ કાર્યની તેના સ્વામીને પણ ખબર નહોતી દરિદ્ર ભદ્ર કુટુંબોને તે ખાનગી રીતે પૈસાની મદદ કરતી હતી પતિ પાસેથી હરેક મહિને તેને ખાનગી ખરચ માટે જે રકમ મળતી હતી તેમાંથી જ તે આ સઘળું ખરચ કરતી હતી આમ છતાં એ કાર્ય કચેરીના મુખ્ય કારભારીથી અજાણ્યું રહ્યું નહિ તથા તેના હાથ નીચેના માણસો તે એ વાત ઉપર અંદરખાને

ચર્ચા કરવા લાગ્યા. સસારનુ ખરચ આજકાલ બમણું થઇ ગયું છે એ વાત દાસીઓ પણ છુપી રીતે સાભળી આવતી હતી સિલ્લકમાં વિશેષ રકમ રહેતી નહોતી સસારમાં નકામુ ખરચ વધે છે તો તે દાસ દાસીઓથી જોઇ શકાતુ નથી દાસીઓને મુખે જલદબાલા એ સઘળી વાત સાભળી શકતી હતી એક દિવસે રાત્રે તેણે પતિને કહ્યુ –તમે આ ઘરના કોઈ નથી કે ?”

મહેન્દ્રે પૂછ્યુ –“ કેમ, શુ છે ?”

સ્ત્રીએ કહ્યુ –“ દાસ દાસીઓ બધુ જોઈ શકે છે અને તમે આખો મીચીને ફરો છો કે ? બાપાજી તો નવી બાને કાઇ કહી શકે તેમ નથી, પરતુ તમારે કહેવુ જોઇએ ”

ખરી વાત સમજી નહિ શકાવાથી મહેન્દ્રે ઉત્સુક બની કહ્યુ – “ તુ શી વાત કહે છે ?”

જલદબાલા ગભીર બની સ્વામીને સલાહ આપવા લાગી કે “નવી બાને છૈયા છોકરા નથી તેથી સસાર તરફ તેમનુ લક્ષ્ય કયાથી રહે ! તેઓ છૂટા હાથે પૈસા ઉડાવે છે એ તમે જોઈ શકતા નથી કે ?”

મહેન્દ્રે ભ્રકુટી ચઢાવી કહ્યુ –“ શામા પૈસા ઉડાવે છે ?”

જલદે ઉત્તર આપ્યો –“આખો હોત તો જોઈ શકત આજ-કાલ ઘરનુ ખરચ બમણુ થઈ ગયુ છે સદાવ્રત, દાન, ફકીર અતિથિ વગેરે પાછળ મરજી મુજબ પૈસા ખરચાય છે ઠીક છે, તેઓ તો જાણે કે, પરલોક સુધારે છે, પરતુ તમને બાળબચ્ચા થશે તેમનુ શુ ? તેઓ શુ ખાશે ? પોતાની વિષયસપત્તિને ઉડી જવા દઈ છેવટ તેઓ ભીખ માગશે કે ?”

મહેન્દ્રે બિછાનામા બેઠા થઇ કહ્યુ —“ તુ કોની વાત કરે છે ? બાની કે ?”

જલદે કહ્યુ —“ બધી વાત હુ ચોખ્ખી ચોખ્ખી ન કહુ ત્યા સૂધી તમે કાઇ સમજી શકો તેમ નથી કે ?”

મહેન્દ્ર બોલ્યો —“ તુ બાના નામ ઉપર ફરિયાદ કરવા આવી છે ?”

જલદબાલાએ ક્રોધે ભરાઇ કહ્યુ –“મ્હારે ફરિયાદ કરવાની શી જરૂર ? જે ખરી વાત હતી તે મ્હે તમને કહી સભળાવી છે, નહિ તો છેવટે કદાચ તમે મ્હને જ દોષ દેત ”

મહેન્દ્રે ઘણા સમય સુધી ચુપ બેસી રહ્યા પછી કહ્યું—"તુ કંગાલની કન્યા અતિથિ શાળાનુ મહત્વ કયાથી સમજી શકે ?" જલદ બોલી ઉઠી —"ત્યારે તમારી નવી બાના બાપને ઘેર કેટલી અતિથિશાળાઓ છે ?"

મહેન્દ્ર વિશેષ બોલાબોલી નહિ કરતાં ચુપકીદીથી પડી રહ્યો સ્હવારે ઉઠી પાર્વતી પાસે જઇ તેણે કહ્યુ —"બા ! આ તુ કેવી વહૂ લાવી ? એની સાથે કોઈ પણ રીતે સસાર માંડી શકાય તેમ નથી હુ કલકત્તા ચાલ્યો જાઉ છુ"

પાર્વતીએ આશ્ચર્ય પામી પૂછ્યુ —"શુ થયુ છે, ભાઈ ?"

"એ ત્હારા નામે ગમે એવા કટુ વચનો ઉચ્ચારતી હોવાથી હુ એનો ત્યાગ કરુ છુ"

પાર્વતી છેલ્લા થોડા દિવસથી મ્હોટી વહૂના વ્યવહાર તરફ ધ્યાન આપતી હતી, છતા એ ભાવને દબાવી દઇ તેણે કહ્યુ —"ભાઈ એ તો શાણી છોકરી છે" ત્યાર પછી તેણે જલદબાલાને એકાતમાં બોલાવી પૂછ્યુ —"વહુ ! તકરાર થઈ છે કે શુ ?"

પતિને સ્હવારથી કલકત્તા ચાલ્યો જવાની તૈયારી કરતો જોઇ જલદબાલા મનમાં ઘણો ભય પામી હતી સાસૂનો પ્રશ્ન સાંભળી રડી પડીને તેણે કહ્યુ —"બા ! મ્હારો જ વાક છે વળી દાસીઓ સુદ્ધાં ખરચપત્ર સબધી બોલચાલ કરે છે"

પછી પાર્વતીએ સઘળી હકીકત સાંભળી પોતે શરમાઇને વહૂની આંખો લુછી તેણે કહ્યુ —"વહૂ ! ત્હારૂ કહેવુ ખરૂ છે હુ સસારકાર્યમાં નિપુણ નહિ હોવાથી જ ખરચપત્ર તરફ મ્હારૂં ધ્યાન નહોતુ"

ત્યાર પછી પાર્વતીએ મહેન્દ્રને બોલાવી કહ્યુ —"ભાઈ ! વિના દોષે તુ ક્રોધ કરીશ નહિ તુ સ્વામી છે ત્હારા કલ્યાણની કામના આગળ સ્ત્રીએ બીજુ બધુ તુચ્છ સમજવુ જોઇએ વહૂ મ્હારી સાક્ષાત લક્ષ્મી છે" પરતુ તે દિવસથી જ પાર્વતીએ હાથને સમેટી લીધો પછી અતિથિશાળા અને દેવમદિરની પ્રથમના જેવી સેવા થઇ નહિ ઘણાં અનાથ, અપગ, ફકીર વગેરે માણસો પાછાં ફરવા લાગ્યા એ વાત જમીનદારના જાણવામા આવતાં તેમણે પાર્વતીને બોલાવી કહ્યુ – "કેમ લક્ષ્મીજીનો ભડાર ખૂટી ગયો કે ?"

પાર્વતીએ હસતે મુખે કહ્યું –"કેવળ આપ આપ કરવાથી ક્યાં સુધી ચાલી શકે? થોડા દિવસ સુધી એકઠુ પણ કરવું જોઇએ ખરચ કેટલુ બધુ વધી ગયુ છે એ જોઇ શકતા નથી?"

"ખરચ વધી ગયુ છે તેથી શુ થઇ ગયુ? હવે કેટલા દિવસ બાકી રહ્યા છે? આ છેલ્લા દિવસોમાં સત્કર્મ કરી પરલોક સુધારવો જોઇએ"

પાર્વતીએ હસીને કહ્યુ –"આ કેવળ પોતાના સ્વાર્થની વાત છે કેવળ પોતાનો પરલોક સુધારવા માટે બાળબચ્ચાંને દુ ખના દરિયામાં હડસેલી મુકવા કે? થોડા દિવસ ચુપ બેસી રહો ત્યાર પછી પાછુ બધુય થશે"

ચૌધરી મહાશયને ચુપ થવુ પડયુ બીજી તરફથી પાર્વતીનું કામ ઓછુ થયુ એટલે એની ચિંતા વધી ગઈ તેની સઘળી ચિંતા કેવળ એકજ વિષયમાં ગુંચાયલી હતી જેને આશા હોય છે તે જૂદી રીતની ચિંતા કરે છે તથા જેને આશા નથી હોતી તે પણ વળી જૂદી રીતની ચિંતા કરે છે પહેલી આશાવાદીની ચિંતામાં સજીવતા છે, સુખ છે, તૃપ્તિ છે, દુ ખ છે અને ઉત્કંઠા છે તેથી તે મનુષ્યને થકવે છે—વિશેષ સમય સુધી ચિંતા કાયમ રહેતી નથી, પરંતુ નિરાશાવાદીને સુખ નથી, દુ ખ નથી, ઉત્કંઠા નથી, છતાં તૃપ્તિ છે આંખોમાંથી આંસુ ટપકે છે, પરંતુ હમ્મેશા જૂદા જૂદા ભાવથી એ ચિંતા હૃદયને ભેદી નાખતી નથી હલકા મેઘની માફક આમ તેમ તે તણાય છે જ્યાં પવનના ઝપાટા નથી લાગતા ત્યાં તે સ્થિર રહે છે, તથા જ્યાં ઝપાટા લાગે છે ત્યાંથી ખસી જાય છે તન્મય મન ઉદ્વેગહીન ચિંતાથી એક પ્રકારની સાર્થકતા મેળવે છે પાર્વતીને પણ આજકાલ એવુજ થયુ હતુ સંધ્યાપૂજા કરવા બેસતાં અસ્થિર, ઉદ્દેશહીન, નિરાશ મન વિજળીની ઝડપથી એક વખત તાલસોનાપુરના આંબાવાડીઆ, વાંસના ઝાડ, નિશાળ, નદીનો ઘાટ વગેરે સ્થળે ફરી આવતુ હતુ વળી એ મન એવા કોઇ સ્થળે છુપાઇ જતુ કે, પાર્વતી પોતે પણ તેને શોધી બ્હાર કાઢી શકતી નહિ ક્વચિત્ ઓષ્ઠના ખુણા ઉપર હાસ્ય દેખાઇ આવતુ તો ક્ષણ કાળ પછી અશ્રુનુ એક બિંદુ ટપ કરતુ પૂજાના જળપાત્રમા પડતું હતુ આમ છતાં દિવસો પસાર થતા હતા કામકાજ કરવામા, મધુર વાતચિતમાં, પરોપકાર તથા

સેવા-સુશ્રુષા કરવામાં પણ દિવસો વીતી જતા હતા. વળી એ બધુ ભૂલી ધ્યાનમગ્ન યોગિનીની માફક દિવસો પસાર થઈ જતા હતા કોઇ તેને લક્ષ્મીસ્વરૂપિણી અન્નપૂર્ણા કહેતુ તો કોઇ અસ્થિર ચિત્તવાળી ઉદાસિની કહેતુ હતુ

ગઈ કાલથી પાર્વતીનામા બીજો એક પ્રકારનો ફેરફાર જોવામા આવતો હતો એનામા જાણે કે તીવ્રતા અને કઠોરતા દેખાતીહતી એ જળથી ઉછાળા મારતી ભર ગગામાં જાણે કે એકાએક ઓટ આવ્યો હતો એ ફેરફારનુ કારણુ ઘરનુ કોઇ માણસ જાણતુ નહોતુ ફકત અમેજ જાણતા હતા મનોરમાએ તાલસોનાપુરથી ગઇ કાલે એક પત્ર લખ્યો હતો તેમાં તેણે નીચે પ્રમાણે હકીકત લખી હતી,–

“ પાર્વતી !

ઘણા દિવસથી આપણે બન્નેએ એક બીજીને પત્ર લખ્યો નથી એ માટે બન્ને જણીઓ ગુન્હો કબૂલ કરી અભિમાન ઓછુ કરીએ એ ઉત્તમ છે હુ મ્હોટી હોવાથી માનભિક્ષા માગી લઉ છુ આશા રાખુ છુ કે, તુ જલ્દી ઉત્તર આપીશ આજકાલ કરતા લગભગ એક માસથી હુ ઘેર (પિયર) આવી છુ આપણા જેવી ગૃહસ્થ ઘરની સ્ત્રીઓ શારીરિક આરોગ્ય તરફ ખાસ લક્ષ્ય આપતી નથી મૃત્યુ થતાં કહીએ કે, છુટકારો થયો અને જીવતાં કહીએ છીએ કે, ઠીક છે તેથી હુ પણ કહુ છુ કે, મ્હારૂ શરીર ઠીક છે આ બધી નકામી વાત છે ઉપયોગી વાત પણ લખવાની છે, છતા છેલ્લા બે દિવસથી તને એ વાત લખવી કે નહિ તે વિચાર્યા કરતી હતી, એ વાત લખી જણાવુ તો તને દુ ખ થશે કે કેમ એ હુ વિચારી શકી નહોતી દેવદાસની વાત સાભળી તને દુ ખ થશે જ, પરતુ તે સાથે ત્હારી વાત યાદ આવતાં હુ મ્હારા અશ્રુજળને રોકી શકતી નથી ઇશ્વરે જે કર્યું છે તે સારૂ જ કર્યું છે, નહિ તો દૈવયોગે ત્હારા જેવી રીસાળ સ્રી તેને પનારે પડી હોત તો અત્યાર સુધીમા ડૂબી મરીને અથવા ઝેર ખાઇને જરૂર આત્મઘાત કરત વળી જે વાત સઘળા માણસો જાણે છે તે બે દિવસ પછી પણ ત્હારા જાણવામાં

આવે તેમ હોવાથી ત્હારાથી તે છુપાની રાખવાની જરૂર મ્હને લાગતી નથી

"આજ છ સાત દિવસથી દેવદાસ અત્ર આવ્યો છે જમીનદારના ગૃહિણી કાશી રહેવા ચાલ્યા ગયા છે અને દેવદાસ કલકત્તાવાસી થયો છે એ તો તુ પણ જાણે છે તે કેવળ ભાઇ સાથે તકરાર કરવા તથા રૂપિયા લેવાને જ અહી આવ્યો છે એમ સાભળ્યુ છે કે, વચ્ચે વચ્ચે આટલા માટે જ તે આવે છે જ્યા સુધી રૂપિયાની જોગવાઈ નથી થતી ત્યાં સુધી રહે છે, જોગવાઇ થતા કલકત્તા ચાલ્યો જાય છે

'અઢી વર્ષથી તેના પિતાનુ મૃત્યુ થયુ છે તને સાભળી ને અજાયબી લાગશે કે, આટલી ટુક મુદતમા તેણે લગભગ અડધી મિલકત ઉડાવી દીધી છે દ્વિજદાસ વ્યવહારચતુર માણસ હોવાથી કોઈ પણ રીતે તેણે પોતાની મિલકત સાચવી રાખી છે દેવદાસ દારૂ અને વેશ્યામા પોતાનુ સર્વસ્વ ગુમાવી બેઠો છે, કોણ તેનુ રક્ષણ કરશે ? યમદેવતા સિવાય કોઈ તેનુ રક્ષણ કરી શકે તેમ નથી એ વખત પણ હવે નજીક આવ્યો છે તેણે વિવાહ કર્યો નથી એ સતોષની જ વાત છે

'સાથે સાથે દુ ખ પણ થાય છે પહેલાની એ કચન જેવી કાયા નથી, એ રૂપ નથી, એ તેજ નથી, જાણે કે એ કોઈ બીજો જ દેવદાસ છે ! રૂક્ષ વાળ હવામા ઉડે છે, આખો ઊંડી ઉતરી ગઇ છે એ કેવો કદરૂપો બની ગયો છે તેનુ વર્ણન કરવા જેવા શબ્દો મ્હારી પાસે નથી તે નજરે પડતા તિરસ્કાર ઉપજે છે અને ભય લાગે છે આખો દિવસ બદુક હાથમા લઈ નદીના કિનારા ઉપર ફરે છે તથા પખીઓનો શિકાર કરે છે પછી જ્યારે મધ્યાન્હકાળ થતાં માથુ તપી જાય છે ત્યારે નદીના બાધ પાસે આવેલા વડના ઝાડ નીચે નીચુ જોઇ બેસી રહે છે સંધ્યા કાળ પછી રાત્રે ઘેર જઇ પુષ્કળ દારૂ પીએ છે રાત્રે ઊંઘે છે કે નહિ તે ઇશ્વર જાણે !

"વચ્ચે એક દિવસે સધ્યાકાળે હુ નદી ઉપર પાણી ભરવા ગઈ હતી ત્યા મ્હે દેવદાસને હાથમા બદુક લઇ ચાલ્યો જતો જોયો, મ્હને ઓળખી તે મ્હારી નજીક આવી ઉભો રહ્યો. ભયને

લીધે જાણે મ્હારો જીવ ઉડી જવા લાગ્યો ! નદીના ઘાટ ઉપર એકકે માણસ નહોતું ઈશ્વરે સારૂં કર્યું કે, તે દિવસે એણે કાંઇ બદમાશી કરી નહિ સરળ સભ્ય માણસની માફક શાન્ત ભાવથી તેણે પૂછ્યું, " મનુ બ્હેન ! સારી છે ને ? '

"કાંઈ ઉપાય નહિ હોવાથી બ્હીતા બ્હીતા માથું હલાવી મ્હેં કહ્યું, 'હા '

" પછી એક ગાઢ નિશ્વાસ મૂકી તેણે કહ્યું –"બ્હેન ! સુખી રહે તને જોઇ ઘણો આનંદિત થાઉં છું " પછી તે ધીમે ધીમે ચાલ્યો ગયો હું ઝડપથી પલાયન કરી ગઈ સારૂં થયું કે એણે મ્હારો હાથબાથ પકડયો નહિ ! જવા દે એ વાત એ દુરાચારીની હકીકત લખતા પત્રનો અંત આવે તેમ નથી

" બ્હેન ! મ્હેં તને ઘણું દુઃખ દીધું છે કે ? આજે પણ જો તેને નહિ ભૂલી શકી હોય તો તને દુઃખ થશે જ, પણ ઉપાય શો ? જો ત્હારો અપરાધ કરેલો લાગે તો ત્હારી આ સ્નેહમયી મનુ બ્હેનને ક્ષમા આપજે "

ગઇ કાલે પત્ર આવ્યો હતો પાર્વતીએ આજે મહેન્દ્રને બોલાવી કહ્યું –" બે પાલખી અને બત્રીસ મજુર જોઇએ હું હમણા જ તાલસોનાપુર જવાની છું "

મહેન્દ્રે આશ્ચર્ય પામી પુછ્યું –" પાલખી તથા મજુરોનો બંદોબસ્ત કરૂં છું પણ બે પાલખીની શી જરૂર છે ? "

" પાર્વતીએ કહ્યું –" ત્હારે સાથે આવવાનું છે રસ્તામાં જો કદાચ મ્હારૂં મૃત્યુ થાય તો અગ્નિ મૂકવા માટે મ્હોટા દીકરાની જરૂર પડે "

મહેન્દ્ર બીજુ કાંઈ બોલ્યો નહિ પાલખીઓનો બંદોબસ્ત થતાં બન્ને જણીએ પ્રયાણ કર્યું

એ ખબર જાણવામાં આવતાં જમીનદારે દાસદાસીઓને ઘણી પૂછપરછ કરી, પરંતુ કોઇ કાંઇ કારણ જણાવી શકયું નહિ પછી જમીનદારે બુદ્ધિ વાપરી બીજા પાંચ દરવાન અને દાસ દાસીઓને રવાના કરી દીધા

એક દરવાને પૂછ્યું —" રસ્તે મેળાપ થતાં પાલખીઓ પાછી વાળીએ કે?"

• જમીનદારે વિચાર કરી કહ્યુ —" ના, એમ કરવાની જરૂર નથી તમે સાથે સાથે જજો અને રસ્તામા સકટ ન આવી પડે તે સભાળજો "

એ દિવસે સધ્યાકાળ પછી બન્ને પાલખીઓ તાલસોનાપુર જઇ પહોચી હતી, પરતુ દેવદાસ ગામમા નહોતો તે દિવસ દ્વિપ્રહરે એ કલકત્તા ચાલ્યો ગયો હતો

પાર્વતીએ કપાળ ઉપર હાથ પછાડી કહ્યુ —" હાય ભાગ્ય !'

પછી તે મનોરમાને મળી મનુએ પૂછ્યુ —" પારૂ ! દેવદાસને મળવા આવી હતી કે ?"

પાર્વતીએ કહ્યુ —"ના, મ્હારી સાથે તેડી જવા આવી હતી અહી કોઇ એમનુ પોતાનુ માણસ નથી "

મનોરમા ચુપ થઇ ગઇ થોડા સમય પછી તેણે કહ્યુ — " તુ શુ બોલે છે ?" સાથે લઈ જતા તને શરમ ન આવત ?"

" એમા શરમ આવવા જેવુ શુ હતુ ? પોતાની વસ્તુ હુ લઇ જાઉ એમા શરમ શાની ?"

" રામ રામ, આ તુ શુ બકે છે ? ત્હારે ને તેને કોઇ પણ પ્રકારનો સબધ નથી—આવી વાત તુ મુખમા લાવીશ નહિ "

પાર્વતીએ મ્લાન હાસ્ય કરી કહ્યુ —" મનુબ્હેન ! સમજણ આવ્યા પછી જે વાતે મનમા વાસ કર્યો છે તે કોઇ વખતે મુખની બ્હાર નીકળી પડે છે હુ તને બ્હેન માનુ છે તેથી જ તુ એ વાત સાભળી શકી છે "

બીજે દિવસે પ્રભાતકાળે પાર્વતી માતાપિતાના ચરણોમા પ્રણામ કરી પુન પાલખીમા બેસી શ્વસુરપક્ષ તરફ ચાલી ગઈ

પ્રકરણ ૧૫ મું

કેવળ સ્નેહને માટે !

આજકાલ કરતાં બે વર્ષથી અશથઝુરી નામક ગામડામા ચદ્રમુખીએ ઘર બાધ્યુ હતુ ન્હાની નદીને તીરે એક ઉચી જગ્યાએ તેણે માટીની બે ઓરડીઓ તૈયાર કરાવી હતી નજીક એક છાપરી નીચે ગાય બાંધેલી હતી બે ઓરડીમાની એકમા તનુ રસોડુ હતુ તથા બીજીમા તે શયન કરતી હતી આગણુ સ્વચ્છ હતુ આંગણા નજીક તુળશી રોપવામા આવી હતી સ્હામે નદીનો ઘાટ હતો કેટલાક લોકો પાસે ખજુરીના ઝાડ કપાવી સીડી તૈયાર કરાવી હતી ચદ્રમુખા સિવાય એ ઘાટનો ઉપયોગ બીજુ કોઇ કરતુ નહિ વર્ષાઋતુમા નદી જ્યારે ભરાઇ જતી ત્યારે ચદ્રમુખીના મકાનથી જળ થોડુ જ નીચુ રહેતુ વર્ષાઋતુમાં ગામ લોક આવી આંગણામા પુષ્કળ માટી નાખી તેને ઉચુ કરી જતા હતા એ ગામડામા ભદ્ર લોકોની સખ્યા બિલકુલ નહોતી ખેડૂત, ગોવાળીઆ, રબારી, મોચી વગેરે નિમ્ન વર્ગના મનુષ્યો નો જ એ ગામમા વાસ હતો ચદ્રમુખીએ આ ગામમા આવી દેવદાસને ખબર મોકલી હતી ઉત્તરમાં દેવદાસે બીજા થોડા રૂપિયા મોકલી આપ્યા હતા એ રૂપિયા ચદ્રમુખી ગામ લોકોને ઉછીના આપતી હતી આપદ વિપદમા એ લોકો ચદ્રમુખી પાસે દોડી આવતા હતા તથા રૂપિયા મેળવી પ્રફુલ્લ મુખે ઘેર ચાલ્યા જતા હતા ચદ્રમુખી કોઇની પાસે વ્યાજ લેતી નહિ વ્યાજના બદલામા લોક શાકભાજી, ચાર વગેરે રાજી ખુશીથી આપી જતા હતા ધીરવામા આવેલી રકમ માટે પણ ચદ્રમુખી કડક ઉઘરાણી કરતી નહિ જેનાથી અસલ રકમ ન આપી શકાય તે નહોતુ આપતુ એવા વખતે ચદ્રમુખી હસીને કહેતી - "હવે તને કદાપિ કાઇ આપીશ નહિ"

દેણદાર મનુષ્ય નમ્ર ભાવે કહેતું કે "મા ! આ વખતે મોસમમા સારો પાક થાય એવો આશીર્વાદ આપો."

ચંદ્રમુખી આશીર્વાદ આપતી વળી પાછો કદાચ પાક સારો થતો નહિ જમીનદારના મહેસુલ માટે જબરો તગાદો થતો—ફરીથી દેણદાર આવી રડી પડી હાથ લબાવતુ, ચદ્રમુખી ફરી પૈસા આપતી તે હસીને મન સાથે કહેતી કે, “ ગામ લોક જીવતા રહો, મ્હને પૈસા માટે શી ચિતા છે ?”

પરતુ તે કયાં હતો ? લગભગ છ માસથી ચદ્રમુખીને તેના અર્થાત્ દેવદાસના કાંઈ સમાચાર મળ્યા નહોતા પત્ર લખવામા આવતા ઉત્તર મળતો નહિ, રજીષ્ટર્ડ પત્ર રખડી રઝળી પાછો આવતો એક ગોવાળીઆના કુટુબને ચદ્રમુખીએ પોતાના પાડો શમાં રાખ્યુ હતુ તેણે એ ગોવાળીઆના પુત્રના લગ્નમા સારી મદદ કરી હતી તેને ખેતીના ઓજારો ખરીદી આપ્યા હતા એ કુટુબ ચદ્રમુખીનું આશ્રિત અને અનુગત હતુ એક દિવસે રહવારે ચદ્રમુખીએ એ ગોવાળીયા ભૈરવને બોલાવી કહ્યુ “ ભૈરવ ! તાલસોનાપુર અહીથી કેટલુ દૂર છે એ જાણે છે ?”

ભૈરવે વિચાર કરી કહ્યુ—“એ જગલ વટાવીએ એટલે કચેરી આવે છે ”

ચદ્રમુખીએ પ્રશ્ન કર્યો—“ ત્યા જમીનદાર રહે છે, કેમ ?”

ભૈરવે કહ્યુ—“ હા, તેઓ, આખા દેશના જમીનદાર છે આ ગામ પણ તેમનુ જ છે ત્રણ વર્ષથી જમીનદાર સ્વર્ગવાસી થયા છે જમીનદારીમાના સઘળા માણસોને એ વખતે એક મહિના સુધી મિષ્ટાન્ન જમાડવામા આવ્યુ હતુ હમણા જમીનદારના બે છોકરાઓ છે એ ઘણા મ્હોટા--રાજા જેવા લોક છે !”

ચદ્રમુખીએ કહ્યુ—“ ભૈરવ ! મ્હને તુ ત્યાં લઈ જઈ શકીશ ?”

ભૈરવે કહ્યુ—“ હા, જે દિવસે જવાની ઇચ્છા થાય તે દિવસે કહેજો ’

ચદ્રમુખીએ ઉત્સુક થઈને કહ્યુ—“ ભૈરવ, ચાલને, આપણે આજે જ જઈએ ”

ભૈરવે આશ્ચર્ય પામી કહ્યુ—“ આજે જ ?!” પછી ચદ્રમુખીના

મ્હો તરફ જોઇ તે બોલ્યો --"બા! તમે જલ્દી રસોઈ કરી જમી લ્યો, હુ પણ થોડુ કાચુ કોરૂ ખાવાનુ બાધી લઉ "

ચદ્રમુખીએ કહ્યુ --" ભૈરવ! મ્હારે રસોઇ બનાવવી નથી, તુ ત્હારે જે બાધવુ હોય તે બાંધી લે.'

ભૈરવે ઘેર જઈ એક વસ્ત્રને છેડે કાચુ કોરૂ ખાવાનુ બાધી લીધુ પછી માથે ફાળીઉ બાધી હાથમા ડાગ લઇ ચદ્રમુખી પાસે આવી તેણે કહ્યુ --" ચાલો, પણ બા! તમે કાઇ નહિ ખાઓ ?"

ચદ્રમુખી બોલી—"ના, હજી મ્હે સ્નાન સધ્યા કર્યાં નથી. જો વખત મળશે તો ત્યા જ પરવારી લઈશ "

ભૈરવ રસ્તો બતાવતો આગળ ચાલવા લાગ્યો પાછળ ચદ્રમુખી મહાકષ્ટે ચાલવા લાગી અભ્યાસ નહિ હોવાથી બન્ને પગ ક્ષત વિક્ષત થઈ લોહીથી ભીજાવા લાગ્યા મધ્યાન્હના પ્રખર તાપથી તેનુ આખુ મ્હો લાલચોળ થઇ ગયુ સ્નાનાહાર કરેલો નહિ હોવા છતા ચદ્રમુખી ખેતરો પછી ખેતર વટાવી જવા લાગી ખેડૂતો આશ્ચર્ય પામી તેના તરફ જોઈ રહ્યા

ચદ્રમુખીએ એક લાલરગનુ ગવન પહેર્યું હતુ હાથમાં બે જોડ બગડીઓ હતી માથા ઉપર કપાળ સુધી ઘુમટો ખેચ્યો હતો તથા આખા દેહને તેણે બિછાનાની લાબી ચાદરથી ઢાંકી દીધો હતો સૂર્યનો અસ્ત થવાને જ્યારે વિશેષ વિલબ નહોતો ત્યારે બન્ને જણાં ગામમા જઇ પહોચ્યા ચદ્રમુખીએ સહજ હસીને કહ્યુ --' ભૈરવ! ત્હારા બે ખેતર હવે પૂર્ણ થયાં કે ?"

ભૈરવે એ પરિહાસને સમજી નહિ શકતાં સરળ ભાવથી કહ્યુ– " માજી, અહી આવી તો પહોચ્યા, પરતુ તમારૂ સુખી શરીર અત્યારે પાછુ ફરી શકશે કે ?"

ચદ્રમુખીએ પોતાના મન સાથે કહ્યુ —" આજે તો શું પણ કાલે સુદ્ધા એ રસ્તો ચાલી શકુ તેમ નથી " પ્રકાશમા તેણે કહ્યુ – " ભૈરવ! અહી બળદગાડી મળશે ?"

" હા, બળદગાડી ભાડે કરી લાવુ ?"

ચદ્રમુખીએ સમતિ દર્શાવી જમીનદારના મકાનમા પ્રવેશ કર્યો ભૈરવ ગાડી નક્કી કરવા બીજી દિશા તરફ ચાલ્યો ગયો જમીન

દારના મકાનમાં ઉપરને મજલે અંદરના ભાગમા આવેલા છજામાં મ્હોટી વહૂ (આજકાલ જમીનદારની ગૃહિણી) બેઠી હતી એક દાસી ચંદ્રમુખીને ત્યાં લઇ ગઇ ઉભયે ઉભયનું નિરીક્ષણ કર્યું ચંદ્રમુખીએ નમસ્કાર કર્યા. મ્હોટી વહૂ કનકના અંગ ઉપર પુષ્કળ અલંકારો હતા નેત્રોના ખુણાઓમાથી અહંકાર બ્હાર ફાટી નીકળતો હતો બન્ને ઓષ્ઠ તથા દાંત વિશેષ પાનતમાકુ ખાવાની ટેવથી કાળા પડી ગયા હતા એક તરફનો ગાલ ફુલેલો હતો. તેમા કદાચ પાનતમાકુ ભરેલા હશે ચોટલો એટલો બધો ખેંચીને—કસીને બાંધ્યો હતો કે અંબોડો માથા ઉપર ચઢી ગયેલો દેખાતો હતો કાન તથા નાક ઘરેણુંથી ભરેલાં હતાં

ચંદ્રમુખીએ જોયું કે, કનકનો દેહ ભરાવદાર હોઇ તેનો વર્ણ કાળાશ પડતો હતો મુખાકૃતિ ગોળાકાર હતી તેનો પહેરવેશ જોઈ ચંદ્રમુખીને તિરસ્કાર ઉપજ્યો વળી કનકે જોયું કે, ચંદ્રમુખીના અંગમા રૂપ શમાતુ નહોતુ બન્નેની ઉમ્મર સરખી લાગવા છતાં એ વાતનો કનકે પોતાના મનમા સ્વીકાર કર્યો નહિ આ ગામમાં પાર્વતી સિવાય આવી સૌંદર્યવતી સ્ત્રી બીજી કોઇ તેણે જોઈ નહોતી આશ્ચર્ય પામી તેણે પૂછ્યુ —" તમે કોણ છો ?"

ચંદ્રમુખીએ કહ્યુ —" હું આપની જ રૈયત છુ થોડી મહેસુલ બાકી રહે છે તે આપવા આવી છુ માફ કરાવશો તો તમારો ઉપકાર થશે "

મ્હોટી વહૂએ મનમાં ખુશી થઇને કહ્યુ —"એ માટે અહી આવવાની શી જરૂર હતી ? કચેરીમા જ જવુ હતુ !"

ચંદ્રમુખીએ મૃદુ હાસ્ય કરી કહ્યુ —' બા ! અમે દુ ખી માણસ છીએ બધુ મહેસુલ ભરી શકવા જેવી અમારી સ્થિતિ નથી. એમ સાંભળ્યુ છે કે, તમે ઘણા દયાળુ છો તેથી જ તમારી પાસે આવી છુ થોડુ મહેસુલ માફ કરાવશો તો તમારો ઉપકાર થશે "

આવા પ્રકારની વાત કનકે પોતાના જીવનમા આજે પ્રથમ સાંભળી તેનામા દયા છે, તે મહેસુલ માફ કરી શકે તેમ છે એવુ સાંભળી મનમાં પ્રસન્ન થઈ ચંદ્રમુખી તેની પ્રિયપાત્રી થઈ પડી

કનકે કહ્યુ —" બ્હેન ! રોજ અમારે એવા ઘણા રૂપિયા માફ કરવા પડે છે, ઘણા માણસો મ્હારી પાસે આવી કરગરે છે મ્હારાથી કોઇને ના કહી શકાતી નથી એ માટે તેઓ (દ્વિજદાસ) મ્હારા ઉપર ઘણો ક્રોધ કરે છે ઠીક છે, તમારુ કેટલુ મહેસુલ બાકી છે ?"

"વધારે નહિ, ફકત બે રૂપિયા પણ એ બે રૂપિયા મ્હારી આગળ પહાડ જેવા છે આજે આખો દિવસ ચાલીને હુ અહી આવી છુ"

કનકે કહ્યુ --"અરે ! તમે દુ ખી માણસ છો મ્હારે દયા કરવી જોઇએ ઓ બિદુ ! આ બાઇને બ્હાર લઇ જા કારભારી મહાશયને મ્હારૂ નામ દઈ કહેજે કે, એમના બે રૂપિયા માફ કરે ઠીક બ્હેન ! તમારૂ ઘર કયા છે ?"

ચદ્રમુખીએ કહ્યુ --આપના રાજત્વમાં—અશથઝુરી ગામ મા ઠીક બા, હમણા જમીનદારીના બે ભાગ છે ને ?"

કનકે કહ્યુ --"બે ભાગ શાના ? થોડા દિવસમા બધુ અમારૂ જ થશે"

ચદ્રમુખીએ ચિતાતુર બની પૂછ્યુ --" ન્હાના ભાઇ બહુ દેવાદાર છે કે ?"

કનકે વિસ્મત હાસ્ય કરી કહ્યુ —" એમની મિલકત અમારા કબ્જામા છે ન્હાનાભાઈ છેક બગડી ગયા છે કલકત્તામા પુષ્કળ દારૂ પી રાંડોને ત્યાં પડી રહે છે હિસાબ ગણી ન શકાય એટલા બધા રૂપિયા ઉડાવી દીધા છે"

ચદ્રમુખીનુ મ્હોં લેવાઈ ગયુ થોડી ક્ષણ પછી તેણે પૂછ્યુ – "બા, ન્હાનાભાઇ ઘેર આવતા જ નથી કે ?"

કનક બોલી —" ના કેમ આવે ! રૂપિયાની જરૂર પડે છે ત્યારે આવે છે દેવુ કરે છે, પોતાનો ભાગ છોડી રૂપિયા લઇ ચાલ્યા જાય છે બે મહિના ઉપર અહી આવી બારહજાર રૂપિયા લઇ ગયા છે તેઓ વિશેષ કાળ સુધી જીવે એવી આશા નથી– આખા શરીરે ખરાબ રોગ થયો છે–રામ–રામ !"

ચદ્રમુખી કપી ઉઠી મલિન મુખે તેણે પુછ્યુ —" કલકત્તામાં તેઓ ક્યાં રહે છે ?"

કનકે કપાળ ઉપર સહજ હાથ પછાડી હાસ્યમુખે કહ્યુ – "ક્યા પડી રહે છે એ કોઈ જાણતુ નથી ગમે તે હૉટેલમા ખાય છે અને મરજીમા આવે એ રાડને ત્યા પડી રહે છે એ શુ કરે છે અને શુ નહિ તે તેમનો જમ જ જાણે છે"

એકાએક ઉભી થઈ ચદ્રમુખીએ કહ્યુ —" હુ જાઉ છુ –"

કનકે સહજ આશ્ચર્ય પામી કહ્યુ —" જશો ? અરે ઓ બિદુ—"

ચદ્રમુખી વચ્ચે જ બોલી ઉઠી —" માણસની જરૂર નથી હુ એકલી કચેરીમાં જઇ શકીશ" આમ કહી તે બ્હાર ચાલી ગઇ મકાનની બ્હાર નીકળતા ભૈરવ બળદગાડી સાથે રાહ જોતો તેની નજરે પડયો એ રાત્રે જ ચદ્રમુખી ઘેર પાછી ફરી સ્હવારે ફરીથી ભૈરવને બોલાવી તેણે કહ્યુ — "ભૈરવ! આજે મ્હારે કલકત્તે જવુ છે ત્હારાથી આવી શકાય તેમ નહિ હોવાથી ત્હારા દીકરાને સાથે લઈ જઈશ"

ભૈરવ —જેવી તમારી ઇચ્છા કલકત્તે કાંઈ જરૂરી કામ છે કે ?

ચદ્રમુખી –હા, ભૈરવ! ઘણુ જરૂરી કામ છે

ભૈરવ –માજી, ક્યારે પાછા આવશો ?

ચદ્રમુખી —ચોક્કસ કહી શકતી નથી કદાચ જલ્દી પાછી આવુ અને કામ ન થાય તો વાર પણ લાગે વળી હુ પાછી ન આવુ તો આ ઘરબ્હાર ત્હારા છે

પ્રથમ તો ભૈરવ અવાક્ બની ગયો ત્યાર પછી તેની બન્ને આંખોમા જળ ભરાઈ આવ્યુ તેણે કહ્યુ —" માજી, તમે પાછા નહિ આવો તો ગામનુ એક પણ માણસ બચશે નહિ"

ચદ્રમુખીએ સજળનયને મૃદુહાસ્ય કરી કહ્યુ —" ભૈરવ! હુ કેવળ બે વર્ષથી જ અહીં આવી છુ એ પહેલા ગામના માણસો કેવી રીતે બચતાં હતા ?"

આ વાકયનો ઉત્તર મૂર્ખ ભૈરવ આપી શકયો નહિ, પરતુ ચદ્રમુખી પોતાના મનમા સઘળુ સમજી શકી. ભૈરવનો છોકરો કેવળીઓ ફક્ત તેની સાથે જવાનો હતો ગાડીમા જરૂરી સામાન ભરી તેમાં બેસતી વખતે ઘણા સ્ત્રી પુરૂષ મળવા આવ્યા તેમની

સહુની આંખો આંસુથી ભીંજાયલી હતી ચંદ્રમુખીના નેત્રોમાંથી પણ અશ્રુજળની વૃષ્ટિ થતી હતી બળ્યું કલકત્તા ! જો દેવદાસ માટે જવાનું ન હોત તો કલકત્તાની રાણીગિરી મેળવવા માટે પણ ચંદ્રમુખી આટલા બધા સ્નેહને તુચ્છ કરી જઇ શકત નહિ

બીજે દિવસે તે ક્ષેત્રમણિને ઘેર જઇ પહોંચી ચંદ્રમુખી પહેલા જે મકાનમા રહેતી હતી તેમાં બીજું ભાડુત આવ્યું હતું. ક્ષેત્રમણિએ વિસ્મિત બની પૂછ્યું —" બ્હેન ! આટલા દિવસ સૂધી કયાં હતી ?"

ચંદ્રમુખીએ ખરી વાત છુપાવી કહ્યું —" અલ્હાબાદમા હતી "

ક્ષેત્રમણિએ તીક્ષ્ણ દૃષ્ટિથી તેના સર્વાંગને જોઇ કહ્યું — "ત્હારાં ઘરેણાગાઠા કયા ગયાં ?"

ચંદ્રમુખીએ હસીને ટૂંકમા કહ્યું —"બધુંય છે "

તે દિવસે ચંદ્રમુખીએ પેલા મોદીને મળી પૂછ્યું —"તમારી પાસે મ્હારા કેટલા રૂપિયા લેણા પડે છે ?"

મોદીએ માથું ખંજવાળતા કહ્યું —" પચાસ સાઠ રૂપિયા હશે બેએક દિવસ પછી જોગવાઇ કરી આપીશ "

" તમારે કાંઇ આપવાનું નથી ફકત મ્હારૂં થોડું કામ તમારે કરવાનું છે "

"શું ?"

" બે દિવસ મહેનત કરવાની છે અમારા લત્તામાં એક ભાડાનું મકાન જોઈએ, સમજ્યા ?"

મોદીએ હસીને કહ્યું —" બરાબર સમજ્યો!"

" મકાન સારૂં હોવું જોઇએ સુંદર બિછાનું, ગાદી તકીઆ, બત્તી, બે ખુરસી એક ટેબલ એ સઘળાની વ્યસ્થા હોવી જોઇએ, સમજ્યા ?"

મોદીએ મસ્તક હલાવી સંમતિ દર્શાવી

"આરસી, કાંસકી અને બે ફૅન્સી ગવન જોઈએ વળી ગિલ્ટ કરેલાં ઘરેણાં કયાં મળે છે એ જાણો છો ?"

મોદીએ ઠેકાણું કહ્યું ચંદ્રમુખી બોલી —" એક શેટ સારાં ઘરેણા પણ ખરીદવાના છે. હું સાથે આવી પસંદ કરીશ." પછી

તેણે હસીને કહ્યુ —"મ્હને જે કાંઇ જોઇએ તે કહ્યુ,—એક દાસીને પણ રાખવી પડશે "

મોદીએ પૂછ્યુ—" આ બધી વ્યવસ્થા કેટલા વખતમા કરવાની છે ?"

" બને તેટલી ઝડપથી એ ત્રણ દિવસમા બધી વ્યવસ્થા થઇ જવી જોઇએ ' આમ કહી ચદ્રમુખીએ મોદીના હાથમા સા રૂપિયાની નોટ આપી કહ્યુ —" સારી વસ્તુઓ લેજો, સસ્તી કામમા નહિ આવે "

ત્રીજે દિવસે તે નવીન મકાનમા ચાલી ગઇ કેવળરામની મદદથી આખો દિવસ મકાનને સુસજ્જિત કરવામાં તેણે વીતાડ્યો સધ્યાકાળ થતા પુર્વે તે પોતાના દેહને સુસજ્જિત કરવા લાગી સાબુથી મ્હો ધોઇ તેના ઉપર પાઉડર લગાવ્યો, પગને આલતાથી રગ્યા પાન ખાઇ ઓષ્ઠને રગ્યા ત્યાર પછી સવાગે ઘરેણા પહેરી, નવીન, ફૅન્સી વસ્ત્ર પહેરી, આજે ઘણા દિવસ વાળ સમારી કપાળમાં ટિપકી કરી, આયનામા મ્હોં જોઇ મનમા ને મનમા હસી તેણે કહ્યુ —" હજી આ ભાગ્યમા શુ શુ લખાયલુ હશે !"

ગામડીઓ છોકરો કેવળરામ આ અભિનવ સાજસજ્જા જોઈ બ્હીને બોલ્યો —" માજી, આ બધુ શુ છે ?"

ચદ્રમુખીએ હસીને કહ્યુ —" કેવલા ! આજે મ્હારા વર આવવાના છે "

કેવલરામ આશ્ચર્ય પામી જોઈ જ રહ્યો સધ્યા સમયે ક્ષેત્રમણિએ ફરતા ફરતા ચદ્રમુખી પાસે આવી કહ્યુ —" બ્હેન ! આ વળી પાછુ શુ છે?"

ક્ષેત્રમણિએ થોડા સમય સુધી જોઈ રહી કહ્યુ —" બ્હેનની ઉમ્મર વધે છે તેમ રૂપ પણ વધતુ જાય છે?"

ક્ષેત્રમણિના ચાલ્યા ગયા પછી ચદ્રમુખી ઘણા દિવસ પહેલા જેવી રીતે બારી પાસે બેસતી હતી તેવી રીતે બેઠી એકાગ્રદષ્ટિથી તે રસ્તા તરફ જોઈ રહી આજ તેનુ કાર્ય હતુ, આ કાર્ય કરવા તે આવી હતી જ્યાં સુધી કલકત્તામા રહેશે ત્યા સુધી તે આ કાર્ય કરશે કોઇ નવીન માણસ તેની પાસે આવવાની ઈચ્છાથી

બારણા ઠલતો તો કેવલરામ તેને શીખવવામા આવ્યા પ્રમાણે 'અહી નહિ' કહેતો હતો

કોઇ જુનો ઓળખીતો માણસ આવતા ચદ્રમુખી તેને બેસાડી તેની સાથે હસીને વાત કરતી હતી વાતમાને વાતમાં તે દેવદાસની હકીકત પૂછતી, તેના તરફથી સતોપકારક ઉત્તર મળતો નહિ એટલે ચદ્રમુખી પોતે બ્હાર નીકળી પડતી હતી તે ગલીએ ગલીએ અને બારણે બારણે ફર્યા કરતી હતી છુપી રીતે બારણા પાસે ઉભી રહી કાન માડી અદરની વાત સાભળતી હતી વિવિધ માણસો વિવિધ વાતચિત કરતા સભળાતા હતા, પરતુ જે વાત સાભળવાની ઇચ્છા હતી તે સાભળવામા આવતી ન હતી કોઇ કોઈ પાછળથી એક એક આવી ચદ્રમુખીનો હાથ પકડવાનો પ્રયત્ન કરતુ, પણ ચદ્રમુખી તત્કાળ દૂર ખસી જતી હતી બપોરે ચદ્રમુખી તેની બ્હેનપણીઓને ઘેર જતી હતી તથા વાતમાને વાતમા પૂછતી કે, 'કોઈ દેવદાસને ઓળખે છે ?"

તેઓ સ્હામો પ્રશ્ન કરતી કે, "કયો દેવદાસ ?"

ચદ્રમુખી ઉત્સુક થઈ જઇ ઓળખાણ આપતી કે, ઘઉ વર્ણું શરીર છે, માથા ઉપર રૂક્ષ વાળ છે, કપાળની જમણી બાજૂએ એક વાનુ ચિહ્ન છે, પૈસાદાર માણસ છે, પાણીની માફક પૈસા ઉડાવ છે—વગેરે

આમ છતા કોઇ દેવદાસની ખબર આપી શકતુ નહિ નિરાશ બની ચિતાતુર મુખે ચદ્રમુખી ઘેર પાછી ફરતી હતી ગભીર રાત્રિ સુધી જાગી તે રસ્તા તરફ જોઇ રહેતી હતી ઉંઘ આવતા વિરક્ત થતી હતી મનમાં ને મનમા તે કહેતી, "આ ઉંઘવાનો વખત છે કે ?"

ધીમે ધીમે એક મહિનો પસાર થઇ ગયો કેવલરામ પણ અધીર બની ગયો દેવદાસ કલકત્તામા નથી એવો સદેહ ચદ્રમુખીને પણ થવા લાગ્યો આમ છતા આશાને પકડી રાખી, દેવતાના ચરણમાં એકાન્ત ચિત્તે પ્રાર્થના કરી તે દિવસો પસાર કરવા લાગી

કલકત્તા આવ્યા પછી દોઢ માસ પસાર થઇ ગયો હતો આજે રાત્ર ચદ્રમુખીનુ ભાગ્ય પ્રસન્ન થયુ એ વખતે રાતના

અગીઆર વાગ્યા હતા નિરાશ બની ચદ્રમુખી ઘેર પાછી ફરતી હતી, એવામા રસ્તાની બાજૂએ એક માણુસને પડી રહી પોતાની મરજી પડે એમ બકતો તેણે જોયો ચદ્રમુખીનુ હૃદય એકાએક ધબકી ઉઠ્યુ એ કઠસ્વર પરિચિત હતો ! કરોડ લોકોની અદ રથી પણ ચદ્રમુખી એ અવાજને ઓળખી શકત એ સ્થળે સહજ અધકાર હતો પેલો માણુસ દારૂ પી ભાનસાન ગુમાવી જમીન ઉપર આડો પડયો હતો ચદ્રમુખીએ નજીક જઇ તેના શરીરને હાથ લગાડી કહ્યુ –"તમે કોણુ છો ? આવી રીતે અહી કેમ પડી રહ્યા છો ?"

એ માણુસે સૂર કાઢી કહ્યુ —

"સાભળ મ્હારી સજની, તુ કયાં રમી આવી રજની ?"

ચદ્રમુખીને સહજ પણ સદેહ રહ્યો નહિ તેણે કહ્યુ — " દેવદાસ ?"

દેવદાસે પડી રહીને કહ્યુ —"હુ છુ "

"અહીં શા માટે પડી રહ્યા છો ? ઘેર આવો છો ?"

"ના—અહી સારૂ છે "

"થોડો દારૂ પીવો છે ?"

"હા," કહી તે ચદ્રમુખીના ગળામા વળગી પડયો તથા કહ્યુ, "આવુ ઉદાર સ્નેહી કોણુ છે ?"

ચદ્રમુખીનાં નેત્રામાંથી આંસુ સરી પડવા લાગ્યાં દેવદાસે માહા મહેનતે લથડીઆં ખાતાં ખાતા ચદ્રમુખીનુ ગળુ પકડી કોઇ પણુ રીતે ઉઠી ઉભા થઇ થોડી ક્ષણુ સુધી ચદ્રમુખીના મ્હોં તરફ જોઈ કહ્યુ —"વાહ ! આ તો ઘણી સુદર વસ્તુ છે !"

ચદ્રમુખીના રૂદનમાં હાસ્ય ભળ્યુ તે બોલી —"હા, સુદર છે હવે મ્હારા ખભા ઉપર હાથ મૂકી આગળ ચાલો, એક ગાડી કરી લઇએ "

દેવદાસે ચદ્રમુખીના ખભા ઉપર હાથ મૂકી ચાલતાં ચાલતા કહ્યુ — "સુદરિ ! તુ મ્હને ઓળખે છે કે ?"

ચદ્રમુખીએ ઉત્તર આપ્યો —"હા, ઓળખુ છુ "

ચંદ્રમુખી સાથે ગાડીમાં બેસી દેવદાસ તેને ઘેર ગયો દ્વાર નજીક ઉભા રહી લથડતાં લથડતા ખીસ્સામા હાથ નાખી તેણે

કહ્યુ, "સુદરી! તુ ઉપાડી લાવી, પણ ખીસ્સુ ખાલી છે"

ચદ્રમુખીએ ચુપકીદીથી તેનો હાથ ખેચી બિછાના પાસે લઇ જઈ તેમા તેને સૂવાડી દઇ કહ્યુ –"ઉઘી જાઓ"

દેવદાસે અસ્પષ્ટ સ્વરે કહ્યુ –"કાંઈ મતલબ છે કે શુ ? મ્હે કહ્યુ તો ખરૂ કે, ખીસ્સુ ખાલી છે,—તને કાઈ મળે તેમ નથી, સમજી કે રૂપસુદરી?"

રૂપસુદરી એ સમજી હતી તેણે કહ્યુ --"કાલે આપજો"

દેવદાસે કહ્યુ –"એટલો બધો વિશ્વાસ ઉચિત નથી શુ જોઇએ છીએ તે કહે?"

ચદ્રમુખીએ કહ્યુ –"કાલે સાભળજો," આમ કહી તે પાસેના ખડમાં ચાલી ગઈ

દેવદાસની ઊઘ ઉડી ત્યારે વેળા થઇ ગઇ હતી એ ઓરડામા કોઈ નહોતુ

ચદ્રમુખી સ્નાન કરી નીચે રસોઈ બનાવતી હતી દેવદાસે જોયુ કે, એ મકાનમા તે ક્દાપિ આવ્યો નહોતો ઘરની એક પણ વસ્તુને તે ઓળખી શક્યો નહિ ગઈ રાતની કોઈ પણ વાત તેને યાદ આવી નહિ કેવળ એક વ્યક્તિની આતરિક સેવાનુ તેને સ્મરણ થઇ આવ્યુ કોઈએ જાણે ઘણા સ્નેહથી ખેચી લાવી તેને સૂવાડી દીધા હતો એવામા ચદ્રમુખીએ એ ઓરડામા પ્રવેશ કર્યો રાતની સાજ સજ્જામા તેણે ઘણો ફેરફાર કરી નાખ્યો હતો શરીર ઉપર ઘરેણા જો કે હતાં, પરતુ ફૂલ્ની ગવન, કપાળમાની ટિપકી, મુખ ઉપરના પાનના ડાઘ વગેરેમાંનુ કાઈ નહોતુ તદ્દન સાદુ વસ્ત્ર પહેરી તે દેવદાસ પાસે ઉપસ્થિત થઇ હતી દેવદાસે તેના મુખ તરફ જોઈ હસી પડી કહ્યુ —"કાલે કયા સ્થળે લૂટ કરી મ્હને ઉપાડી લાવી?'

ચદ્રમુખીએ કહ્યુ –"લૂટ કરી નથી, કેવળ રસ્તામાથી ઉપાડી લાવી છુ"

દેવદાસે એકાએક ગભીર બની કહ્યુ –"એ તો જાણે સમજ્યો, પણ ત્હારામા આવો ફેરફાર ક્યાથી? શરીર ઉપર ઘરેણા પણ સમાતા નથી એ ઘરેણા કોણે આપ્યાં?"

ચંદ્રમુખીએ દેવદાસના મુખ તરફ તીવ્ર દષ્ટિપાત કરી કહ્યું, " પાછા—"

દેવદાસે હસીને કહ્યું—"ના ના, હું એમ નથી કહેતો. સાધારણ મજાક કરવામાં પણ દોષ છે કે ? ક્યારે આવી ?"

ચંદ્રમુખીએ કહ્યું—" દોઢ માસ થયો '

દેવદાસે મનમાં ને મનમાં કાંઇ હિસાબ કર્યો પછી પૂછ્યું —"મ્હારે ઘેર જઇ આવ્યા પછી તરત અહીં આવી છે, કેમ ?"

ચંદ્રમુખીએ વિસ્મીત બની કહ્યું—' હું તમારે ઘેર ગઈ હતી એ તમે કેવી રીતે જાણી શક્યા ?"

દેવદાસે ઉત્તર આપ્યો—" તું ચાલી ગઇ પછીથી હું ઘેર ગયો હતો. જે દાસી તને ભાભી પાસે લઈ ગઇ હતી તેને મુખે મ્હે એવી વાત સાંભળી હતી કે,—કાલે અશથઝુરી ગામથી એક ઘણી રૂપવતી સ્ત્રી આવી હતી એટલી વાત ઉપરથી હું બધું સમજી શક્યો હતો. ઠીક, આટલાં બધાં ઘરેણાં ફરી કેમ ઘડાવ્યાં ?"

ચંદ્રમુખીએ કહ્યું—"ઘડાવ્યાં નથી, બધાં ગિલ્ટ કરેલાં ઘરેણાં છે કલકત્તા આવીને ખરીદ્યાં છે વિચાર કરી જુઓ કે, તમારે માટે મ્હારે કેટલું નકામું ખર્ચ કરવું પડ્યું ! આમ છતાં કાલે તમે મ્હને ઓળખી પણ ન શક્યા "

દેવદાસે હસી પડી કહ્યું—' તને નહોતો ઓળખી શક્યો, પરંતુ ત્હારી સેવાને ઓળખી શક્યો હતો. ઘણી વખત એવો વિચાર આવ્યો હતો કે, મ્હારી ચંદ્રમુખી સિવાય આટલી બધી સેવા બીજું કોણ કરે ?'

આનંદની અધિકતાથી ચંદ્રમુખીને રડવાની ઈચ્છા થઈ આવી થોડી ક્ષણ ચુપ રહ્યા પછી તેણે કહ્યું—"દેવદાસ ! હવે મ્હારો પહેલાના જેટલો તિરસ્કાર કરતા નથી, ખરૂં ને ?"

દેવદાસે કહ્યું—"ખરૂં છે હવે ઉલટો હું તને ચાહું છું"

બપોરે દેવદાસ સ્નાન કરતો હતો એ વખતે ચંદ્રમુખીએ એના પેટ ઉપર ફલાનેલનો એક કટકો બાંધેલો જોયો ભયભીત બની તેણે કહ્યું—"આ શું ? ફલાનેલ કેમ બાંધી છે ?"

દેવદાસે કહ્યું—"પેટમાં થોડો દુખાવો થાય છે તું ચિંતાતુર કેમ બની ગઇ ?"

ચંદ્રમુખીએ કપાળ ઉપર હાથ પછાડી કહ્યું—"સર્વ નાશ તો નથી કર્યો ને? લીવરમાં દુઃખ નથી થયું ને?"

દેવદાસે હસીને કહ્યું —"ચંદ્રમુખી, લીવરનું દર્દ થયું હોય એમજ લાગે છે" તે દિવસે ડૅાકટરે આવી ઘણા સમય સૂધી પરીક્ષા કરી લીવરનું દર્દ હોવાનું જણાવ્યું તેણે ઔષધ આપ્યું તથા જો પૂરતી સાવધાનતા નહિ રાખવામાં આવે તો વિષમ અનર્થ થશે એમ કહ્યું એ શબ્દોનો અર્થ બન્ને સમજ્યાં! ઘેર ખબર મોકલી ધર્મદાસને તેડાવવામાં આવ્યો ચિકિત્સા માટે બૅંકમાથી રૂપિયા મંગાવવામાં આવ્યા બે દિવસ વીતી ગયા ત્રીજે દિવસે દેવદાસને તાવ આવ્યો તેણે ચંદ્રમુખીને બોલાવી કહ્યું —"બરાબર વખતે આવી પહોચી નહિ તો કદાચ મુલાકાત ન થાત"

આંખો લુછી ચંદ્રમુખી જીવ પાથરી ચાકરી કરવા લાગી બન્ને હાથ જોડી તેણે પ્રાથના કરી —'હે ભગવાન્! કંઈ વખતે આટલા કામમાં આવીશ એવી આશા સ્વપ્નમાં પણ ન હોતી કરી તમે દેવદાસને સાજા કરો"

લગભગ એક મહિના સૂધી દેવદાસ બિછાનામાં પડી રહ્યો ત્યાર પછી ધીમે ધીમે તેને આરામ થવા લાગ્યો, દર્દે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું નહિ

એવામાં એક દિવસે દેવદાસે કહ્યું—"ચંદ્રમુખી, ત્હારૂં નામ બહુ મ્હોટું છે હાંક મારતાં અડચણ થાય છે હું એને ન્હાનું કરી નખવા ઇચ્છું છું"

ચંદ્રમુખીએ કહ્યું —"ભલે"

દેવદાસે કહ્યું —"ત્યારે આજથી હું તને વહુ કહીને બોલાવીશ"

ચંદ્રમુખી હસી પડી તેણે કહ્યું —"ભલે તેમ કહેજો, પરંતુ કાંઇ અર્થ તો હોવો જોઈએ!"

"બધી વાતોના અર્થ હોય છે કે?"

જો ઇચ્છા હોય તો વહુ કહીને બોલાવજો પરંતુ શા કારણથી એવી ઇચ્છા થઇ છે એ પણ નહિ નહો કે?"

"ના, એ કારણ કદાપિ પૂછીશ નહિ"

ચંદ્રમુખીએ મસ્તક હલાવી કહ્યું —" ઠીક, નહિ પૂછું "

દેવદાસ ઘણા સમય સુધી ચુપ રહ્યા પછી એકાએક ગંભીર ભાવથી પૂછ્યું —"વહુ ! તું મ્હારી કોણ છે કે આવી રીતે તન તોડીને સેવા કરે છે?"

ચંદ્રમુખી શરમાળ વહુ નહોતી અને અબોધ બાળિકા પણ નહોતી દેવદાસના મુખ તરફ શાન્ત દૃષ્ટિથી જોઇ સ્નેહજડિત કંઠે તેણે કહ્યું —" તમે મ્હારૂં સર્વસ્વ છો એ આજે પણ નથી સમજી શકયા કે ?"

દેવદાસ દિવાલ તરફ જોઈ રહ્યો હતો, તે તરફ જોઇ રહી ધીમે ધીમે તેણે કહ્યું —"સમજી શકયો છું, પરંતુ તેથી જોઈએ એવો આનંદ થતો નથી પાર્વતીને હું કેટલી બધી ચાહું છું, એ મ્હને કેટલો બધો ચાહે છે, છતાં એમાં કેટલું દુઃખ છે! ઘણું દુઃખ મળતાં એવા માર્ગે ફરી પગ નહિ મૂકવાનો મ્હેં વિચાર કર્યો હતો, ઇચ્છાપૂર્વક મ્હેં પગ મૂકયો પણ નથી, છતાં તે શામાટે આમ કર્યું ? તે જોર કરી મ્હને શામાટે બાંધ્યો ?"

ચંદ્રમુખી મ્હો ઉપર વસ્ત્રનો પાલવ દબાવી બિછાનાને એક છેડે ચુપકીદીથી બેસી રહી દેવદાસ ફરી મૃદુકંઠે કહેવા લાગ્યો— "તમારા બન્નેમાં કેટલું મળતાપણું છે અને કેટલી વિરૂદ્ધતા છે. એક જણ અભિમાની અને ઉદ્ધત છે ત્યારે બીજું શાન્ત તથા સંયત છે ! એ કાંઈ સહન કરી શકતી નથી ત્યારે તું પુષ્કળ સહન કરી શકે છે ! તે યશવતી અને કીર્તિવતી છે ત્યારે લોકો તને કલંકિની તરીકે ઓળખે છે! સહુ એને ચાહે છે ત્યારે તને કોઇ ચાહતું નથી છતાં હું તો તને ચાહું છું જ અને ચાહીશ "

આમ કહી એક ગાઢ નિશ્વાસ મૂકી તે ફરીથી બોલ્યો — "પાપપુણ્યનો ન્યાય કરનાર ત્હારો શો ન્યાય કરશે એ હું જાણતો નથી, પરંતુ મૃત્યુ પછી જો ફરીથી મેળાપ થશે તો હું ત્હારાથી કદાપી દૂર રહી શકીશ નહિ "

ચંદ્રમુખીએ ચુપકીદીથી રડી હૃદયનો ભાર હલકો કર્યો મનમાં ને મનમાં તે પ્રાર્થના કરવા લાગી —"ભગવાન્ ! જો કોઇ કાળે, કોઈ જન્મે આ પાપિષ્ઠાનું પ્રાયશ્ચિત્ત થાય તો મ્હને એજ પુરષ્કાર આપજો !"

બે મહિના પસાર થઈ ગયા હતા દેવદાસે આરોગ્ય મેળવ્યુ હતુ, પરંતુ શરીર બરાબર સુધર્યું નહોતુ, હવાફેર કરવાની ખાસ જરૂર હતી કાલે તે પશ્ચિમ તરફ ફરવા જવાનો હતો તથા સાથે એકલા ધર્મદાસને લેવાનો હતો

ચંદ્રમુખી આગ્રહપુર્વક કહ્યા કરતી હતી કે, 'તમારે એક દાસીની પણ જરૂર છે, મ્હને સાથે આવવા દ્યો"

દેવદાસે કહ્યુ –"એમ તો નજ બને બીજુ ગમે તે કરૂ પણ મ્હારાથી એટલા બધા બેશરમ નહિજ થઇ શકાય"

ચંદ્રમુખી ચુપ થઇ ગઇ તે મૂર્ખ ન હોતી તેથી સઘળુ સમજી ગઈ બીજુ ગમે તેમ હો, પણ આ દુનિયામા તેને ઇજ્જત ન હોતી તેના સહવાસથી દેવદાસને સુખ મળે તેમ હતુ, સેવા મળે તેમ હતી, પરંતુ સન્માન મળે તેમ ન હોતુ આંખો લુછી તેણે કહ્યુ —"ફરી ક્યારે દર્શન થશે ?"

દેવદાસે કહ્યુ —"કાંઈ નક્કી કહી શકતો નથી છતાં જીવતો હોઇશ ત્યાં સુધી એક દિવસને માટે પણ હુ તને ભુલીશ નહિ તને જોવાની મ્હારી તૃષ્ણા કદાપી મટશે નહિ"

પ્રણામ કરી ચંદ્રમુખી દૂર ખસી ગઇ ધીમે ધીમે તે બોલી —"એજ પુરતુ છે એથી વિશેષ આશા હુ રાખતી નથી"

જતી વખતે બીજા બે હજાર રૂપિયા ચંદ્રમુખીના હાથમા આપી કહ્યુ –"ત્હારી પાસે રાખ મનુષ્યના શરીરનો કાંઈ ભરોસો નથી તુ ભવિષ્યમા સુખમા રહી શકે એવી મ્હારી ઈચ્છા છે"

ચંદ્રમુખીએ અંદરનો અર્થ સમજી એ રૂપિયા લઈ લીધા આંખો લુછી તેણે પુછ્યુ —"એક વાતનો ઉત્તર મ્હને આપતા જાઓ"

દેવદાસે તેના મુખ તરફ જોઇ કહ્યુ --"બેલાશક પુછ"

ચંદ્રમુખીએ કહ્યુ –"તમારાં ભાભી એમ કહેતાં હતા કે, તમારે શરીરે ખરાબ રોગ થયો છે, એ શુ ખરૂ છે ?"

આ પ્રશ્ન સાંભળી દુખિત થઈ દેવદાસે કહ્યુ –"ભાભી જે ન કહે તે ઓછુ, પરંતુ તુ શુ નથી જાણતી ? મ્હારી કઇ વાત ત્હારાથી અજાણી છે ? એક વિષયમા તુ પાર્વતી કરતા પણ વિશેષ છે"

ચંદ્રમુખીએ ફરી એક વખત આંખો લુછી કહ્યું — સમજી. પરંતુ ઘણા સાવધ રહેજો તમારૂં શરીર બીમાર છે માટે ભૂલ કરી બેસતા નહિ" ઉત્તરમા દેવદાસ કેવળ હસ્યો તે કાંઈ બોલ્યો નહિ

ચંદ્રમુખીએ કહ્યું —"બીજી એક ભિક્ષા માગું છું, શરીર સહજ પણ બગડે તો તરત મ્હને ખબર પહોંચાડજો '

દેવદાસ તેના મુખ તરફ જોઇ મસ્તક હલાવી બોલ્યો —' વહુ ! ખબર પહોંચાડીશ "

ફરી એક વખત પ્રણામ કરી સજળનયને ચંદ્રમુખી પોતાના ખંડમા ચાલી ગઈ

પ્રકરણ ૧૬ મુ

જીવન નાટકનો હૃદયવિદારક અંત

[illegible]કત્તા છોડયા પછી થોડા દિવસ માટે દેવદાસ જ્યારે અલ્હાબાદ રહ્યો હતો ત્યારે એકાએક એક દિવસ તેણે ચદ્રમુખીને પત્ર લખ્યો હતો કે, “વહુ ! ફરીથી કદાપિ પ્રેમમા નહિ પડવાનો મેં વિચાર કર્યો હતો પ્રેમ કર્યા પછી તેમાથી નીકળવુ મુશ્કેલ છે તે ઉપરાત ફરીથી પ્રેમ કરવા જવુ એના જેવી વિડબના સમારમા બીજી એક પણ નથી ’

પ્રત્યુત્તરમા ચદ્રમુખીએ શુ લખ્યુ હતુ એ જાણવાની જ[illegible] [illegible] પરતુ દેવદાસને એ વખતે એવુ થયા કરતુ હતુ કે, “એક વખત એ આવે તો કેવુ !”

બીજેજ ક્ષણે ભયસહિત તે વિચારતા કે, ‘ના—ના, [illegible] જરૂર નથી કોઈ દિવસે એ વાત પાર્વતીના જાણવામા આવે તો !” આવી રીતે એક વખત પાર્વતી અને બીજી વખત ચદ્રમુખી [illegible]દાસના હૃદય રાજ્યમા વાસ કરતી હતી કવચિત્ બન્નેના મુખ સાથે સાથેજ તેના હૃદયપટ ઉપર તરી આવતા હતા જાણે કે બન્ને વચ્ચે પુષ્કળ પ્રમભાવ કેમ ન હોય !

મનની અદર બન્ને જણીઓ પાસે પાસે વિરાજ્યા કરતી હતી [illegible] દિવસે એકાએક દેવદાસને એમ લાગતુ કે, એ બન્ને [illegible]ઓ જાણે કે [illegible] ગઈ છે એ વખતે તેનુ મન એવુ [illegible] બની જતુ હતુ કે, કેવળ એક નિર્જીવ અતૃપ્તિ [illegible] મનની અદર મિથ્યા પ્રતિધ્વનિની માફક ફર્યા કરતી પછી [illegible] લાહોર ચાલ્યો ગયો ત્યા ચુનીલાલ નોકરી કરતો હોઈ [illegible] મળતા તે દેવદાસને મળવા આવ્યો ઘણા દિવસ પછી બન્ને [illegible] એક બીજાને જોઈ શરમાયા તથા સુખી પણ થયા પુન [illegible] સુરાને સ્પર્શ કર્યો ચદ્રમુખીએ નિષેધ કરેલો હોવાથી તે [illegible] આવતી હતી ! તેને એમ લાગતુ હતુ કે, ‘એ કેવી બુધ્ધિ [illegible] પ્રેમથી [illegible] છે ’ હવે પાર્વતી [illegible] હતી મુઝાઈ જવુ આવશ્ય[illegible] પરિણામની માફક કવચિત્

ક્વચિત્ તે પ્રકાશી નીકળતી હતી લાહોરના હવા પાણી દેવદાસને માફક આવ્યાં નહિ વચ્ચે વચ્ચે દર્દ થતુ હતુ, પેટની નજીક પાસુ જાણે કે દુ ખ થતુ હતુ ધર્મદાસે એક દિવસે રડવા જેવુ મ્હોં કરી કહ્યુ —"દેવતા ! તમારૂ શરીર પાછું બગડે છે-ચાલો, બીજા કોઇ સ્થળે જઈએ "

દેવદાસે અસ્થિર ભાવથી ઉત્તરમાં કહ્યુ - -"ભલે, જઇશુ "

દેવદાસ ખાસ કરીને પોતાના મુકામે દારૂ પીતો નહિ ચુની લાલ આવતો ત્યારેજ પીતો અને કોઇ દિવસે બ્હાર ચડયો જતો રાત્રિ વીતી જવા આવતાં મુકામે પાછો ફરતો, તથા કોઇ રાત્રે બિલકુલ પાછો ફરતો નહિ આજે બે દિવસથી એકાએક તે અદૃશ્ય થઈ ગયો હતો ધર્મદાસ રડયા કર્યો તેણે અન્નજળને પણ સ્પર્શ કર્યો નહિ ત્રીજે દિવસે તાવ લઇ દેવદાસ પોતાના મુકામ ઉપર આવ્યો તે બિછાના વશ થયો તેનાથી ઉઠી નકાયુ નહિ ત્રણ ચાર ડૉકટરો આવી દવા કરવા લાગ્યા

ધર્મદાસે કહ્યુ —"દેવતા ! કાશી બાને ખબર મોકલીશુ ?"

દેવદાસ તત્કાળ બોલી ઉઠયો —"ના-ના, બાને આ કાળુ મ્હોં હુ હવે કેવી રીતે બતાવી શકુ ?"

ધર્મદાસે પ્રતિવાદ કરી કહ્યુ —"રોગ શોક સહુને લાગેલો છે આવા ભીષણ સકટ વખતે માતાથી મ્હો છુપાવવુ ઉચિત છે કે ? દેવતા ! તમારે શરમાવાનુ કારણ નથી, કાશી ચાલો "

દેવદાસે મ્હો ફેરવી કહ્યુ —"ના ધર્મદાસ ! આ વખતે તેમની પાસે આવી શકીશ નહિ આરામ થયા પછી જઇશુ "

એક વખત ચદ્રમુખીનો ઉલ્લેખ કરવાની ધર્મદાસને ઇચ્છા થઇ, પરતુ તે પોતે એની એટલી બધી ઘૃણા કરતો હતો કે, તેના મ્હોં યાદ આવતાં જ ચુપ રહ્યો

દેવદાસને પોતાને પણ ઘણી વખત એ વાત યાદ આવતી હતી, પરતુ કોઇ વાત કહેવાની ઇચ્છા થતી નહિ આમ હોવાથી કોઈ આવ્યુ નહિ ત્યાર પછી ઘણા દિવસ વીતી ગયા અને દેવદાસ ધીમે ધીમે સાજો થવા લાગ્યો એક દિવસે ઉઠી બેઠા થઇ તેણે કહ્યુ —"ચાલ ધર્મદાસ ! હવે બીજા કોઈ સ્થળે જઇએ,"

"બીજા કોઈ સ્થળે જવાની જરૂર નથી ઘેર ચાલો અગર બા પાસે ચાલો "

સરસામાન બાંધી ચુનીલાલ પાસે વિદાય લઇ દેવદાસ પાછો અહ્હાબાદ ઉપસ્થિત થયો-શરીર ઘણા અંશે સુધર્યું હતુ થોડા દિવસ ત્યાં રહ્યા પછી એક દિવસે તેણે ધર્મદાસને કહ્યુ -"ધર્મદાસ? કોઇ નવી જગ્યાએ જઈએ તો કેમ? મુબાઈ કદિ જોયુ નથી, ત્યાં જઇશુ?"

દેવદાસનો આગ્રહ જોઈ નામરજી હોવા છતા ધર્મદાસે હા પાડી જયેષ્ઠ માસ ચાલતો હતો મુબાઇ શહેરમા વિશેષ ગરમીનો અનુભવ થતો ન હોતો મુબઇ આવી દેવદાસ ઘણા અંશે આરોગ્ય મેળવી શકયો

ધર્મદાસે પૂછ્યુ —"દેવતા! હવે ઘેર જઈશુ ?"

દેવદાસે કહ્યુ —"ના, અહીજ ઠીક છે , અહીજ થોડા દિવસ રહેવાને ઇચ્છુ છુ "

* * *

એક વર્ષ પસાર થઈ ગયુ હતુ ભાદ્ર માસની સ્હવારે એક દિવસે દેવદાસ ધર્મદાસને ખભે હાથ રાખી જે જે હૉસ્પિટલની બ્હાર નીકળી ગાડીમા બેઠો ધર્મદાસે કહ્યુ —"દેવતા! હુ કહુ છુ કે, બા પાસે જવુ જ સારૂ છે"

દેવદાસની બન્ને આખમા આંસુ ભરાઈ આવ્યા આજે કેટલાક દિવસથી તેને માતાનુ સ્મરણ થયા કરતુ હતુ હૉસ્પિટલમા રહી વારવાર તેણે માતાને જ યાદ કરી હતી આ સસારમા બધળા સગા હોવા છતાં જાણે તેનુ એક પણ સગુ ન હોવુ! માતા હતી, મ્હોટો ભાઈ હતો, બ્હેન કરતાં પણ અધિક પાર્વતી હતી, ચદ્રમુખી હતી—સહુ હોવા છતા તે હવે જાણે કે કોઈનો ન હોતા ધર્મદાસ રડતો હતો તેણે કહ્યુ —"દેવતા! બા પાસ જવાનો વિચાર નક્કી છે ને?"

દેવદાસે મ્હો ફેરવી આંખો લુછી તેણે કહ્યુ —"ના ધર્મદાસ, આ મ્હો બાને બતાવવાની ઇચ્છા નથી હજી મ્હારો એ વખત આવ્યો હોય એમ લાગતુ નથી "

• વૃદ્ધ ધર્મદાસે હાઉ હાઉ કરી રડી પડીને કહ્યુ —"ભાઈ! મ્હારૂ કહેવુ માનો"

એ શબ્દોમા કેટલી બધી લાગણી ભરેલી હતી એ બન્ને જણા પોતાના અતરમા સમજ્યા દેવદાસની સ્થિતિ ઘણી ખરાબ થઇ ગઇ હતી આખુ પેટ લીવરના વધવાથી ફુલી ગયુ હતુ તે ઉપરાંત તાવ આવતો હતો તથા ખાસીનુ જોર હતુ શરીરનો રગ ગાઢ શ્યામ થઈ ગયો હતો, શરીર હાડકાના માળા જેવુ સકાઇ ગયેલુ નજરે પડતુ હતુ બન્ને આખો ઘણી ઉડી ઉતરી ગઈ હતી કેવળ એક પ્રકારની અસ્વાભાવિક ઉજ્વળતાથી તે ચકચક કરતી હતી માથા ઉપરના વાળ બરછટ થઈ ગયા હતા યત્ન કરતા ગણી શકાય એમ લાગતુ હતુ હાથની આગળીઓ તરફ જોતા ઘૃણા ઉપજતી હતી તેના ઉપર ખરાબ રોગનાં ચિહ્ન જણાતાં હતા સ્ટેશને જઇ પહોચ્યા પછી ધર્મદાસે પૂછ્યુ —"દેવતા! ક્યાની ટિકીટ લાવુ ?"

દેવદાસે વિચાર કરી કહ્યુ —"ચાલ ઘેર જઇએ પછી બધુ થઇ રહેશે"

ગાડીનો વખત થતા તેઓ હુગલીની ટિકીટ લઇ બેસા ધર્મદાસ દેવદાસની પાસે જ રહ્યો સધ્યાકાળ પુર્વે જ આખો બળવા લાગી અને દેવદાસને ફરીથી તાવ આવ્યો ધર્મદાસને તેણે કહ્યુ —"ધર્મદાસ! આજે ઘેર પહોચી શકાય એમ લાગત નથી!"

ધર્મદાસે ભય પામી પૂછ્યુ —"આમ કેમ કહો છો ?"

દેવદાસે હસવાનો પ્રત્યન કરી કહ્યુ —પાછો તાવ આવ્યો છે'

કાશીનો રસ્તો પસાર થઈ ગયો ત્યારે દેવદાસ તાવથી બેહોશ હતો પટના નજીક જઇ પહોચતાં તે શુધ્ધિમા આવ્યો તેણે કહ્યુ —"ધર્મદાસ! બાની પાસે જવાનુ ન જ બન્યુ"

ધર્મદાસે કહ્યુ —"દેવતા! ચાલો, આપણે પટના ઉતરી પડી ડૉક્ટરને શરીર બતાવીએ"

ઉત્તરમા દેવદાસે કહ્યુ —"ના, ઘેરજ જઇએ"

ગાડી જ્યારે પાણ્ડુયા સ્ટેશને જઈ પહોચી ત્યારે મળસ્કુ

થયુ હતુ આખી રાત વરસાદ પડયો હતો તથા હમણાંજ બંધ થયો હતો દેવદાસ ફરી ઉભો થયો નીચે ધર્મદાસ ઉંઘી ગયો હતો ધીમે ધીમે દેવદાસે એક વખત તેના લલાટને સ્પર્શ કર્યો, લજ્જાથી તેને જગાડી શકયો નહિ ત્યાર પછી ડબ્બાનુ બારણુ ઉઘાડી ધીમે ધીમે બ્હાર નીકળી પડયો સુઇ રહેલા ધર્મદાસને લઈ ગાડી ચાલી ગઈ કંપતા કંપતા દેવદાસ સ્ટેશનની બ્હાર નીકળ્યો એક ઘોડાગાડીના ગાડીવાનને બોલાવી તેણે કહ્યુ — "ભાઇ! મ્હને હાતીપોતા ગામે લઇ જઈ શકીશ ?"

તેણે એક વખત દેવદાસના મુખ તરફ અને પછી આકાશ અવળ જોયુ પછી તેણે કહ્યુ —"ના બાબુ! રસ્તો સારો નથી આવા વરસાદના દિવસમા ઘોડાગાડી ત્યા જઈ શકશે નહિ"

દેવદાસે ચિંતાતુર બની પૂછ્યુ —" પાલખી મળી શકશે ?"

ગાડીવાને ઉત્તર આપ્યો —" ના "

આ શંકાથી દેવદાસ બેસી પડયો ત્યારે શુ જવાનુ નહિ બની શકે ? તેના મુખ ઉપર તેની અંતિમ અવસ્થા ગાઢ મુદ્રિત હતી એ અંધ મુગ્ધા વાચી શકે તેમ હતુ

ગાડીવાને આર્દ્ર થઇ કહ્યુ —" બાબુ ! એક બળદગાડી નક્કી કરી આપુ ?"

દેવદાસે પૂછ્યુ — ' ગાડુ કેટલા વખતમાં પહોચશે ?"

ગાડીવાન બોલ્યો —" રસ્તો સારો નથી એમ લાગે છે કે, બે દિવસ થશે "

દેવદાસ મનમાં ને મનમા હિસાબ કરવા લાગો —" બે દિવસ જીવતો રહી શકીશ કે ? કોઇ પણ રીતે પાર્વતી પાસે જવુ જ જોઇએ " પછી પોતાની ઘણી અસત્ય વાતો અને અસત્ય આચરણુનુ તેને સ્મરણ થઇ આવ્યુ છેલ્લા દિવસનો કબુલત પાળવાનો તેણે નિશ્ચય કર્યો હતો જીવનની મુદત પુરી થવા આવી હતી એ જ ભયની વાત હતી !

દેવદાસ જ્યારે ગાડામા બેઠો ત્યારે માતાની વાત યાદ આવતા તેની આખો ફાટી જળ પડવા લાગ્યુ બીજા એક સ્નેહ કોમળ મુખે આજે જીવનની છેલ્લી ક્ષણે અત્યંત પવિત્ર થઇને

દર્શન દીધુ,—એ મુખ ચદ્રમુખીનુ હતુ ! પાપિષ્ઠા કહીને હમ્મેશા જેનો તેણે તિરસ્કાર કર્યો હતો તેને જ આજે જનની પાસે ગારવ સહ પ્રકાશી નીકળતી જોઇ આખોમાથી ઝર ઝર કરતુ જળ વહેવા લાગ્યુ આમ છતા પાર્વતી પાસે જવુ જ જોઈએ ! દેવદાસે ફરી એક વખત તેને મળવાની પ્રતિજ્ઞા કરી હતી। આજે એ પ્રતિજ્ઞા તેને પૂર્ણ કરવી હતી ! રસ્તો સારો ન હોતો કોઇ કાઇ કીચ્ચડથી ભરાઇ ગયો હતો ખાડા ટેકરાઓનો પાર ન હોતા ગાડુ 'હટર હટર' અવાજ કરતુ ચાલવા લાગ્યુ કોઇ સ્થળે ગાડીવાનને નીચે ઉતરી પૈડા ધકેલવા પડયા તથા કોઇ સ્થળે બન્ને બળદને નિર્દય રૂપથી પ્રહાર કરવો પડયો ગમે તે રીતે એ સોળ ગાઉનો રસ્તો પસાર કરવાનો હતો ! 'હુ હુ' કરતો કરતો ઠડો પવન ફુકાતો હતો આજે પણ સધ્યાકાળ પછી દેવદાસને પુર જોરથી તાવ આવ્યો તેણે ભયભીત બની પૂછ્યુ — "ગાડીવાન ! હજી કેટલો રસ્તો બાકી છે ?"

ગાડીવાને ઉત્તર આપ્યો —" હજી આ૦ દશ ગાઉ છે, બાબુ "

"ભાઈ ! જલ્દી લઈ ચાલ હુ તને ઘણા રૂપિયા બક્ષિસ આપીશ "

ખીસ્સામાં સો રૂપિયાની એક નોટ હતી તે બતાવીને કહ્યુ—" હુ તને સો રૂપિયા આપીશ જલ્દી લઇ ચાલ "

ત્યાર પછી કેવી રીતે આખી રાત વીતી ગઇ એ દેવદાસ જાણી પણ શકયો નહિ આખી રાત તે બેશુદ્ધ હાલતમા હતો સવારે શુદ્ધિમા આવતા તેણે કહ્યુ — ભાઇ ! હજી કેટલુ દૂર છે ? રસ્તો નહિજ ખૂટે કે ?"

ગાડીવાને કહ્યુ —"હજી છ ગાઉ છે

દેવદાસે ગાઢ નિ:શ્વાસ મૂકી કહ્યુ — "ભાઇ ! જરા ઉતાવળથી હાંક હવે વિશેષ વખત નથી "

ગાડીવાન સમજી શકયો નહિ, નવીન ઉત્સાહથી બળદોને હાંકતો ને ગાળાગાળી કરવા લાગ્યો ગાડુ બનતી ઉતાવળથી આગળ વધતુ હતુ, અને દેવદાસ અધીરતાથી અફસોસ કરતો હતો તેને કેવળ એમજ થયા કરતુ હતુ કે મુલાકાત થશે '

જીવનનો છેલ્લો શ્વાસ નીકળતાં પહેલાં પહોંચી શકાશે કે ?"

બપોરે ગાડી ઉભી રાખી, ગાડીવાન બળદોને ઘાસ નાખી પોતે આહાર કરી પાછો ગાડું હાંકવાની તયારી કરવા લાગ્યો. તેણે કહ્યું -"બાબુ ! તમે કાંઈ નહિ ખાઓ ?"

"ના ભાઈ ! તરસ ઘણી લાગી છે. થોડું પાણી લાવી આપીશ ?"

રસ્તા પાસની તળાવડીમાંથી ગાડીવાન પાણી લઈ આવ્યો. આજે સન્ધ્યાકાળ પછી તાવની સાથે દેવદાસના નાકમાંથી લોહીના બિંદુઓ બહાર નીકળવા લાગ્યા. ઘણા જોરથી દેવદાસે નાક દબાવી રાખ્યું. ત્યાર પછી દાંતમાંથી પણ લોહી નીકળતું હોય એમ લાગ્યું. શ્વાસ ઘણા જોરથી ચાલવા લાગ્યો. હાંફતાં હાંફતાં તેણે પૂછ્યું —"હજી કેટલું છેટું છે ?"

ગાડીવાને કહ્યું —"બે ગાઉ. રાત લગભગ દશ વાગ્યે પહોંચી શકાશે."

દેવદાસે મહાકષ્ટે ઉંચું જોઈ રસ્તા તરફ જોતાં કહ્યું — "હે ભગવાન !"

ગાડીવાને પૂછ્યું —"બાબુ ! આમ કેમ કરો છો ?"

દેવદાસ આ વાતનો ઉત્તર આપી શક્યો નહિ, ગાડું ચાલતું લાગ્યું પરંતુ દશ વાગ્યાને બદલે રાતના બાર વાગ્યે ગાડું હાતીપોતાના જમીનદારના ઉચ્ચ તથા વિશાળ મહાલયની સામે આવેલા વૃક્ષ નીચેના ચબુતરા પાસે ઉપસ્થિત થયું. ગાડીવાને કહ્યું —" બાબુ, હવે ઉતરો."

કાંઈ ઉત્તર મળ્યો નહિ. તેણે ફરીથી હાક મારી તો પણ ઉત્તર મળ્યો નહિ. પછી ભય પામી દીવાને મુખ પાસે લાવી તેણે પૂછ્યું —"બાબુ ! ઉંઘી ગયા કે ?"

દેવદાસ જોઈ રહ્યા હતા. ઓષ્ઠ હલાવી ને કાંઈ બોલ્યો, પરંતુ ઉચ્ચાર ન થયો. ગાડીવાને ફરીથી કહ્યું —"બાબુ !"

દેવદાસ હાથ ઉંચો કરવા ગયો, પણ કરી શક્યો નહિ. કેવળ તેની આંખોના બન્ને ખુણામાંથી બે અશ્રુબિંદુ બહાર નીકળી પડ્યાં. પછી ગાડીવાને બુદ્ધિ વાપરી, ચબુતરા ઉપર ઘાસ

નાખી એક બિછાનુ તૈયાર કર્યું પછી મહાકષ્ટે દેવદાસને ઉચકી જઈ તેના ઉપર સૂવાડયો એ સ્થળે બીજુ કોઇ હાજર ન હોતુ જમીનદારનુ ભવ્ય મકાન નિસ્તબ્ધ તથા નિદ્રિત હતુ દેવદાસે મહાકષ્ટે ખીસ્સામાથી સો રૂપીયાની નોટ બહાર કાઢી આપી ફાનસના પ્રકાશમા ગાડીવાને જોયુ કે દેવદાસ એના તરફ જોઈ રહ્યો હતો, પરતુ તે કાંઇ બોલી શકતો ન હોતો તેની સ્થિતિની કલ્પના કરી ગાડીવાને નોટ લઈ ફાળીઆના છેડા સાથે બાધી દીધી શાલથી દેવદાસના દેહને ઢાંકવામાં આવ્યો હતો સ્હામે ફાનસ સળગતુ હતુ ગાડીવાન દેવદાસના પગ પાસે બેસી ચિંતા કર્યા કરતો હતો

મળસ્કુ થયુ સ્હવાર થતા જમીનદારના મહાલયમાથી માણસો બ્હાર નીકળવા લાગ્યાં કેવો આશ્ચર્યજનક દેખાવ! ચબુતરા ઉપર એક ગૃહસ્થ પુરૂષ મરવા પડયો હતો! શરીરે શાલ, પગમા વિલાયતી સ્લીપર અને હાથ ઉપર વીંટી હતી! થોડા સમયમાજ પાર્વતીના પતિ ભુવન બાબુના કાને એ વાત ગઈ ડૉકટરને બોલાવવાનો બદોબસ્ત કરી તેઓ ચબુતરા પાસે આવી પહોચ્યા દેવદાસે સહુના મુખ તરફ જોયુ, પરતુ તેની વાચા અટકી ગઇ હતી તે એક પણ શબ્દનો ઉચ્ચાર કરી શકયો નહિ તેના નેત્રમાથી કેવળ અશ્રુજળ સરી પડવા લાગ્યુ ગાડીવાન જે કાઈ જાણતો હતો તે તેણે કહ્યુ, પરતુ તેથી કાઈ ચોકકસ બાતમી મળી નહિ ડૉકટરે આવી કહ્યુ—"શ્વાસ ચાલૂ થઇ ગયો છે, જલ્દી મૃત્યુ થશે"

સહુનાથી બોલી જવાયુ—'અરેરે!"

જમીનદારના અત પુરમા બેસી પાર્વતીએ પણ આ વાત સાભળી કહ્યુ—"અરેરે!"

કોઇ એક જણુ દયા કરી મુખમાં એક બિદુ જળ નાખી ગયુ દેવદાસે કરૂણ દૃષ્ટિથી એક વખત તેના તરફ જોયા પછી આખો મીચી ત્યાર પછી થોડો સમય તે જીવતો રહ્યો અને પછી તેના જીવનનો અત આવ્યો હવે અગ્નિ કોણ મૂકે, સ્પર્શ કોણ કરે, શી જાતે છે વગેરે પ્રશ્નો ઉપર તર્ક ચાલૂ થયો ભુવન બાબુએ નજીકના પોલીસ સ્ટેશને ખબર પહોંચાડી ઇન્સપેકટર

આવી તપાસ કરવા લાગ્યો લિવરના દર્દથી મૃત્યુ થયુ હતુ નાક તથા મુખ ઉપર લોહીના દાગ હતા ખીસ્સામાંથી બે કાગળ બ્હાર નીકળ્યા એક પત્રમા તાલસોનાપુરના દ્વિજદાસ મુખો પાધ્યાયે મુબઈના દેવદાસને લખ્યુ હતુ કે "હમણા રૂપીયા મોકલવાનુ બની શકે તેમ નથી ' બીજા એક પત્રમા કાશીની હરિમતી દેવીએ ઉક્ત દેવદાસને લખ્યુ હતુ, "શરીર કેમ છે ?"

ડાબા હાથ ઉપર અગ્રેજી અક્ષરમા નામના આદ્યક્ષર લખેલા હતા ઇન્સપેક્ટરે તપાસ કરી કહ્યું—"આ માણસ જ દેવદાસ છે।"

હાથ ઉપર આસમાની રગની રત્નવાળી વીટી હતી, તેની કિમ્મત આશરે દોઢસો રૂપયા હતી, શરીર ઉપર શાલ હોઇ તેની કિમ્મત આશરે બસો રૂપિયા હતી વસ્ત્રાદિ વગેરે સઘળી વસ્તુઓની ઇન્સ્પેક્ટરે યથા રીતિ નોધ કરી લીધી ભુવનબાબુ તથા તેમનો પુત્ર મહેન્દ્રનાથ એ વખતે પણ ત્યા હાજર હતા તાલસોનાપુરનુ નામ સાંભળી મહેન્દ્રે કહ્યુ, "મ્હારી નવી બાના ગામનો માણસ છે, તેઓ જુએ તો—"

ભુવનબાબુ બોલી ઉઠ્યા —"એ અહી મડદુ કબજે લેવા આવે કે ?"

ફોજદારે હસીને કહ્યુ —"ગાડા છે ગાડા !"

બ્રાહ્મણનો મૃતદેહ હોવા છતાં એ ગામડામા કોઈએ તેને સ્પર્શ કરવાની ઈચ્છા દર્શાવી નહિ તેથી ચડાળો આવી બાધીને શબદેહ લઈ ગયા પછી કોઇ સુકાઈ ગયેલા તળાવના કિનારે ચડાળોએ શબદેહને અર્ધદગ્ધ કરી પડી રહેવા દીધો કાગડા, સમડીઓ તેના ઉપર આવી બેઠા શીઆળ તથા કૂતરાએ શબનો કબજો લેવા કલહ કરવા લાગ્યા આમ છતા જે કોઈએ એ વાત સાંભળી તે 'અરેરે !' બોલી ઉઠયુ દાસ દાસીઓ કહેવા લાગ્યા, "કોઈ ધનવાન માણુસ હતો! બસો રૂપિયાની કિમ્મતની શાલ તથા દોઢસો રૂપિયાની કિમ્મતની વીંટી હતી ! એ બધુ હમણાં ફોજદાર-ના કબ્જામા છે. બન્ને કાગળ પણ તેમણે પોતાની પાસે રાખ્યા છે"

આ ખબર સ્હવારેજ પાર્વતીના સાંભળવામા આવી હતી, પરતુ આજકાલ કોઇ પણ વિષયમા તે વિશેષ લક્ષ્ય આપતી

ન હોતી તેથી એ પ્રકારને બરાબર સમજી શકી ન હોતી આમ છતા બધાં માણુસોને એ એકજ વાત કરતા જોઈ સધ્યા પૂર્વે એક દાસીને બોલાવી તેણે પુછ્યુ –" શુ થયુ છે ? કોણ મરી ગયુ છે ?"

દાસીએ કહ્યુ –" બા ! એ વાત કોઈ જાણતુ નથી પુર્વ-જન્મના સસ્કાર લખાયા હશે તેથી જ અહી મરવા આવ્યો હશે રાડીમાં આખી રાત ચબુતરા ઉપર પડી રહ્યો હતો આજે સ્હવારે નવ વાગ્યે મરી ગયો છે"

પાર્વતીએ ગાઢ નિશ્વાસ મકી પૂછ્યુ —" એ કોણ હતો તે માલુમ ના પડયુ કે ?"

દાસીએ કહ્યુ —" મહેન્દ્રભાઇ બધુ જાણે છે, હુ વિશેષ કાંઇ જાણુતી નથી"

મહેન્દ્રને બોલાવવામા આવ્યો તેણે કહ્યુ —" બા ! એ માણુસ તમારા ગામનો દેવદાસ મુખોપાધ્યાય હતો !"

પાર્વતીએ મહેન્દ્રની તદન પાસે જઇ તીવ્ર દષ્ટિપાત કરી પૂછ્યુ —" કોણ, દેવભાઇ ? કેવી રીતે જાણ્યુ ?"

" ખીસ્સામા બે પત્રો હતા, એક દ્વિજદાસ મુખો પાધ્યાયે લખ્યો હતો

પાર્વતીએ વચ્ચેજ કહ્યુ —" હા, તેમના મ્હોટા ભાઇ"

" બીજો પત્ર કાશીથી હરિમતી નામની બાઈએ લખ્યો હતો"

"બરાબર, એ તેમના માતા થાય છે"

" હાથ ઉપર અગ્રેજી નામ લખેલુ હતુ–"

" પહેલ વહેલા કલકત્તા ગયા ત્યારે લખાવ્યુ હતુ"

" એક આસમાની રત્નવાળી વીટી—"

"જનોઇ દેતી વખતે કાકામહાશયે આપી હતી હુ જાણુ છુ–"

આટલુ બોલતાંની સાથે પાર્વતી ત્યાથી દોડી નીચે ઉતરી પડી મહેન્દ્રે કિ કર્ત્તવ્યવિમૂઢ બની પુછ્યુ —" બા ! ક્યાં જાઓ છો ?"

" દેવભાઇની પાસે"

"હવે તેઓ નથી–ચડાળો લઇ ગયા છે"

" ઓ મારે ! ઓ મારે !' બોલી રડતી રડતી પાર્વતી દોડવા લાગી મહેન્દ્રે આગળ દોડી જઈ તેની સ્હામે ઉભા રહી કહ્યુ.–

"બા ! તમે ગાડા બની ગયાં કે શુ ? કયા જાઓ છો ?"

પાર્વતીએ તીક્ષ્ણ દૃષ્ટિથી મહેન્દ્રના મુખ તરફ જોઇ કહ્યુ -
"શુ તુ મ્હને ગાડી સમજે છે ? રસ્તો મૂક"

તેની આખો તરફ જોઈ મન્હેદ્ર રસ્તો છોડી તેની પાછળ
પાછળ જવા લાગ્યો પાર્વતી બ્હાર નીકળી પડી એ વખતે
બ્હાર કારભારી કામ કરતો હતો ભુવનબાબુ ત્યા હાજર હતા
ચસમા ઉપરથી જોઈ તેમણે કહ્યુ "કોણ જાય છે ?"

મહેન્દ્રે કહ્યુ —"મ્હારા બા"

"એ શુ ? કયા જાય છે ?"

મહેન્દ્રે કહ્યુ —" દેવદાસને જોવા"

ભુવનબાબુ ઉચ્ચ કંઠે બોલી ઉઠયા —"તમારી સહુની અક્ક-
લમા આગ લાગી છે કે, શુ ! પકડો—પકડો, એને જલ્દી પાછી
લાવો એ ગાંડી બની ગઇ છે ! ઓ મોહન ! ઓ ન્હાની વહુ !"

ત્યાર પછી દાસ દાસીઓએ દોડી જઈ પાર્વતીના મુર્છિત
દેહને મકાનની અંદર ખેંચી આણ્યો બીજે દિવસે તેની મુર્છાનો
ભંગ થયો, પરંતુ તે કાંઇ બોલી નહિ તેણે એક દાસીને બોલાવી
પુછ્યુ —"રાત્રે બિલકુલ આવ્યા નહોતા ને ?"

પછી પાર્વતી ચુપ રહી

હવે આટલા દિવસે પાર્વતીનુ શુ થયુ, તે કેમ છે એ
અમે જાણતા નથી, તેની ખબર લેવાની ઇચ્છા પણ થતી નથી
દેવદાસ માટે ઘણું દુ ખ થાય છે ! તમે જે કોઇ આ વાર્તા
વાચશો તે કદાચ મારી માફકજ દુ ખી થશો, તો પણ જો
કદાચ દેવદાસ જેવા હતભાગી, અસયમી પાપિષ્ઠ સાથે પરિચય
થાય તો તેને માટે એક વખત પ્રાર્થના કરજો બીજા માટે નહિ
તો તેના જેવુ મૃત્યુ ન થાય એ માટે તો જરૂર પ્રાર્થના કરજો !
મરણથી નુકશાન નથી, પરંતુ એ વખતે જાણે કે એક સ્નેહપૂર્ણ
હસ્તસ્પર્શ એના લલાટે પહોંચે—જાણે કે, એક કરુણાર્દ્ર સ્નેહમય
મુખ જોતા જોતા જીવનનો અંત આવે-મરતી વખતે જાણે કે,
કોઇની આંખમાં એક બિંદુ જળ જોઇ તે મરી શકે.

સમાપ્ત